અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 07 ઓક્ટોબર 2026 બુધવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા વદ - 12

વર્ષ : 18
અંક : 98

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ફ્રાન્સમાં શિક્ષકોની અછતને લઈને આંદોલન હિંસક બન્યું: બ્લાસ્ટમાં 15 વર્ષના વિદ્યાર્થીનો હાથ ઊખડી ગયો

4

ચૂંટણી વ્યવસ્થાને લઈને ખડગેનો સરકાર પર પ્રહાર, ત્રણ માંગણીઓ પર સમાધાન નહીં

6

'દુબઈના મુસ્લિમો સારા લાગે તો પાકિસ્તાની કેમ નહીં?': સિંગર મિકા સિંહના નિવેદનથી સોશિયલ મીડિયા પર હોબાળો

7

15 ઓક્ટોબરથી UPI પર 0.4% MDRનો વિવાદ: 83% દુકાનદારો ચાર્જ ભરવા તૈયાર નહીં, ગ્રાહકો પર બોજ પડ્યો તો .....

## NEWS BRIEF

### SIRના ફોર્મ-6 વિવાદ પર રાહુલ vs ભાજપ

#### BJP બોલી- સુપ્રીમ કોર્ટે તેને યોગ્ય ઠેરવ્યું, રાહુલે કહ્યું હતું- ગેરકાયદેસર ફેરફાર કરવામાં આવ્યા

ભાજપે મંગળવારે રાહુલ ગાંધીના ફોર્મ-6માં કરાયેલા ફેરફારને લઈને લગાવવામાં આવેલા આરોપોનો જવાબ આપ્યો. પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું કે ચૂંટણી પંચે ફોર્મ-6માં કોઈ ફેરફાર કર્યો નથી. SIR માટે તેની સાથે એક વધારાનું

ઘોષણાપત્ર જોડવામાં આવ્યું હતું. પાત્રાએ કહ્યું કે સુપ્રીમ કોર્ટે 27 મેના રોજ બિહારમાં SIRને યથાવત્ રાખ્યું હતું. કોર્ટે SIR માટે વધારાની દસ્તાવેજી પ્રક્રિયાની જરૂરિયાત સ્વીકારી હતી. 5 ઑક્ટોબરે સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેણે ફોર્મ-6ના કોઈ સુધારેલા સંસ્કરણને મંજૂરી આપી નહોતી.

CJI સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે ચૂંટણી પંચને નોટિસ ફટકારી. તેણે પૂછ્યું કે જો ફોર્મમાં ફેરફાર કરવામાં આવ્યો હોય, તો તે કોણે અને કયા અધિકાર હેઠળ કર્યો.

હવે આ જ મુદ્દો રાહુલ અને ભાજપ વચ્ચેના વિવાદનું કેન્દ્ર છે. રાહુલે આરોપ લગાવ્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે ફોર્મ-6માં 'ગેરકાયદેસર અને એકતરફી' ફેરફાર કર્યો. તેમણે પોતાના પદનો ઉપયોગ ભાજપને ફાયદો પહોંચાડવા માટે કર્યો. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હેઠળ દેશમાં 13 કરોડથી વધુ નામ હટાવવામાં આવ્યા છે. જોકે, કર્ણાટક અને દિલ્હી જેવા રાજ્યોમાં હજુ અંતિમ ડ્રાફ્ટ યાદી જાહેર થઈ નથી.

### દિલ્હી ACP વિવેક ભગતને એડિશનલ-DCPનો ચાર્જ સોંપવા પર રોક: મહિલા પત્રકાર સાથે ગેરવર્તનનો આરોપ

#### તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી પદ સંભાળશે નહીં; સરકારે કહ્યું- આ પ્રમોશન નથી

દિલ્હી સરકારે ACP વિવેક ભગતને એડિશનલ DCPનો ચાર્જ આપવાના નિર્ણય પર રોક લગાવી દીધી છે. ભગત પર 3 ઓક્ટોબરે જંતર-મંતર ખાતે પ્રદર્શન દરમિયાન એક

મહિલા પત્રકારનું જાતીય શોષણ કરવાનો આરોપ છે. તેમની સામે FIRની માંગને લઈને છેલ્લા 3 દિવસથી પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનની બહાર પ્રદર્શન ચાલુ છે. સરકારના જણાવ્યા અનુસાર, કેન્દ્રશાસિત પ્રદેશોના 12 અધિકારીઓને એડિશનલ DCPનો કરંટ ડ્યુટી ચાર્જ એટલે કે CDC આપવાની પ્રક્રિયા 25 ઓગસ્ટે શરૂ થઈ હતી, એટલે કે હાલના વિવાદ પહેલાં. 5 ઓક્ટોબરે મંજૂરી મળ્યા બાદ આદેશ જારી કરવામાં આવ્યો હતો.

દિલ્હી સરકારના જણાવ્યા અનુસાર, વિવેક ભગતે પોતે કહ્યું હતું કે મહિલા પત્રકારોના કથિત શોષણની સંપૂર્ણ તપાસ ન થાય ત્યાં સુધી તેઓ એડિશનલ DCPનો ચાર્જ લેવા માંગતા નથી. ત્યારબાદ અગાઉ જારી કરાયેલા આદેશમાં ફેરફાર કરવામાં આવ્યો. બાકીના 11 અધિકારીઓ માટે CDCનો આદેશ ફરીથી જારી કરવામાં આવશે.

દિલ્હી સરકારે સ્પષ્ટ કર્યું કે કરન્ટ ડ્યૂટી ચાર્જ એક અસ્થાયી વ્યવસ્થા છે. તેને નિયમિત બઢતી માનવામાં આવતી નથી. CDC મળવાથી અધિકારીને કોઈ વધારાનો આર્થિક લાભ મળતો નથી. સરકારે કહ્યું કે જે અધિકારીને CDC આપવામાં આવે છે, તે પદ પર નિયમિત રીતે નિયુક્ત અધિકારીના કાયદેસરના અધિકારોનો ઉપયોગ કરી શકતો નથી. તેનાથી પગાર, સિનિયોરિટી અથવા અન્ય નિયમિત સેવા લાભોમાં પણ કોઈ ફેરફાર થતો નથી.

3 ઑક્ટોબરે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ જંતર-મંતર પર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન ચૂંટણી પંચની કામગીરી અને મતદાર યાદીના SIRમાં કથિત અનિયમિતતાઓના વિરોધમાં હતું.

પ્રદર્શન દરમિયાન ત્રણ મહિલા પત્રકારોએ દિલ્હી પોલીસના અધિકારીઓ પર જાતીય શોષણના આરોપો લગાવ્યા. તેમાંથી એક પત્રકારે દાવો કર્યો કે ACP વિવેક ભગતે તેમની છાતી પર હાથ માર્યો.

### કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર 'નેરેટિવ' ફેલાવવાનો આક્ષેપ

# SIR-CEC વિરુદ્ધ દિલ્હીમાં ધરણાંથી ભાજપ લાલઘૂમ

## ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટ જેવી સ્વાયત્ત સંસ્થાઓ પર વારંવાર સવાલ ઉઠાવવાથી દેશના લોકતાંત્રિક માળખાની વિશ્વસનીયતાને નુકસાન પહોંચે છે

**નવી દિલ્હી, તા.06**

SIR મુદ્દે દિલ્હીમાં રાહુલ ગાંધી સહિત INDIA ગઠબંધનના સાંસદો દ્વારા ચૂંટણી પંચ સામે ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. વિપક્ષી નેતાઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને મળવાની માંગ પર અડગ રહીને આકાશવાણી ભવન પાસે ધરણાં પર બેઠા છે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે ભાજપના નેતાઓએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે અને દેશની બંધારણીય સંસ્થાઓને બદનામ કરવાનો આરોપ મૂક્યો છે.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસ પર નિશાન સાધતા જણાવ્યું કે, 'દેશ હવે બદલાઈ ચૂક્યો છે અને યુવાનોની વિચારસરણી પણ બદલાઈ છે. નવી પેઢી 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાના વિઝન સાથે આગળ વધી રહી છે. આવા સમયે કોંગ્રેસે માત્ર સોશિયલ મીડિયા પર એજન્ડા ચલાવવાને બદલે જમીની સ્તરે જનતા વચ્ચે જઈને કામ કરવું જોઈએ, જેથી તેઓ લોકોનો વિશ્વાસ ફરી જીતી શકે.'

તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે, 'વિદેશી શક્તિઓ અને ભારત વિરોધી પરિબળો દેશને નબળો પાડવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે, અને કોંગ્રેસે તેમના આવા નેરેટિવને આગળ વધારવાનું ટાળવું જોઈએ.' વિપક્ષ અને ચૂંટણી પંચ વચ્ચે જ્યારે ઘર્ષણ ચાલી રહ્યું છે, ત્યારે રિજિજુએ સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટ જેવી સ્વાયત્ત સંસ્થાઓ પર વારંવાર સવાલ ઉઠાવવાથી દેશના લોકતાંત્રિક માળખાની વિશ્વસનીયતાને નુકસાન પહોંચે છે.

બીજી તરફ ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે પણ રાહુલ ગાંધીના આ પ્રદર્શનની આકરી ટીકા કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ ફરી બેલેટ પેપર લાવવાની માંગ કરીને સમગ્ર ચૂંટણી વ્યવસ્થા પર પ્રશ્નો ઊભા કરી રહી છે. તેમણે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, વિપક્ષે જનતાના જનાદેશ અને ન્યાયતંત્ર તેમજ ચૂંટણી પંચ જેવી તમામ બંધારણીય સંસ્થાઓનું સન્માન કરવું જોઈએ.

હાલમાં વિપક્ષી સાંસદોનો વિરોધ યથાવત છે અને રાહુલ ગાંધી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરવા માટે પોતાની માંગ પર અડગ રહ્યા છે. હવે સૌની નજર એ બાબત પર ટકેલી છે કે આ વિરોધ પ્રદર્શન અને મુલાકાતની માંગણી પર ચૂંટણી પંચ તરફથી શું નિર્ણય લેવામાં આવે છે.

# પંજાબ CMની કેમ્પ ઑફિસ પર CBIના દરોડા

- ટ્રાન્સફર-પોસ્ટિંગ કેસમાં OSDના ઘરે પણ રેડથી ભડક્યા ભગવંત માન

**ચંદીગઢ, તા.06**

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની કેમ્પ ઑફિસ પર સીબીઆઈએ મંગળવારે 6 ઑક્ટોબરે દરોડા પાડ્યા છે. ચંદીગઢના સેક્ટર-2 સ્થિત હાઉસ નંબર 50 પર સીબીઆઈની ટીમ તપાસ માટે પહોંચી છે. આ બંગલાને પંજાબ સીએમની કેમ્પ ઑફિસ-કમ-ગેસ્ટ હાઉસ કહેવાય છે. આ સાથે જ મુખ્યમંત્રીના OSD રાજબીર સિંહ ઘુમ્મનના પૂર્વજોના ગામ ઘરાચો સ્થિત ઘર પર પણ દરોડા પડ્યા છે. આ કાર્યવાહી એવા સમયે થઈ છે, જ્યારે મુખ્યમંત્રી કાર્યાલય સાથે જોડાયેલા કથિત ભ્રષ્ટાચાર અને ટ્રાન્સફર-પોસ્ટિંગ સંબંધિત કેસમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે સીબીઆઈને ફોજદારી ગુનો નોંધીને તપાસ કરવા અને બે મહિનામાં સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા સૂચના આપી હતી. પંજાબ સરકારે આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.

સીબીઆઈના સૂત્રોના જણાવ્યા અનુસાર, એજન્સીએ ટ્રાન્સફર અને પોસ્ટિંગ સાથે જોડાયેલા કેસમાં ગુનો નોંધ્યો છે. કેસ નોંધાયા

બાદ જ તપાસના ભાગરૂપે અલગ-અલગ ઠેકાણે દરોડા પાડવામાં આવી રહ્યા છે. હાઈકોર્ટ સમક્ષ મામલો પહોંચ્યા બાદ કોર્ટે સીબીઆઈને સ્વતંત્ર તપાસ માટે કેસ પોતાના હાથમાં લેવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે એજન્સીને બે મહિનામાં પોતાનો રિપોર્ટ દાખલ કરવા કહ્યું છે. હાઈકોર્ટના આ આદેશ વિરુદ્ધ પંજાબ સરકારે સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા છે. સુપ્રીમ કોર્ટમાં પંજાબ સરકારની અરજી પર તાત્કાલિક સુનાવણીની માંગ કરવામાં આવી હતી. જોકે સુપ્રીમ કોર્ટે તેમ કરવાનો ઈન્કાર કરી દીધો, જે બાદ સીબીઆઈએ આ પગલાં લીધા છે. સીબીઆઈના દરોડાને લઈને મુખ્યમંત્રી ભગવંત માને સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા કેન્દ્રની સત્તાધારી ભાજપ પર નિશાન સાધ્યું હતું. માને આરોપ લગાવ્યો કે, ભાજપે પંજાબમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

## વાયુસેના પ્રમુખ બન્યા આશુતોષ દીક્ષિત: કાર્યકાળ 2028 સુધી

**નવી દિલ્હી, તા.06**

એર માર્શલ આશુતોષ દીક્ષિત વાયુસેનાના નવા પ્રમુખ બનશે. તેઓ 31 ઓક્ટોબરે 29મા એર ચીફ માર્શલ તરીકેનો કાર્યભાર સંભાળશે. તેઓ હાલમાં વાઈસ ચીફ ઓફ એર સ્ટાફ છે. તેમણે 1 જુલાઈ 2026ના રોજ આ પદભાર સંભાળ્યો હતો. આશુતોષ દીક્ષિત કારગિલ યુદ્ધમાં પણ સામેલ હતા. તેમણે ફાઈટર જેટમાંથી ઘૂસણખોરો પર બોમ્બમારો કર્યો હતો. તેઓ 20 પ્રકારના લડાકુ વિમાનો ઉડાડવામાં નિષ્ણાત છે. આશુતોષ દીક્ષિત એર માર્શલ અમર પ્રીત સિંહનું સ્થાન લેશે. એર માર્શલ અમર પ્રીત સિંહ 30 સપ્ટેમ્બર 2024ના રોજ વાયુસેના પ્રમુખ બન્યા હતા. તેઓ 31 ઓક્ટોબરે નિવૃત્ત થઈ રહ્યા છે. તેઓ ઓપરેશનલ ફાઈટર સ્ક્વોડ્રન અને ફ્રન્ટલાઈન એર બેઝની કમાન પણ સંભાળી ચૂક્યા છે. એર માર્શલ દીક્ષિતને લગભગ 40 વર્ષનો સર્વિસ અનુભવ છે. તેમણે મિરાજ-2000, મિગના અલગ-અલગ વર્ઝન, જગુઆર, તેજસ, હોક, IL-78, AN-32, કિરણ, HPT-32 અને એવ્રો જેવા અનેક વિમાનો ઉડાવ્યાં છે. તેઓ એક્સપેરિમેન્ટલ ટેસ્ટ પાઈલટ અને ક્વોલિફાઈડ ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર પણ છે. તેમણે અત્યાર સુધી 3500 કલાકથી

વધુ ઉડાન ભરી છે. તેમણે ઓપરેશન સફેદ સાગર, ઓપરેશન રક્ષક, કોપ-ઈન્ડિયા અને ઓપરેશન સિંદૂર જેવા અભિયાનો તથા સૈન્ય કવાયતોમાં ભાગ લીધો છે. ભારતીય વાયુસેનામાં સ્વદેશી LCA તેજસ અને અન્ય સ્વદેશી વિમાન પ્રોજેક્ટ્સને આગળ વધારવામાં પણ તેમની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

એર માર્શલ દીક્ષિતને 6 ડિસેમ્બર 1986ના રોજ IAFની ફાઈટર સ્ટ્રીમમાં કમિશન મળ્યું હતું. તેઓ નેશનલ ડિફેન્સ એકેડેમી, ડિફેન્સ સ્ટાફ સર્વિસ કોલેજ (બાંગ્લાદેશ) અને નેશનલ ડિફેન્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. આશુતોષ દીક્ષિત વાયુસેનામાં ટેસ્ટ પાઈલટ છે. ટેસ્ટ પાઈલટને સૌથી કુશળ પાઈલટ માનવામાં આવે છે. તેમનું કામ વિમાનને તેની અંતિમ મર્યાદાઓ સુધી લઈ જઈને તેનું પરીક્ષણ કરવાનું હોય છે. સેનાના કાફલામાં જ્યારે પણ કોઈ નવું વિમાન આવે છે, ત્યારે ટેસ્ટ પાઈલટ જ તેને પ્રથમ વખત આકાશમાં લઈ જાય છે.

# બંગાળ, આસામ, તમિલનાડુ અને પુડુચેરીની બેઠકો પર મતદાન પૂર્ણ

## સૌથી વધુ 71.79% મતદાન નંદીગ્રામમાં થયું, મમતા ન તો CM-ધારાસભ્ય, ન ઉમેદવાર

**કોલકાતા, તા.06**

દેશના ચાર રાજ્યો પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ અને પુડુચેરીમાં 6 બેઠકો પર મંગળવારે થયેલું મતદાન સાંજે 6.00 વાગ્યે સમાપ્ત થયું. બપોરે 3 વાગ્યા સુધીના મતદાર ટર્નઆઉટમાં સૌથી વધુ 71.79% મતદાન પશ્ચિમ બંગાળના નંદીગ્રામમાં નોંધાયું.

આમ જનતા ઉન્નયન પાર્ટી (AJUP)ના પ્રમુખ અને ધારાસભ્ય હુમાયુ કબીરની બંગાળના મુર્શિદાબાદમાં આવેલી તેમની પાર્ટી કચેરીમાંથી પોલીસે ધરપકડ કરી છે. પોલીસે તેમના પર ચૂંટણીમાં અનિયમિતતાઓનો આરોપ મૂક્યો છે. તેમના પુત્ર ગુલામ નબી આઝાદ પણ રેજીનગરથી ઉમેદવાર છે. મીડિયા સાથે વાત કરતાં નંદીગ્રામના કોંગ્રેસ ઉમેદવાર મિલન પ્રધાને આરોપ લગાવ્યો છે કે તેમના પોલિંગ એજન્ટ્સને બળજબરીથી ઉઠાવી લેવામાં આવ્યા

હતા.

જે બેઠકો પર મતદાન થયું તેમાં પશ્ચિમ બંગાળની નંદીગ્રામ અને રેજીનગર, તમિલનાડુની મદુરંતકમ અને ધારાપુરમ, પુડુચેરીની થટ્ટાનચાવડી વિધાનસભા બેઠક અને આસામની નગાંવ લોકસભા બેઠક સામેલ છે. તમામ બેઠકોના પરિણામો 9 ઓક્ટોબરે જાહેર થશે.

નંદીગ્રામ વિધાનસભા પેટાચૂંટણી માટે મતદાનના બરાબર એક દિવસ પહેલાં ચૂંટણી પંચે નંદીગ્રામ પોલીસ મથકના પ્રભારી (આઈસી)ને બદલી દીધા છે.

સોમવારે વર્તમાન અધિકારી અજય કુમાર મિશ્રાને હટાવીને તેમની જગ્યાએ દેવાશિષ સરકારને નવા પ્રભારી બનાવવામાં આવ્યા.

ખરેખરમાં, વિપક્ષી દળોએ ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી કે અજય કુમાર મિશ્રા સત્તાધારી પક્ષની નજીકના છે, જેના પગલે પંચે આ કાર્યવાહી કરી. મિશ્રાની અહીં 2026ની વિધાનસભા ચૂંટણી પહેલાં નિમણૂક કરવામાં આવી હતી.

રેજીનગર વિધાનસભા પેટાચૂંટણીને લઈને AJUP ઉમેદવાર ગુલામ નબી આઝાદે દાવો કર્યો કે જો ચૂંટણી નિષ્પક્ષ રીતે થઈ હોત તો તેમની જીત 100% નિશ્ચિત હતી. તેમણે આરોપ લગાવ્યો કે હજુ પણ પોલીસ તરફથી ઘણું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમના અનુસાર, તેમની પાર્ટીની અન્ય કોઈ પક્ષ સાથે નહીં, પરંતુ BJP સાથે સીધી ટક્કર છે.

બાગડોગરામાં પશ્ચિમ બંગાળ BJP અધ્યક્ષ સમિક ભટ્ટાચાર્યે AJUP પ્રમુખ અને ધારાસભ્ય હુમાયું કબીરની ધરપકડ અંગે કહ્યું કે ચૂંટણીના દિવસે પોલીસે એવા લોકોને ધરપકડ કરવાનું પોતાનું કર્તવ્ય માન્યું, જેઓ હિંદુ-મુસ્લિમ વચ્ચે વિભાજન પેદા કરવા અને લોકોને રમખાણો ભડકાવવા માટે ઉશ્કેરી રહ્યા હતા. તેમણે કહ્યું કે નંદીગ્રામ અને રેજીનગર પેટાચૂંટણી BJP જીતશે.

# અમેરિકાના ફેક ઈ-વિઝા બતાવી અમદાવાદના વેપારી સાથે 80 લાખની ઠગાઈ, 6 શખસો સામે ફરિયાદ

**અમદાવાદ, તા.06**

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ડાય કાસ્ટિંગની ફેક્ટરી ધરાવતા વેપારીના પુત્ર અને પુત્રવધૂને માત્ર ચાર દિવસમાં ઈ-બિઝનેસ વિઝા મારફતે અમેરિકા મોકલી આપવાની લાલચ આપી રૂ.80 લાખની છેતરપિંડી કરાયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. કલોલના બે એજન્ટો સહિત ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવેલી ટોળકીએ અમેરિકા મોકલવાના નામે વેપારી પાસેથી લાખો રૂપિયા પડાવ્યા બાદ બોગસ વિઝા અને બનાવટી ફ્લાઈટ ટિકિટ આપી હતી. વિઝાની ઓનલાઈન ચકાસણી કરતા તેમાં દર્શાવાયેલા મોબાઈલ નંબર અને ઈમેલ અન્ય વ્યક્તિના હોવાનું સામે આવતા સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. આ મામલે વેપારીએ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા પોલીસે કુલ છ શખસો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, નાના ચિલોડા વિસ્તારમાં રહેતા અને અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ડાય કાસ્ટિંગની ફેક્ટરી ચલાવતા 52 વર્ષીય જીતેન્દ્ર પટેલ પોતાના પુત્ર જીલ અને પુત્રવધૂ કંચનબહેનને અમેરિકા મોકલવા માટે પ્રયાસ કરી રહ્યા હતા. આ માટે તેમણે પોતાના સાળા મારફતે અમેરિકા મોકલવાના કામ સાથે સંકળાયેલા લોકોનો સંપર્ક કર્યો હતો. આ દરમિયાન ઈન્સ્ટાગ્રામ આઈડી ચલાવતા સુખબિરસિંઘ બાજવા અને તેના માણસો સાથે મેમકો ઓમનગર ફાટક પાસે મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન કલોલના શિવેન બારોટ અને જય બારોટે વેપારીને એવો વિશ્વાસ અપાવ્યો હતો કે તેમના પુત્ર અને પુત્રવધૂને જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને માત્ર ચાર દિવસમાં ઈ-બિઝનેસ વિઝા પર અમેરિકા મોકલી આપવામાં આવશે. આરોપીઓએ સમગ્ર પ્રક્રિયા માટે આશરે રૂ.1.15 કરોડનો ખર્ચ થશે તેમ જણાવી વેપારીનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. અમેરિકા મોકલવાની વાત અને ચાર દિવસમાં વિઝા તથા ટિકિટની વ્યવસ્થા કરી આપવાની ખાતરીને કારણે વેપારી પણ આરોપીઓની વાતમાં આવી ગયા હતા. ત્યારબાદ આરોપીઓએ

વેપારીના પુત્ર જીલ અને પુત્રવધૂ કંચનબહેનના અસલ પાસપોર્ટ પણ મેળવી લીધા હતા. પાસપોર્ટ પોતાના કબજામાં લીધા બાદ આરોપીઓએ વિઝા પ્રોસેસિંગ તથા અન્ય પ્રક્રિયાના નામે નાણાંની માંગણી શરૂ કરી હતી.

આરોપીઓએ વેપારીને બાપુનગર ખાતે આવેલી એક આંગડિયા પેઢીમાં નાણાં જમા કરાવવા જણાવ્યું હતું. પોતાના પુત્ર અને પુત્રવધૂને અમેરિકા મોકલવાની આશાએ જીતેન્દ્ર પટેલે સગા-સંબંધીઓ પાસેથી નાણાં એકત્ર કર્યા હતા. ત્યારબાદ 6 નવેમ્બર 2023ના રોજ રૂ.55 લાખ અને બીજા જ દિવસે એટલે કે 7 નવેમ્બર 2023ના રોજ વધુ રૂ.25 લાખ આંગડિયા પેઢીમાં જમા કરાવવામાં આવ્યા હતા. આમ, બે દિવસમાં વેપારી તરફથી કુલ રૂ.80 લાખ આરોપીઓ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

નાણાં મેળવી લીધા બાદ આરોપીઓએ વેપારીને વોટ્સએપ મારફતે પીડીએફ ફોર્મેટમાં ઈ-વિઝા મોકલ્યા હતા. વિઝા મળી જતા શરૂઆતમાં વેપારીને લાગ્યું હતું કે હવે તેમના પુત્ર અને પુત્રવધૂ અમેરિકા જવા માટેની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. જોકે, શંકા જતા વેપારીએ મોકલવામાં આવેલા વિઝાની ઓનલાઈન ચકાસણી કરાવી હતી. ચકાસણી દરમિયાન વિઝામાં દર્શાવાયેલા મોબાઈલ નંબર અને ઈમેલ અન્ય જ વ્યક્તિના હોવાનું બહાર આવ્યું હતું. જેના કારણે વેપારીને સમજાયું કે આરોપીઓએ આપેલા ઈ-વિઝા અસલી નહીં પરંતુ બનાવટી હતા.

માત્ર વિઝા જ નહીં પરંતુ આરોપીઓએ વોટ્સએપ મારફતે મોકલેલી ફ્લાઈટ ટિકિટ અંગે પણ શંકા ઊભી થઈ હતી. ટિકિટની તપાસ કરતા તે સામાન્ય રીતે માન્ય બુકિંગ તરીકે ઉપલબ્ધ નહોતી અને માત્ર એક એપ્લિકેશનમાં જ દેખાતી હોવાનું સામે આવ્યું હતું. આ બાબતો બહાર આવ્યા બાદ જીતેન્દ્ર પટેલને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. તેમણે આરોપીઓનો સંપર્ક કરીને પોતાના રૂ.80 લાખ પરત આપવા માટે ઉઘરાણી શરૂ કરી હતી. જોકે, નાણાં પરત આપવાને બદલે આરોપીઓ દ્વારા સતત વાયદાઓ કરવામાં આવતા હતા.

આ દરમિયાન વેપારીએ પોતાની રીતે વધુ તપાસ કરતા નાણાંના વ્યવહાર અંગે પણ ચોંકાવનારી વિગતો સામે આવી હતી. બાપુનગરની આંગડિયા પેઢીમાં જમા કરાવવામાં આવેલા રૂ.80 લાખ પૈકી રૂ.55 લાખ રાજકોટના રૈયા રોડ વિસ્તારમાં આવેલી શાખામાંથી જય બારોટના નામે અજાણ્યો શખસ ઉપાડી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે બાકીના રૂ.25 લાખ સુરતની સરથાણા શાખામાંથી અન્ય એક અજાણ્યા શખસે ઉપાડી લીધા હોવાનું સામે આવ્યું હતું. આ રીતે નાણાં અલગ-અલગ સ્થળેથી ઉપાડી લેવામાં આવ્યા બાદ વેપારીને પોતાના પૈસા પરત મળ્યા નહોતા. ચાર દિવસમાં અમેરિકા મોકલવાની ખાતરી, ઈ-બિઝનેસ વિઝા અને ફ્લાઈટ ટિકિટની વાતો કરીને વેપારી પાસેથી મોટી રકમ મેળવવામાં આવી હતી. જોકે, વિઝા અને ટિકિટની ચકાસણી બાદ સમગ્ર મામલો બોગસ હોવાનું સામે આવતા વેપારીએ આખરે પોલીસનો સંપર્ક કરવાનો નિર્ણય લીધો હતો.

# ફિનલેન્ડમાં નોકરીનું સપનું બતાવી કડીના દંપતી સાથે લાખોની છેતરપિંડી! મુંબઈ એરપોર્ટ પહોંચ્યા ત્યારે ખુલી પોલ

**અમદાવાદ, તા.06**

અમદાવાદના સોલા પોલીસ સ્ટેશને કડીના એક દંપતી સાથે ફિનલેન્ડમાં નોકરી અને વર્ક પરમિટ અપાવવાના નામે 28 લાખ રૂપિયાની છેતરપિંડી આચરવાના મામલે 34 વર્ષીય શખ્સ સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. કડીના યુઝ્ડ કાર ડીલર એવા ફરિયાદી પરાગ પટેલનો પરિચય ઓક્ટોબર 2025માં એક મિત્ર મારફતે રોહિત નટવરલાલ શર્મા સાથે થયો હતો. આરોપી રોહિત શર્મા આશ્રમ રોડ પર રત્ના બિઝનેસ સ્ક્વેર કોમ્પ્લેક્સમાં 'મહંત ટ્રાવેલ્સ' ચલાવે છે. તેણે પરાગ પટેલ અને તેમની 22 વર્ષીય પત્ની રાજકુમારીને ફિનલેન્ડમાં નોકરી અપાવવાની ખાતરી આપી હતી અને કુલ 28 લાખ રૂપિયાનો સોદો નક્કી કર્યો હતો.

ઓક્ટોબર 30, 2025 ના રોજ પરાગ પટેલે ચાણક્યપુરી સ્થિત નેહા અપાર્ટમેન્ટ ખાતે આરોપીને પ્રથમ હપ્તા પેટે 9 લાખ રૂપિયા રોકડા આપ્યા હતા. ત્યારબાદ આરોપીએ પોતાની ઓફિસે બોલાવીને દંપતીને જોબ ઓફર લેટર આપ્યા હતા. નવેમ્બર મહિનામાં વિઝા અને પાસપોર્ટ પ્રોસેસિંગના નામે વધુ 10 લાખ રૂપિયા રોકડા પડાવવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા દરમિયાન આરોપીએ વોટ્સએપ પર ફિનલેન્ડના નકલી વિઝા મોકલી આપ્યા હતા અને 10 નવેમ્બરે એપોલો હોસ્પિટલમાં મેડિકલ ટેસ્ટ પણ કરાવ્યા હતા. આટલું જ નહીં, વર્ક પરમિટ ઈશ્યુ થઈ ગયાનું કહીને ટિકિટના બહાને વધુ 9 લાખ રૂપિયા પણ પડાવી લેવામાં આવ્યા હતા. દંપતીને ફિનલેન્ડ જવા માટે 30 જાન્યુઆરી 2026 ના રોજ મુંબઈથી ફિનલેન્ડની ફ્લાઈટની ટિકિટ આપવામાં આવી હતી. દંપતી મુંબઈ પહોંચ્યું ત્યારે આરોપીએ ટિકિટ રદ થઈ હોવાનું કહીને તેમને પાછા અમદાવાદ બોલાવી લીધા હતા. ફેબ્રુઆરીમાં ફરીથી ખોટી તારીખ આપીને 27 ફેબ્રુઆરીએ દંપતીને મુંબઈ એરપોર્ટ લઈ જવામાં આવ્યા હતા. એરપોર્ટ પર જ્યારે પાસપોર્ટ પરત આપવામાં આવ્યા ત્યારે તેમાં ફિનલેન્ડના કોઈ જ માન્ય વિઝા નહોતા, જેના કારણે દંપતી મુસાફરી કરી શક્યા નહોતા. દંપતીએ પોતાના 28 લાખ રૂપિયા પરત માંગતા આરોપીએ રકમ આપવાનો ઈનકાર કર્યો હતો. આ મામલે સોલા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. ઓક્ટોબર 30, 2025 ના રોજ પરાગ પટેલે ચાણક્યપુરી સ્થિત નેહા અપાર્ટમેન્ટ ખાતે આરોપીને પ્રથમ હપ્તા પેટે 9 લાખ રૂપિયા રોકડા આપ્યા હતા. ત્યારબાદ આરોપીએ પોતાની ઓફિસે બોલાવીને દંપતીને જોબ ઓફર લેટર આપ્યા હતા. નવેમ્બર મહિનામાં વિઝા અને પાસપોર્ટ પ્રોસેસિંગના નામે વધુ 10 લાખ રૂપિયા રોકડા પડાવવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા દરમિયાન આરોપીએ વોટ્સએપ પર ફિનલેન્ડના નકલી વિઝા મોકલી આપ્યા હતા અને 10 નવેમ્બરે એપોલો હોસ્પિટલમાં મેડિકલ ટેસ્ટ પણ કરાવ્યા હતા.

# CTM ડબલ ડેકર ઓવરબ્રિજ પરથી યુવકે ઝંપલાવી મોત વહાલું કર્યું, એક અઠવાડિયામાં બીજી ઘટના

**અમદાવાદ, તા.06**

અમદાવાદના વ્યસ્ત અને જાણીતા એવા નેશનલ હાઈવે નંબર-8 પર આવેલા સીટીએમ (CTM) ચાર રસ્તા નજીકના ડબલ ડેકર ઓવરબ્રિજ પર આજે છઠ્ઠી ઓક્ટોબરના રોજ સવારના સમયે એક અત્યંત કરુણ અને આઘાતજનક ઘટના સામે આવી છે. રોજિંદી ચહલપહલ અને વાહનોની ધમધમાટ વચ્ચે એક અજાણ્યા યુવકે અગમ્ય કારણોસર ઓવરબ્રિજની ઊંચાઈ પરથી નીચે રોડ પર ઝંપલાવીને જીવનલીલા ટૂંકાવી લીધી હતી. ઘટના સમયે બ્રિજ પરથી અને નીચેથી મોટી સંખ્યામાં વાહનો પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક યુવકને નીચે પટકાતો જોઈને ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ થોડીવાર માટે ભારે સ્તબ્ધ થઈ ગયા હતા અને સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ બનાવ અંગે સ્થાનિકો દ્વારા તાત્કાલિક જાણ કરવામાં આવતા જ રામોલ પોલીસ મથકની ટીમ અને ટ્રાફિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને સ્થળ પર એકત્ર થયેલા લોકોના ટોળાને દૂર કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો અને ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી શરુ કરી હતી. જોકે, ઝંપલાવનાર યુવક પાસે કોઈ ઓળખકાર્ડ કે અન્ય માહિતી ન મળી હોવાથી તેની ઓળખ હજુ સુધી થઈ શકી નથી, જેના માટે રામોલ પોલીસે મૃતકની ઓળખ છતી કરવા માટે આસપાસના વિસ્તારો અને ગુમ થયેલા લોકોની માહિતી મેળવવાની કવાયત શરુ કરી છે. આ ઘટના બાદ સીટીએમ વિસ્તારના સ્થાનિક રહીશોમાં તંત્ર અને મ્યુનિસિપલ કોર્પોરેશન સામે ભારે રોષ અને અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, CTM ડબલ ડેકર ઓવરબ્રિજ પર વાહનચાલકો અને નાગરિકોની સલામતી માટે મુકાયેલી સુરક્ષા જાળી (સેફ્ટી ફેન્સિંગ)ની ઊંચાઈ ખૂબ જ ઓછી અને અપૂરતી છે, જેના કારણે બ્રિજ પરથી નીચે પટકાવાના કે આત્મહત્યા કરવા જેવા બનાવો વારંવાર બની રહ્યા છે. ચિંતાજનક બાબત તો એ છે કે છેલ્લા એક જ અઠવાડિયાના ટૂંકા ગાળામાં આ બ્રિજ પરથી નીચે ઝંપલાવવાની કે અકસ્માતે નીચે પડવાની આ બીજી ઘટના સામે આવી છે. તદુપરાંત, ભૂતકાળમાં પણ આ જ ઓવરબ્રિજ પરથી નીચે પટકાવાના અનેક બનાવો રામોલ તેમજ આસપાસના પોલીસ મથકો ચોપડે નોંધાઈ ચૂક્યા છે, જેની સંખ્યા 10થી પણ વધુ થવા જાય છે. સ્થાનિક લોકોએ તંત્ર સામે આક્ષેપ કરતા જણાવ્યું છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી, જેના કારણે નિર્દોષ લોકો પોતાના જીવ ગુમાવી રહ્યા છે. રહીશોએ માગ કરી છે કે જો તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ સમગ્ર ડબલ ડેકર બ્રિજ પર સુરક્ષા જાળીની ઊંચાઈ વધારવામાં આવે, જરૂરી જગ્યાઓએ વધુ મજબૂત અને ઊંચી ફેન્સિંગ લગાડવામાં આવે તથા સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવે, તો ભવિષ્યમાં બનતી આવી ગંભીર, દુ:ખદ અને જાનલેવા હોનારતોને અટકાવી શકાય તેમ છે.

# વાસણા મેટ્રો સ્ટેશન પાસે ગાંજાના 90 પડીકાં સાથે ઓટોરિક્ષા ચાલક ઝડપાયો, રૂ.64,700નો મુદ્દામાલ જપ્ત

**અમદાવાદ, તા.06**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ની ટીમે શહેરમાં નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેચાણ અને હેરાફેરી સામે હાથ ધરેલી કાર્યવાહી દરમિયાન વાસણા એપીએમસી મેટ્રો સ્ટેશન નજીકથી 184 ગ્રામ ગાંજા સાથે એક ઓટોરિક્ષા ચાલકને ઝડપી પાડ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી રિક્ષામાં ગાંજાનો જથ્થો લઈને વેચાણના હેતુથી જઈ રહ્યો હોવાની માહિતી સામે આવી છે. પોલીસે આરોપી પાસેથી ગાંજાના 90 જેટલા નાના પારદર્શક પડીકાં, બે મોબાઈલ ફોન અને ઓટોરિક્ષા સહિત કુલ રૂ.64,700નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં વધુ એક શખસનું નામ સામે આવતા પોલીસે સમગ્ર ડ્રગ્સ નેટવર્કની કડી શોધવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, ઝડપાયેલા આરોપીની ઓળખ વટવા વિસ્તારમાં ગોલ્ડન ટોકીઝ પાછળ આવેલા નૂરનગરના રહેવાસી 45 વર્ષીય મોહમ્મદ આરિફ મઝહર હુસૈન સૈયદ તરીકે થઈ છે. આરોપી વ્યવસાયે ઓટોરિક્ષા ચાલક હોવાનું સામે આવ્યું છે. સોમવારે બપોરના સમયે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની SOG ટીમને બાતમી મળી હતી કે એક ઓટોરિક્ષા ચાલક વાસણા એપીએમસી મેટ્રો સ્ટેશન નજીક ગાંજાનો જથ્થો લઈને આવવાનો છે અને ત્યાંથી નશીલા પદાર્થનું વેચાણ કરવાની તૈયારીમાં છે.

ચોક્કસ બાતમી મળ્યા બાદ SOGની ટીમે માહિતીની ખરાઈ કરી અને વાસણા એપીએમસી મેટ્રો સ્ટેશન તથા તેની આસપાસના વિસ્તારમાં વોચ ગોઠવી હતી. પોલીસ ટીમે શંકાસ્પદ હિલચાલ પર નજર રાખી હતી. દરમિયાન સાંજે આશરે પાંચ વાગ્યાના અરસામાં વેજલપુર અને શ્યામલને જોડતા જાહેર માર્ગ પરથી એક ઓટોરિક્ષા પસાર થતી જોવા મળી હતી. પોલીસને બાતમીમાં જણાવવામાં આવેલી વિગતો સાથે રિક્ષા અને ચાલકની હિલચાલ મેળ ખાતી જણાતા ટીમે રિક્ષાને અટકાવી તપાસ હાથ ધરી હતી.

પોલીસે ઓટોરિક્ષાની ઝીણવટભરી તલાશી લેતા ડ્રાઈવરની બેઠકની નીચે એક પીળા રંગની બેગ મળી આવી હતી. પોલીસને બેગ અંગે શંકા જતા તેને ખોલીને તપાસ કરવામાં આવી

હતી. બેગની અંદર કાળા રંગની પ્લાસ્ટિકની થેલી રાખવામાં આવી હતી. આ પ્લાસ્ટિકની થેલી ખોલતા તેમાં નશીલા પદાર્થના નાના-નાના પડીકાં જોવા મળ્યા હતા. તપાસ દરમિયાન કુલ 90 જેટલી નાની પારદર્શક પ્લાસ્ટિકની પડીકીઓ મળી આવી હતી, જેના કારણે પોલીસનો શંકા વધુ મજબૂત બન્યો હતો. મળેલા પદાર્થ અંગે ખાતરી કરવા માટે FSL અધિકારીને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. FSL અધિકારી દ્વારા કરવામાં આવેલા પ્રાથમિક પરીક્ષણમાં મળી આવેલો પદાર્થ ગાંજો હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ પોલીસે સમગ્ર જથ્થો કબજે લઈ તેનું વજન કરાવતા કુલ 184 ગ્રામ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે જપ્ત કરેલા ગાંજાની અંદાજિત કિંમત રૂ.9,200 હોવાનું જણાવ્યું છે. ગાંજાના જથ્થા ઉપરાંત પોલીસે આરોપી પાસેથી બે મોબાઈલ ફોન પણ કબજે કર્યા છે. બંને મોબાઈલની અંદાજિત કિંમત રૂ.5,500 હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત જે ઓટોરિક્ષામાં ગાંજો લઈ જવામાં આવી રહ્યો હતો તે ઓટોરિક્ષા પણ પોલીસે જપ્ત કરી છે, જેની અંદાજિત કિંમત રૂ.50 હજાર ગણવામાં આવી છે. આમ, ગાંજો, મોબાઈલ ફોન અને ઓટોરિક્ષા સહિત પોલીસે કુલ રૂ.64,700નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન આ કેસમાં ફતેહવાડી વિસ્તારમાં રહેતા ઉબેદ અમાનુલ્લાહ ખાન પઠાણ નામના અન્ય એક શખસનું નામ પણ સામે આવ્યું છે. પોલીસને શંકા છે કે ગાંજાના વેચાણ અથવા પુરવઠાની કામગીરીમાં તેની પણ ભૂમિકા હોઈ શકે છે. જોકે, આ અંગેની હકીકત તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે. SOG ટીમ દ્વારા આરોપીની પૂછપરછ કરીને ગાંજો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોને પહોંચાડવાનો હતો અને તેની પાછળ કયા લોકો કામ કરી રહ્યા છે તે અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પોલીસ ખાસ કરીને એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપી અગાઉ પણ આ રીતે ગાંજાનો જથ્થો લાવીને શહેરના વિવિધ વિસ્તારોમાં વેચાણ કરતો હતો કે કેમ. રિક્ષાનો ઉપયોગ માત્ર મુસાફરોની અવરજવર માટે થતો હતો કે નશીલા પદાર્થની હેરાફેરી માટે પણ કરવામાં આવતો હતો તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. જપ્ત કરાયેલા મોબાઈલ ફોનમાંથી આરોપીના સંપર્કો, કોલ ડિટેઈલ્સ અને અન્ય લોકો સાથેના વ્યવહારો અંગેની માહિતી મેળવવામાં આવે તેવી શક્યતા છે. આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની SOG ટીમે NDPS એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે ઝડપાયેલા આરોપીની પૂછપરછ સાથે ગાંજાના મૂળ સ્ત્રોત સુધી પહોંચવાના પ્રયાસો હાથ ધર્યા છે. સાથે જ આ સમગ્ર મામલામાં વધુ કેટલા લોકો સંકળાયેલા છે, ગાંજાનો જથ્થો શહેરમાં કયા માર્ગે પહોંચ્યો હતો અને આરોપી તેને કોને વેચવાનો હતો તે મુદ્દે પણ તપાસ ચાલી રહી છે. પોલીસની તપાસમાં જો ડ્રગ્સના સપ્લાય અને વેચાણ સાથે સંકળાયેલું મોટું નેટવર્ક સામે આવશે તો આગામી દિવસોમાં વધુ ધરપકડ થવાની શક્યતા છે.

# અમદાવાદમાં GMDC ગ્રાઉન્ડમાં 6,400 લોકોએ બનાવી સૌથી મોટી માનવ રંગોળી!

**અમદાવાદ, તા.06**

અમદાવાદ શહેરે આજે વધુ એક અનોખી સિદ્ધિ પોતાના નામે કરી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંયુક્ત આયોજન હેઠળ આજે 6 ઓક્ટોબરના રોજ GMDC ગ્રાઉન્ડ ખાતે સમકાલીન મંડલા આર્ટને દર્શાવતી વિશાળ માનવ રંગોળીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. વહેલી સવારે યોજાયેલા આ વિશાળ કાર્યક્રમમાં શહેરના કુલ 6,424 લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. હજારો લોકોની એકસાથે ભાગીદારીથી તૈયાર થયેલી આ વિરાટ માનવ રચનાએ GMDC ગ્રાઉન્ડને રંગબેરંગી અને આકર્ષક દૃશ્યમાં પરિવર્તિત કરી દીધું હતું.

આ અનોખા કાર્યક્રમમાં ભાગ લેનારા તમામ 6,424 સહભાગીઓને ચોક્કસ આયોજન મુજબ વિશાળ ગોળાકાર પટ્ટાઓમાં શિસ્તબદ્ધ રીતે ગોઠવવામાં આવ્યા હતા. દરેક સહભાગીએ અલગ-અલગ રંગોની રંગબેરંગી ટોપીઓ પહેરી હતી. જેના કારણે જમીન પરથી તેમજ ઊંચાઈ પરથી જોતા સમગ્ર રચના એક વિશાળ સમકાલીન મંડલા આર્ટ જેવી દેખાતી હતી. હજારો લોકોની એકસાથે ગોઠવણી અને વિવિધ રંગોની ટોપીઓના સંયોજનથી સમગ્ર માનવ રંગોળીએ વિશેષ આકર્ષણ ઊભું કર્યું હતું.

આ વિરાટ માનવ રંગોળીની સૌથી વિશેષ બાબત તેની મધ્યમાં બનાવવામાં આવેલું 'BHARAT' શબ્દનું આલેખન હતું. મંડલા આર્ટની વિશાળ માનવ રચનાના કેન્દ્રમાં માનવ શ્રૃંખલાના માધ્યમથી સ્પષ્ટ રીતે 'BHARAT' શબ્દ તૈયાર કરવામાં આવ્યો હતો. સમગ્ર રચનાના કેન્દ્રમાં આ શબ્દને વિશેષ રીતે દર્શાવવામાં આવતા તે કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બન્યો હતો. સહભાગીઓની ચોક્કસ ગોઠવણી અને સમગ્ર રચનાના આયોજનને કારણે આ આકૃતિ ઉપરથી જોતા વધુ સ્પષ્ટ અને આકર્ષક દેખાતી હતી.

આ કાર્યક્રમ માત્ર એક સાંસ્કૃતિક અને સર્જનાત્મક રજૂઆત પૂરતો મર્યાદિત રહ્યો ન હતો, પરંતુ તેને આંતરરાષ્ટ્રીય

સ્તરે રેકોર્ડ તરીકે પણ નોંધવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત આ માનવ આકૃતિને Asia Book of Records દ્વારા 'Largest Human Formation Depicting a Contemporary Mandala Art' તરીકે માન્યતા આપવામાં આવી છે. આ માન્યતા સાથે અમદાવાદના નામે વધુ એક ગૌરવપૂર્ણ રેકોર્ડ નોંધાયો છે. કુલ 6,424 સહભાગીઓ દ્વારા સપ્તધારાની થીમ આધારિત સમકાલીન મંડલા આર્ટનું જીવંત નિર્માણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સહભાગીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં લોકો GMDC ગ્રાઉન્ડ ખાતે પહોંચ્યા હતા અને નિર્ધારિત સ્થાન પર શિસ્તબદ્ધ રીતે ગોઠવાઈને સમગ્ર રચનાનો હિસ્સો બન્યા હતા. વિશાળ મેદાનમાં હજારો લોકો એક ચોક્કસ ડિઝાઈન પ્રમાણે ગોઠવાતા ધીમે ધીમે માનવ રંગોળીનું સ્વરૂપ સ્પષ્ટ થતું ગયું હતું. અલગ-અલગ રંગોની ટોપીઓથી રચાયેલી ડિઝાઈનને કારણે સમગ્ર મેદાન રંગોની વિશાળ પેટર્નમાં ફેરવાઈ ગયું હતું.

AMC અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં માનવશક્તિ, કલા અને સામૂહિક ભાગીદારીનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. સામાન્ય રીતે રંગોળી માટે રંગો અને અન્ય સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ આ આયોજનમાં લોકો પોતે જ રંગોળીના વિવિધ ભાગોનો હિસ્સો બન્યા હતા. તેથી તેને માનવ રંગોળી તરીકે વિશેષ ઓળખ મળી છે. સમકાલીન મંડલા આર્ટની થીમને હજારો લોકોની જીવંત રચના દ્વારા રજૂ કરવામાં આવતા કાર્યક્રમને વિશેષ ઓળખ મળી હતી. આ સમગ્ર આયોજન માટે સહભાગીઓની સંખ્યા, તેમની ગોઠવણી અને રચનાની ચોકસાઈ જાળવવી મોટો પડકાર હતો. તેમ છતાં 6,424 લોકો દ્વારા એકસાથે ચોક્કસ ગોળાકાર પટ્ટાઓમાં ગોઠવાઈને મંડલા આર્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. કેન્દ્રમાં 'BHARAT' શબ્દને યોગ્ય આકારમાં રજૂ કરવા માટે પણ સહભાગીઓની ચોક્કસ સ્થિતિ મહત્વપૂર્ણ હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આયોજન અને વ્યવસ્થાના આધારે માનવ રંગોળીનું સ્વરૂપ તૈયાર કરવામાં આવ્યું હતું.

આ રેકોર્ડ સાથે અમદાવાદે સમૂહ ભાગીદારી દ્વારા સર્જનાત્મકતા અને કળાનું વિશાળ પ્રદર્શન કર્યું છે. Asia Book of Recordsમાં આ આયોજનની નોંધ થવાથી શહેરના નામે આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ એક સિદ્ધિ ઉમેરાઈ છે. 6,424 લોકોની સામૂહિક ભાગીદારીથી તૈયાર થયેલી આ વિશાળ માનવ રચના આગામી દિવસોમાં અમદાવાદના અનોખા આયોજનોમાં યાદગાર બની રહેશે. ખાસ કરીને સમકાલીન મંડલા આર્ટને માનવ રચના દ્વારા રજૂ કરવાનો આ પ્રયાસ શહેરના જાહેર કાર્યક્રમોમાં અલગ પ્રકારની સર્જનાત્મક પહેલ તરીકે નોંધાયો છે.

# યુવતીની છેડતી મામલે રામોલ પોલીસ સ્ટેશનમાં હોબાળો, બજરંગ દળ-VHPના કાર્યકરો અને જવાનો વચ્ચે ઘર્ષણ!

**અમદાવાદ, તા.06**

અમદાવાદ શહેરમાં સતત વધતી જતી ગુનાહિત પ્રવૃત્તિઓ વચ્ચે રામોલ વિસ્તારમાંથી એક અત્યંત ગંભીર અને ચિંતાજનક ઘટના સામે આવી છે. રામોલના જનતાનગરમાં રહેતી એક યુવતી પોતાના ઘર નજીકના વિસ્તારમાં વોકિંગ કરી રહી હતી, તે દરમિયાન અરમાન મલિક નામના એક શખસે તેની છેડતી કરી અશ્લીલ ઈશારા કર્યા હતા. આ સમગ્ર બનાવ અંગે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પરંતુ આ ઘટના બાદ પોલીસ સ્ટેશન પરિસરમાં બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ ઉમટી પડતાં ભારે હોબાળો મચી ગયો હતો. કાર્યકરો અને ફરજ પરના પોલીસકર્મીઓ વચ્ચે તીવ્ર બોલાચાલી બાદ ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાતા સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ હતી, જેને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓને તાબડતોબ સ્થળ પર દોડી આવવું પડ્યું હતું. મળતી વિગતો અનુસાર, ગત પાંચ ઓક્ટોબરના રોજ જનતાનગરમાં રહેતી યુવતી સાંજના સમયે પોતાના ઘરની આસપાસના વિસ્તારમાં નિયમિત મુજબ વોકિંગ કરી રહી હતી. આ સમયે અગાઉથી જ ફિરાકમાં રહેલા

અરમાન મલિક નામના શખસે યુવતીને જોઈને અશ્લીલ ઈશારા કર્યા હતા અને તેની છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાથી ડરી ગયેલી યુવતીએ તાત્કાલિક ઘરે પહોંચીને પોતાની માતા અને પરિવારજનોને સમગ્ર બનાવથી વાકેફ કર્યા હતા. યુવતીએ પરિવારને એ પણ જણાવ્યું હતું કે આ શખસે અઠવાડિયા પહેલાં પણ તેની સામે આવી જ રીતે અશ્લીલ ઈશારા કરીને હેરાન કરી હતી.

પુત્રી સાથે બનેલી વારંવારની છેડતીની ઘટનાથી આક્રોશમાં આવેલા માતા અને પરિવારજનો તાત્કાલિક અરમાન મલિકને આ બાબતે કડક શબ્દોમાં ઠપકો આપવા માટે પહોંચ્યા હતા. જોકે, પોતાની ભૂલ સ્વીકારવાના બદલે આરોપી અરમાન મલિક વધુ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે પરિવારજનો સાથે ગેરવર્તણૂક કરી દાદાગીરી બતાવી હતી. તેણે સામો સૂર પુરાવતા 'તમારે જે કરવું હોય તે કરી લો, હું કોઈનાથી ડરતો નથી' તેમ કહીને પરિવાર સાથે ઝઘડો કરી ધમકી આપી હતી. આરોપીના આ વર્તન બાદ મામલો વધુ બિચક્યો હતો અને પરિવારે તુરંત જ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી, જેના આધારે પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

ત્યારબાદ યુવતીની માતાએ રામોલ પોલીસ સ્ટેશન પહોંચીને પોતાની પુત્રીની છેડતી કરનાર અને પરિવાર સાથે ઝઘડો કરનાર અરમાન મલિક વિરુદ્ધ વિધિવત રીતે લેખિત ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ, સામા પક્ષે આરોપી અરમાન મલિકે પણ પોતાની બચાવ મુદ્રા ઊભી કરવા માટે યુવતીના પરિવારજનો સામે વળતી ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી, જેના કારણે સ્થાનિક લેવલે વધુ રોષ ફેલાયો હતો. આ ઘટનાના સમાચાર વિસ્તારમાં વાયુવેગે પ્રસરતાં જ બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ (VHP) ના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને સ્થાનિક લોકોનો ટોળો રામોલ પોલીસ સ્ટેશન ખાતે એકત્ર થઈ ગયો હતો. કાર્યકરોએ આરોપી સામે ત્વરિત અને સખતમાં સખત કાયદાકીય પગલાં ભરવાની માંગ સાથે પોલીસ સ્ટેશન પરિસરમાં સૂત્રોચ્ચાર કર્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ફ્રાન્સમાં શિક્ષકોની અછતને લઈને આંદોલન હિંસક બન્યું: બ્લાસ્ટમાં 15 વર્ષના વિદ્યાર્થીનો હાથ ઊખડી ગયો

પેરિસ, તા.06

ફ્રાન્સમાં વિદ્યાર્થીઓ શિક્ષણ વ્યવસ્થામાં સુધારાની માગને લઈને રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. સપ્ટેમ્બરમાં શરૂ થયેલું આ આંદોલન હવે સમગ્ર દેશમાં ફેલાઈ ગયું છે. વિદ્યાર્થીઓ શાળાઓમાં વધતી ભીડ, જર્જરિત ઈમારતો અને શિક્ષકોની અછતનો વિરોધ કરી રહ્યા છે. છેલ્લા એક અઠવાડિયામાં વિદ્યાર્થીઓએ સેંકડો શાળાઓ બંધ કરાવી છે. આંદોલન દરમિયાન ઘણી જગ્યાએ વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે અથડામણ પણ થઈ છે. લેન્સ શહેરમાં એક શાળાની નજીક થયેલા વિસ્ફોટમાં 15 વર્ષના એક વિદ્યાર્થીનો હાથ ઊડી ગયો. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ પહેલાં ગયા અઠવાડિયે 14 વર્ષના ઈડન નામના વિદ્યાર્થીના માથા પર ટિયર ગેસ છોડ્યાના સમાચાર સામે આવ્યા હતા. તેના જડબામાં બે જગ્યાએ ફ્રેક્ચર થયું હતું અને તેને મોટી સર્જરી કરાવવી પડી હતી.

પ્રદર્શન દરમિયાન ઓછામાં ઓછા 190 વિદ્યાર્થીઓ ઘાયલ થયા છે, જ્યારે 5,060 લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાંના 87% સગીર છે. આ આંદોલન સપ્ટેમ્બરમાં પેરિસથી શરૂ થયું હતું. તેની શરૂઆત હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ કરી હતી. બાદમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ તેમાં જોડાઈ ગયા.

વિદ્યાર્થીઓની મુખ્ય ફરિયાદો શાળાઓની ખરાબ વ્યવસ્થાને લઈને છે. તેમનું કહેવું છે કે ઘણા વર્ગખંડોમાં જરૂર કરતાં વધુ વિદ્યાર્થીઓ છે, શાળાની ઈમારતો જર્જરિત છે અને શિક્ષકોની અછત છે. આ જ માંગને લઈને હવે મંગળવારે દેશભરમાં પ્રદર્શનની તૈયારી છે. મુખ્ય વિદ્યાર્થી સંગઠન યુનિયન સિન્ડિકલ લિસેનએ લોકોને આંદોલનમાં જોડાવાની અપીલ કરી છે. શિક્ષકોના સંગઠનોએ પણ પોતાના સભ્યોને મંગળવારના પ્રદર્શનમાં જોડાવા અપીલ કરી છે. આંદોલનની શરૂઆત 21 સપ્ટેમ્બરે પેરિસની એક શાળાથી થઈ હતી. વિદ્યાર્થીઓની માંગ હતી કે શાળામાં સ્ટાફ અને સંસાધનોની અછત દૂર કરવામાં આવે.

શાળામાં વધારાનો સ્ટાફ મોકલવામાં આવ્યા બાદ ત્યાંની હડતાળ સમાપ્ત થઈ ગઈ, પરંતુ ત્યાં સુધીમાં અન્ય વિસ્તારોમાં પણ વિરોધ શરૂ થઈ ગયો હતો. ત્યારબાદ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ પણ આંદોલનમાં

જોડાઈ ગયા. ફ્રાન્સમાં 2010માં લગભગ 8.33 લાખ બાળકોનો જન્મ થયો હતો, જે તે સમયે પાછલાં 36 વર્ષના સૌથી ઊંચા આંકડાઓમાંનો એક હતો.

જન્મદરમાં વધારાનું સૌથી મોટું કારણ 30 વર્ષથી વધુ ઉંમરની મહિલાઓમાં વધેલો પ્રજનન દર હતો. પ્રવાસી મહિલાઓનો પ્રજનન દર ફ્રાન્સમાં જન્મેલી મહિલાઓ કરતાં વધુ હતો.

હવે 2010માં જન્મેલા બાળકો 15-16 વર્ષના થઈ ચૂક્યા છે અને હાઈસ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે. પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યા વધવાની સરખામણીએ શાળાઓમાં વર્ગખંડો, સુવિધાઓ અને શિક્ષકોની સંખ્યા એ જ પ્રમાણમાં વધી નથી. 2008ની સરખામણીએ માધ્યમિક શાળાઓમાં હવે શિક્ષકોની સંખ્યા ઓછી છે, જ્યારે વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ 2.5 લાખ વધી ગઈ છે. આ દબાણને કારણે શાળાઓમાં ભીડ અને સુવિધાઓની અછત અંગેની ફરિયાદો વધી રહી છે.

ફ્રાન્સમાં હાલમાં વિરોધ માત્ર શાળાઓ સુધી મર્યાદિત નથી. શિક્ષકો, સરકારી કર્મચારીઓ, ફાયરફાઈટરો, આરોગ્યકર્મીઓ અને માછીમારો પણ અલગ-અલગ માંગણીઓને લઈને પ્રદર્શન કરી રહ્યા છે.

સરકારી કર્મચારીઓ: સરકારના ખર્ચમાં ઘટાડો કરવા અને વેતન રોકવાની યોજનાના વિરોધમાં પ્રદર્શન કરી રહ્યા છે. તેમને ડર છે કે બજેટમાં કાપની અસર તેમના પગાર અને અન્ય સુવિધાઓ પર પડશે.

શિક્ષકો: શાળાઓમાં શિક્ષકોની અછત અને કામના વધતા દબાણની સાથે સરકારની બજેટ નીતિઓનો વિરોધ કરી રહ્યા છે. ફાયરફાઈટરો: વધુ સારા સંસાધનો, ભંડોળ અને કામ કરવાની સુવિધાઓની માગ કરી રહ્યા છે. ઉનાળામાં લાગેલી મોટી જંગલની આગ બાદ તેમની પાસે પૂરતા સંસાધનો હોવાનો મુદ્દો પણ ઉઠ્યો છે.

આરોગ્યકર્મીઓ: સરકારી ખર્ચ અને જાહેર આરોગ્ય સેવાઓ પરના દબાણને લઈને વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે આરોગ્ય વ્યવસ્થાને પૂરતા સંસાધનો મળવા જોઈએ.

માછીમારો: ડીઝલના વધતા ભાવ સામે વિરોધ કરી રહ્યા છે. મોંઘા ઈંધણને કારણે માછીમારીનો ખર્ચ વધી ગયો છે, તેથી તેમણે બંદરો અને ઈંધણ ટર્મિનલોને અવરોધિત કરી દીધા છે.

ફ્રાન્સની મુશ્કેલીઓમાં મોંઘા ઈંધણે પણ વધારો કર્યો છે. ઈરાન યુદ્ધને કારણે તેલ અને ગેસના ભાવ વધી ગયા છે. પરિસ્થિતિ સંભાળવા માટે G7 દેશોએ પોતાના ભંડારમાંથી 10 કરોડ બેરલ ડીઝલ અને કાચું તેલ બહાર પાડવા સંમતિ આપી છે. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને આશા છે કે આથી પેટ્રોલ-ડીઝલના ભાવ ઝડપથી ઘટશે.

ફ્રાન્સ પર આશરે 4 ટ્રિલિયન ડૉલરનું સરકારી દેવું છે. આ દેશની વાર્ષિક અર્થવ્યવસ્થાના આશરે 119% જેટલું છે. સરકારી બૉન્ડ પર વ્યાજદર વધવાથી આ દેવું સંભાળવાનો ખર્ચ પણ વધી રહ્યો છે. 2027માં દેવા પર વ્યાજ ચૂકવવાનો ખર્ચ આશરે 100 અબજ ડૉલર સુધી પહોંચવાનો અંદાજ છે. ફ્રાન્સની વસ્તી વૃદ્ધ થઈ રહી છે. તેથી પેન્શન અને આરોગ્ય સેવાઓ પરનો ખર્ચ વધી રહ્યો છે. યુક્રેન યુદ્ધને કારણે સંરક્ષણ ખર્ચ પણ વધ્યો છે.

# હોર્મુઝ પાસે જહાજ પર હુમલામાં 11 ભારતીયો ઘાયલ: ભારતે તાત્કાલિક હુમલા રોકવા કહ્યું, છેલ્લા 6 મહિનામાં 100થી વધુ ભારતીય ઘાયલ

ઓમાન, તા.06

ભારતે મંગળવારે ઓમાન નજીક હોર્મુઝની ખાડીમાં પનામાના ધ્વજવાળા વેપારી જહાજ પર થયેલા હુમલાની નિંદા કરી. હુમલામાં 12 ક્રૂ સભ્યો ઘાયલ થયા, જેમાંથી 11 ભારતીય છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, જહાજ એમટી ઓન પીસ ઓમાનના કિનારેથી પસાર થઈ રહ્યું હતું. તે દરમિયાન તેના પર એક પ્રોજેક્ટાઈલથી હુમલો કરવામાં આવ્યો. જહાજમાં કુલ 19 લોકો સવાર હતા. તેમાં 17 ભારતીય નાગરિકો હતા. ઓમાની અધિકારીઓની મદદથી ઘાયલોને બહાર કાઢીને ઓમાનના ખાસાબમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ભારતે આ વિસ્તારમાં જહાજો પર થઈ રહેલા સતત હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી. તેણે શાંતિ અને સ્થિરતા માટે આવા હુમલાઓ તાત્કાલિક રોકવાની માગ કરી.



Ministry of External Affairs
Government of India

STATEMENT

We condemn the attack earlier today on a Panama-flagged commercial vessel MT On Peace (IMO 9893204) off the coast of Oman, where it was struck by a projectile while transiting the Strait of Hormuz. Of the total crew of 19, 17 are Indian nationals. It is learnt that 12 crew members have been injured, including 11 Indian nationals. With the assistance of Omani authorities, the injured crew have since been evacuated and are receiving medical treatment in Khasab, Oman. We thank the Omani authorities for their valuable support.

The continuing incidents of attacks on shipping in the region remain a cause of deep concern for India. We reiterate our call for an immediate cessation of such attacks in the interests of peace and stability in the region.

The targeting of commercial shipping, seafarers and civilian infrastructure in the region must end, and navigation and commerce through international waterways must be restored at the earliest.

06 October 2026

ફેબ્રુઆરીથી અત્યાર સુધી હોર્મુઝમાં થયેલા હુમલાઓમાં 100થી વધુ ભારતીય નાવિકો પ્રભાવિત થઈ ચૂક્યા છે. જ્યારે આ હુમલાઓમાં 11 ભારતીય નાવિકોના મોત થયા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે 29 સપ્ટેમ્બરે જણાવ્યું હતું કે પર્શિયન ખાડી અને આસપાસના વિસ્તારમાં અલગ-અલગ વાણિજ્યિક જહાજો પર 4,500થી વધુ ભારતીય નાવિકો કામ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે હોર્મુઝની પશ્ચિમે ભારતનો ધ્વજ ધરાવતા 6 વાણિજ્યિક જહાજો હાજર છે. આ ઉપરાંત વિદેશી ધ્વજ ધરાવતા 6 જહાજો પણ ભારત માટે સામાન લઈને જઈ રહ્યા છે. આ 12 જહાજો પર આશરે 163 ભારતીય નાવિકો સવાર છે. જયસવાલના જણાવ્યા અનુસાર, ભારતનું શિપિંગ મંત્રાલય આ જહાજોની અવરજવર પર નજર રાખી રહ્યું છે. ભારતીય દૂતાવાસો અને સ્થાનિક એજન્સીઓ સાથે મળીને નાવિકોની સુરક્ષા અને તેમની સ્થિતિ પર દેખરેખ રાખવામાં આવી રહી છે. જરૂર પડ્યે ભારતીય મિશન તેમની મદદ માટે જરૂરી પગલાં લઈ રહ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે 26 સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્રમાં કોમર્શિયલ જહાજો અને નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ, લાલ સમુદ્ર અને કાળા સમુદ્રમાં જહાજો અને નાવિકો પર સતત હુમલા થઈ રહ્યા છે. આ હુમલાઓને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવતા તેમણે કહ્યું હતું કે આવી હિંસા અને જાનહાનિ અટકવી જોઈએ. તેના બીજા દિવસે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભારતના નિવેદનમાં પણ જયશંકરે કહ્યું કે સમુદ્રમાં ઊભા થઈ રહેલા નવા ખતરાઓ પહેલેથી જ અસ્તિત્વમાં રહેલા જમીની સંકટને વધુ ગંભીર બનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે ખાડી અને અન્ય દરિયાઈ માર્ગો પર થયેલા હુમલાઓમાં ભારતીય તેમજ અન્ય દેશોના નાવિકોના જીવ ગયા છે. ભારતે તણાવ ઘટાડવા, સંયમ જાળવવા અને વ્યાવસાયિક જહાજોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવાની અપીલ કરી.

# પાકિસ્તાનનો ડ્રોન હુમલાઓથી બચવાનો સસ્તો ઉપાય: સેના-પોલીસના ઠેકાણાઓ પર માછલી પકડવાની જાળ લગાવી રહ્યા છે

ઈસ્લામાબાદ, તા.06

પાકિસ્તાનમાં ડ્રોન હુમલાઓથી બચવા માટે પોલીસ અને સેના હવે માછલી પકડવાના જાળનો ઉપયોગ કરી રહી છે. અલ જઝીરા મુજબ, ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ચોકીઓ અને સુરક્ષા ઠેકાણાઓની ઉપર કેટલીક ઊંચાઈએ આ જાળ લગાવવામાં આવી રહ્યા છે.

સુરક્ષાકર્મીઓનું માનવું છે કે હુમલાખોર ડ્રોન આ જાળમાં ફસાઈ શકે છે. તેનાથી ડ્રોન હુમલામાં થતું નુકસાન 40થી 50 ટકા સુધી ઘટાડી શકાય છે. જોકે, સુરક્ષા નિષ્ણાતોએ આ પદ્ધતિને સંપૂર્ણપણે વિશ્વસનીય માનવાનો ઈનકાર કર્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, જાળ લગાવવાની જરૂર એટલા માટે પડી કારણ કે આતંકીઓએ હુમલાની રીત બદલી નાખી છે. હવે તેઓ ગોળીબારી અને મોર્ટારની સાથે ડ્રોનનો પણ ઉપયોગ કરી રહ્યા છે.

ખૈબર પખ્તૂનખ્વાના હંગુ જિલ્લામાં 29 જુલાઈએ સૌથી ઘાતક હુમલાઓમાંનો એક થયો હતો. બોમ્બથી ભરેલા ડ્રોન વડે પોલીસ ચોકી પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમાં 11 પોલીસકર્મીઓ માર્યા ગયા હતા. ત્યારબાદ કેટલાંક કલાકો સુધી ચાલેલી અથડામણમાં 15 હુમલાખોરો પણ માર્યા ગયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ, આ વર્ષે ખૈબર પખ્તૂનખ્વાના હંગુ જિલ્લામાં ઓછામાં ઓછા 16 હુમલા થઈ ચૂક્યા છે. આ જ કારણે આ જિલ્લો પ્રાંતના સૌથી સંવેદનશીલ વિસ્તારોમાં સામેલ છે.

આવા હુમલાઓથી બચવા માટે હંગુ પોલીસે સસ્તો ઉપાય અપનાવ્યો. પોલીસ ચોકીની છત અને ચાર દીવાલો વચ્ચે કેટલાક મીટર ઊંચાઈએ માછલી પકડવાની જાળ લગાવવામાં આવી. તેનાથી ચોકીની ઉપર એક પ્રકારની જાળીદાર છત બની ગઈ.

હંગુના જિલ્લા પોલીસ અધિકારી તારિક હબીબના જણાવ્યા મુજબ, એક સામાન્ય પોલીસ ચેકપોસ્ટને આવા જાળથી ઢાંકવામાં લગભગ 1.4 લાખ રૂપિયા ખર્ચ થાય છે.

ખૈબર પખ્તૂનખ્વા પોલીસના પ્રવક્તા મુજબ, હંગૂ ઉપરાંત કોહાટ, કરક, બન્નૂ, લક્કી મરવત અને ડેરા ઈસ્માઈલ ખાન જેવા ઓછામાં ઓછા 5 અન્ય સંવેદનશીલ જિલ્લાઓમાં પણ પોલીસ ચોકીઓ અને ચેકપોસ્ટ પર આ જાળ લગાવવામાં આવી છે.

કેટલાક વિસ્તારોમાં સેનાના ઠેકાણાઓ પર પણ 'એન્ટી-ડ્રોન જાળ' લગાવવામાં આવી છે. પોલીસે આ યોજનાને આગળ વધારવા માટે પ્રાંતીય સરકાર પાસેથી વધારાના નાણાં પણ માંગ્યા છે.

ઈસ્લામાબાદ સ્થિત સેન્ટર ફોર રિસર્ચ એન્ડ સિક્યોરિટી સ્ટડીઝના કાર્યકારી નિર્દેશક ઈમ્તિયાઝ ગુલે તેને મૂર્ખતાભર્યો સસ્તો ઉપાય ગણાવ્યો.

તેમના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓનું નિશાન હંમેશાં પોલીસ સ્ટેશન અથવા ચેકપોસ્ટ જ હોય એવું નથી. ડ્રોનનો ઉપયોગ મોટા અને મહત્ત્વપૂર્ણ ઠેકાણાઓ પર હુમલો કરવા માટે કરવામાં આવે છે, જેથી હુમલાની અસર વધુ સ્પષ્ટ દેખાય અને લોકોમાં ભય પેદા થાય.

તેમણે કહ્યું કે અસલી સવાલ એ છે કે શું પાકિસ્તાનની સુરક્ષા એજન્સીઓ ડ્રોન હવામાં ઊડતાં જ તેને રોકવાની ક્ષમતા ધરાવે છે.

પેશાવરના આતંકવાદ અને સુરક્ષા નિષ્ણાત ફિદા અદીલે જણાવ્યું કે માછલી પકડવાના જાળથી ડ્રોનને રોકવો કોઈ નવી પદ્ધતિ નથી.

સેના પહેલેથી જ સામાન અને ઠેકાણાઓને છુપાવવા માટે આવા જાળનો ઉપયોગ કરતી રહી છે. યુક્રેનમાં પણ રશિયન ડ્રોનને રોકવા માટે તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

# હમામી કટ્ટરપંથી હતો છતાં તેને પેસેન્જર પ્લેન કેમ સોંપાયું?:ઈરાન કનેક્શન કે સુરક્ષામાં ચૂક? ફ્લાયદુબઈની બેદરકારી પર USનાં ઉપરાષ્ટ્રપતિએ કહ્યું- 'પાઈલટ સમસ્યા હતો'

વૉશિંગ્ટન, તા.06

અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સે સોમવારે કહ્યું કે ફ્લાયદુબઈનો કો-પાઈલટ હમામ અલ-હમામી પહેલેથી જ મુશ્કેલીમાં હતો. આ વાત અમેરિકન ઈન્ટેલિજન્સ નથી કહી રહ્યું, તેનો ઈતિહાસ પોતે જ સાક્ષી છે. તેમ છતાં તેને પેસેન્જર વિમાન ઉડાવવાની મંજૂરી કેવી રીતે મળી, તે સવાલ ઊભો થાય છે.

હમામી પર 30 સપ્ટેમ્બરે દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટના કોકપિટમાં ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કરવાનો અને વિમાનને ક્રેશ કરાવવાનો આરોપ છે.

આ દરમિયાન, ઓમાને કહ્યું કે કોઈ અન્ય દેશે હમામીની બેકગ્રાઉન્ડ તપાસ માટે માહિતી માંગી નહોતી. ઓમાનના જણાવ્યા મુજબ, જો કોઈ દેશે માહિતી માંગી હોત તો તે હમામીના કટ્ટરપંથી હોવા સાથે સંબંધિત ઉપલબ્ધ માહિતી ચોક્કસપણે શેર કરતા.

જેડી વેન્સના જણાવ્યા અનુસાર, ઓમાનના અધિકારીઓએ અગાઉ હમામીના વર્તન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેને ફ્લાઈટ ડ્યૂટીમાંથી પણ હટાવવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં ફ્લાયદુબઈએ તેને પેસેન્જર ફ્લાઈટ્સની જવાબદારી સોંપી દીધી.

ધ વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, ઓમાને 29 વર્ષીય હમામીની ઑનલાઈન પ્રવૃત્તિઓની તપાસ કરી હતી. તેની કટ્ટરપંથી વિચારધારામાં રુચિને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

2024માં આ જ કારણસર તેને ઓમાનની સરકારી એરલાઈનની પાઈલટ તાલીમમાંથી હટાવી દેવામાં આવ્યો હતો. બાદમાં તેને બીજી જવાબદારી સોંપવામાં આવી હતી. આશરે 8 મહિના પહેલાં તે ફ્લાયદુબઈ સાથે જોડાયો હતો.

અહેવાલ મુજબ, ઓમાને પોતાની તપાસની માહિતી અન્ય એજન્સીઓ અથવા એરલાઈન્સને આપી ન હતી. ફેબ્રુઆરીમાં જ્યારે ફ્લાયદુબઈએ હમામીને નોકરી આપી, ત્યારે તેણે તેની અગાઉની નોકરી અને રેકોર્ડની પુષ્ટિ કરવા માટે ઓમાનનો સંપર્ક કર્યો ન હતો.

ફ્લાયદુબઈની ઘટનામાં ઈરાનની ભૂમિકા અંગેના સવાલ પર વેન્સે કહ્યું કે અત્યાર સુધીમાં એવો કોઈ નક્કર પુરાવો મળ્યો નથી, જેનાથી ઈરાનનું કનેક્શન સાબિત થાય. તેમણે કહ્યું-

ઓમાન અને ઈઝરાઈલ વચ્ચે રાજદ્વારી સંબંધો નથી. આવી સ્થિતિમાં તપાસનો એક મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે હમામીને તેલ અવીવ જતી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં કો-પાઈલટ તરીકેની ડ્યૂટી કેવી રીતે મળી.

સીએનએનના જણાવ્યા અનુસાર, ઈઝરાઈલની શિન બેટ (તપાસ એજન્સી), મોસાદ (ગુપ્તચર એજન્સી), સેના અને પરિવહન મંત્રાલય સહિતની અનેક એજન્સીઓ આ પાસાની તપાસ કરી રહી છે. અગાઉ ઉઠેલી ચિંતાઓ છતાં હમામી ફ્લાઈટ ક્રૂનો ભાગ કેવી રીતે બન્યો તે તેઓ શોધી

રહ્યા છે.

ઘટના બાદ હમામીને સાઉદી અરેબિયાથી યુએઈ મોકલી દેવામાં આવ્યો, જ્યાં તેના વિરુદ્ધ આતંકવાદ સાથે જોડાયેલા કેસની તપાસ ચાલી રહી છે.

આરોપી ઓમાની સહ-પાઈલટ હમામ અલ-હમામીને UAEમાં મૃત્યુદંડની સજા થઈ શકે છે. એક વરિષ્ઠ અમીરાતી અધિકારીના જણાવ્યા મુજબ, હમામીને કટ્ટરપંથી વિચારધારાની તાલીમ મળી હતી.

તપાસમાં તેની પાસેથી કથિત રીતે ઉગ્રવાદી સામગ્રી મળી છે અને સોશિયલ મીડિયા પર લાંબા સમયથી કટ્ટરપંથી વિચારો સાથે જોડાયેલી તેની પ્રવૃત્તિઓ પણ સામે આવી છે.

UAEની એજન્સીઓ આ ઘટનાને માત્ર કોકપિટમાં થયેલી ઝપાઝપી નહીં, પરંતુ આતંકવાદી ઘટના તરીકે જોઈ રહી છે. આ આધારે આરોપી વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

હમામીએ એકલાએ જ વિમાનને ક્રેશ કરવાનું કાવતરું ઘડ્યું હતું. અહેવાલો મુજબ અત્યાર સુધી તેના કોઈ સંગઠન કે સરકાર સાથે જોડાયેલા હોવાની માહિતી મળી નથી.

ઈટાલીના અખબાર કોરિયેરે ડેલા સેરાના અહેવાલ મુજબ હમામીની યોજના કેપ્ટન સ્મિતની હત્યા કરીને વિમાનને તેલ અવીવની કોઈ ઊંચી ઈમારત સાથે અથડાવવાની હતી. તેણે કોકપિટમાં નમાઝ પઢવાનું બહાનું બનાવીને કેપ્ટન પર કુહાડીથી હુમલો કરી દીધો.

જ્યારે તેની પ્રથમ યોજના નિષ્ફળ થવા લાગી, ત્યારે તેણે વિમાનને રણમાં તોડી પાડવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન તેણે ઑટોપાઈલટ બંધ કરી દીધો, જેના કારણે વિમાન ઝડપથી નીચે આવવા લાગ્યું. તપાસકર્તાઓને શંકા છે કે હમામીએ વિમાનના બંને એન્જિન બંધ કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન વિમાન ઝડપથી જમીન તરફ નીચે જઈ રહ્યું હતું. તેની ઝડપ 970 કિલોમીટર પ્રતિ કલાકથી વધુ થઈ ગઈ હતી. આ દરમિયાન વિમાનનો પાછળનો ભાગ પણ તૂટી ગયો હતો. કો-પાઈલટ હમામીએ કંટ્રોલને પણ નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

ફ્લાઈટ FZ1073માં 174 લોકો સવાર હતા. હુમલા દરમિયાન કેપ્ટને વિમાનમાંથી ઈમરજન્સી સિગ્નલ મોકલ્યા હતા. આ દરમિયાન વ્યવસાયે પ્લમ્બર એવા યાનિવ હયૂને કંટ્રોલ સ્ટિક પોતાની તરફ ખેંચી હતી, જેના કારણે વિમાનનું ઝડપથી નીચે જવું અટકી ગયું હતું.

ત્યારબાદ બે ઑફ-ડ્યુટી પાઈલટોએ કૉકપિટનું નિયંત્રણ સંભાળ્યું અને વિમાનને સામાન્ય સ્થિતિમાં લાવવાનો પ્રયાસ કર્યો. બીજી તરફ, મુસાફરો અને ક્રૂની મદદથી આરોપી સહ-પાઈલટને કાબૂમાં લેવામાં આવ્યો.

સાઉદી અરેબિયાના એર ટ્રાફિક કન્ટ્રોલરોએ વિમાનને પરત વાળવા માટે કહ્યું. ત્યારબાદ ફ્લાઈટને તબુકમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવાના નિર્દેશ આપવામાં આવ્યા. પાઈલટોએ વિમાનને સુરક્ષિત રીતે ઉતાર્યું.

લેન્ડિંગ બાદ ઘાયલ કેપ્ટન સ્મિતને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યારે હમામ અલ-હમામીને સાઉદી અધિકારીઓને સોંપી દેવામાં આવ્યો.

# સાઉદી અરેબિયામાં તૈનાત થશે પાકિસ્તાન-તુર્કિયેની સેના: હૂતી બળવાખોરો સામે ત્રણેય દેશ એકસાથે આવ્યા

રિયાધ, તા.06

હૂતી બળવાખોરોની વધતી તાકાતે હવે સાઉદી અરેબિયાને સીધી સૈન્ય કાર્યવાહી કરવા માટે મજબૂર કરી દીધું છે. સાઉદી સમર્થિત યમનની સેનાએ હૂતીઓ વિરુદ્ધ અભિયાન શરૂ કરી દીધું છે. આ દરમિયાન પાકિસ્તાન અને તુર્કિયે પણ સાઉદી અરેબિયાની સુરક્ષા માટે પોતાના સૈન્ય દળો તૈનાત કરવાની તૈયારીમાં છે.

સોમવારે રિયાધમાં મક્કા સંરક્ષણ સમજૂતીની બેઠક યોજાઈ. તેમાં સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તુર્કિયેએ સામૂહિક સંરક્ષણ વ્યવસ્થાને સક્રિય કરવા અને સાઉદી અરેબિયામાં સૈન્ય દળોની ઝડપી તૈનાતી અંગે સંમતિ દર્શાવી.

આ પહેલાં પણ સાઉદીએ પાકિસ્તાન પાસેથી સૈન્ય મદદ માંગી હતી. જોકે, પાકિસ્તાને સપ્ટેમ્બરમાં મદદ આપવાનો ઈનકાર કર્યો હતો. જેરુસલમ

પોસ્ટના અહેવાલ મુજબ, પાકિસ્તાને ત્યારે કહ્યું હતું કે તેની સેના કોઈ અન્ય દેશની ધરતી પરના યુદ્ધમાં સામેલ નહીં થાય.

સપ્ટેમ્બરમાં હૂતીઓએ યમનના લાલ સમુદ્રના કિનારે ઝડપથી આગળ વધીને મોકા શહેર અને બાબ અલ-મંદેબની આસપાસના અનેક મહત્વપૂર્ણ વિસ્તારો પર કબજો કરી લીધો હતો. આથી આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ પર હૂતીઓની પકડ મજબૂત બની ગઈ હતી. પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. 5 ઓક્ટોબરે સાઉદી સમર્થિત યમની સેનાએ હૂથીઓ વિરુદ્ધ મોટું વળતો અભિયાન શરૂ કર્યું. યમની સેનાએ બાબ અલ-મંદેબ નજીકના ધુબાબ વિસ્તાર અને અનેક મહત્વપૂર્ણ ઠેકાણાઓ પર ફરીથી કબજો મેળવવાનો દાવો કર્યો. આ પછી સેના મોકા તરફ આગળ વધી અને યમની સરકારે શહેરને પણ હૂતીઓ પાસેથી પાછું મેળવવાનો દાવો કર્યો. રોયટર્સ અનુસાર, સરકારી દળોએ હૂતીઓને ગયા મહિને કબજે કરાયેલા મોટાભાગના વિસ્તારોમાંથી પાછળ ધકેલી દીધા છે. સાઉદી અરબ યમનમાં હૂતી બળવાખોરો વિરુદ્ધ યુદ્ધ શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. રોઈટર્સના અહેવાલ મુજબ, સાઉદી યમનમાં 1 લાખથી વધુ સૈનિકોને ઉતારી શકે છે. તેનો હેતુ બાબ અલ-મંદેબ જળમાર્ગને હૂતીઓના કબજામાંથી મુક્ત કરાવવાનો અને દરિયાઈ વેપારનો માર્ગ સુરક્ષિત કરવાનો છે. પહેલો વિકલ્પ: બાબ અલ-મંદેબની આસપાસ મર્યાદિત હુમલો કરીને દરિયાઈ માર્ગને સુરક્ષિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. બીજો વિકલ્પ: યમનના અનેક વિસ્તારોમાં એકસાથે ઓપરેશન ચલાવવામાં આવી શકે છે. તેમાં અલ-બાયદા, મારિબ, તાઈઝ અને અલ-જૌફ જેવા વિસ્તારોનો સમાવેશ થઈ શકે છે.

આ ઓપરેશનનું નેતૃત્વ યમનની સેનાઓ કરશે, જેમને સાઉદી અરબનું સમર્થન મળશે. જરૂર પડ્યે સાઉદી અરબ હવાઈ હુમલા પણ કરી શકે છે. રિયાધમાં સોમવારે યોજાયેલી બેઠક સાથે મક્કા સંરક્ષણ કરાર ઔપચારિક રીતે લાગુ થઈ ગયો. આ હેઠળ એક દેશ પરનો હુમલો ત્રણેય દેશો પરનો હુમલો ગણાશે. બેઠકમાં ત્રણેય દેશોના વરિષ્ઠ સંરક્ષણ અને સૈન્ય અધિકારીઓ સામેલ થયા. તુર્કિયે તરફથી વિદેશમંત્રી હાકાન ફિદાન અને સંરક્ષણમંત્રી યાશાર ગ્યૂલર, જ્યારે સાઉદી અરેબિયા તરફથી વિદેશમંત્રી પ્રિન્સ ફૈસલ બિન ફરહાન અને સંરક્ષણમંત્રી પ્રિન્સ ખાલિદ બિન સલમાન હાજર રહ્યા.

# અમેરિકન સૈનિકને ગોળી મારીને મોતની સજા આપવામાં આવશે: 65 વર્ષમાં આવો પહેલો કેસ, ધાર્મિક નારા લગાવીને 13 લોકોને મારી નાખ્યા હતા

ટેક્સાસ, તા.06

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પૂર્વ અમેરિકન સૈનિક નિદાલ હસનને ગોળી મારીને મોતની સજા આપવાનો આદેશ આપ્યો છે. પેન્ટાગોને સોમવારે આ માહિતી આપી હતી.

જો હસનની સજા લાગુ થશે, તો 1961 પછી અમેરિકાની સૈન્ય ન્યાય વ્યવસ્થા હેઠળ મોતની સજા મેળવનાર તે પ્રથમ વ્યક્તિ હશે. સૈન્ય વ્યવસ્થામાં છેલ્લે પ્રાઈવેટ જૉન એ. બેનેટને મોતની સજા આપવામાં આવી હતી.

હસને 2009માં ટેક્સાસના સૈન્ય મથક પર ધાર્મિક નારા લગાવતા ગોળીબાર કર્યો હતો, જેમાં 13 લોકોનાં મોત થયાં હતાં.

5 નવેમ્બર 2009ના રોજ સેનાના મનોચિકિત્સક મેજર નિદાલ હસન પિસ્તોલ લઈને ફોર્ટ હૂડ સૈન્ય મથકે પહોંચ્યો અને સૈનિકો તથા અન્ય લોકો પર અચાનક ગોળીબાર કરી દીધો. અમેરિકાના સૈન્ય મથક પર થયેલો આ સૌથી ઘાતક સામૂહિક



ગોળીબાર હતો. તે સમયે અમેરિકા અફઘાનિસ્તાન અને ઈરાકમાં યુદ્ધ લડી રહ્યું હતું. હસને બાદમાં કહ્યું હતું કે તે આ યુદ્ધોને ગેરકાયદેસર અને અનૈતિક માનતો હતો અને જેહાદ માટે હુમલો કર્યો હતો.

ગોળીબારમાં હસન પણ ઘાયલ થયો અને કમરથી નીચેનો ભાગ લકવાગ્રસ્ત થઈ ગયો. સૈન્ય કોર્ટમાં તેણે હત્યાઓની વાત સ્વીકારી. 2013માં તેને અગાઉથી હત્યાનું કાવતરું ઘડવા અને હત્યાના પ્રયાસના કુલ 45 કેસોમાં દોષી ઠેરવવામાં આવ્યો.

હસને હુમલા અંગે કોઈ અફસોસ વ્યક્ત કર્યો નહોતો. સૈન્ય માનસિક સ્વાસ્થ્ય પેનલ સમક્ષ તેણે કહ્યું કે તે ઈચ્છતો હતો કે હુમલામાં તેનું પણ મૃત્યુ થઈ જાય, જેથી તે શહીદ બની શકે. તેણે તો એમ પણ કહ્યું કે મૃત્યુદંડ મળ્યા બાદ પણ તે પોતાને શહીદ માનશે.

મેજર હસનનો જન્મ વર્જિનિયાના આર્લિંગ્ટનમાં પેલેસ્ટિનિયન મૂળના મુસ્લિમ માતા-પિતાના ઘરે થયો હતો. તેણે વર્જિનિયા ટેકમાં અભ્યાસ કર્યો અને 1997માં સૈન્ય મેડિકલ સ્કૂલની ટ્રેનિંગ શરૂ કરી.

હુમલા પહેલાંનાં કેટલાંક વર્ષોમાં ઈસ્લામ અંગેના તેના વિચારો વધુ કટ્ટર બનતા ગયા હતા. પેન્ટાગોનના પ્રવક્તા સીન પાર્નેલે પોતાના નિવેદનમાં હસનના જિહાદી હેતુનો ઉલ્લેખ કરીને તેને આતંકવાદી ગણાવ્યો હતો. જોકે, હસન પર આતંકવાદ સંબંધિત કલમો હેઠળ કેસ ચલાવવામાં આવ્યો ન હતો. રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યુ. બુશે 2008માં પ્રાઈવેટ રોનાલ્ડ એ. ગ્રેની મૃત્યુદંડની સજા મંજૂર કરી હતી. ગ્રેને 1980ના દાયકામાં બળાત્કાર અને હત્યાઓમાં દોષી ઠેરવવામાં આવ્યો હતો.

## તંત્રી લેખ

## સેન્ટ્રલ વિસ્ટાની નવી લાઇબ્રેરીમાં લાખો પુસ્તકોનું શું થશે? સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે માંગ્યો જવાબ

સેન્ટ્રલ વિસ્ટા યોજના હેઠળ પ્રસ્તાવિત નવી લાઈબ્રેરીને લઈને સુપ્રીમ કોર્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. નવી લાઈબ્રેરીના નિર્માણ અને તેમાં પુસ્તકો તથા અન્ય સુવિધાઓની વ્યવસ્થા અંગે સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર પાસેથી અનેક મહત્વપૂર્ણ વિગતો માંગી હતી. ખાસ કરીને હાલની સેન્ટ્રલ સેક્રેટેરીયેટ લાઈબ્રેરીમાં રહેલા લાખો પુસ્તકોને નવી જગ્યાએ કઈ રીતે ખસેડવામાં આવશે અને તેમને યોગ્ય રીતે સાચવવા માટે નવી ઈમારતમાં પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે કે નહીં તે અંગે કોર્ટે સવાલો ઉઠાવ્યા હતા. સુનાવણી દરમિયાન કોર્ટના ધ્યાન પર એવી માહિતી આવી હતી કે સેન્ટ્રલ સેક્રેટેરીયેટ લાઈબ્રેરીના આશરે બે લાખ પુસ્તકો દિલ્હીના આર.કે. પુરમ વિસ્તારમાં કાર્ટનમાં પેક કરીને રાખવામાં આવ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે આ પુસ્તકો વર્ષ 2011થી અત્યાર સુધી ખોલવામાં આવ્યા નથી. આ માહિતી સામે આવતા કોર્ટે પુસ્તકોની જાળવણી અને ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આટલા લાંબા સમયથી પુસ્તકો કાર્ટનમાં બંધ હોવાને કારણે તેમની સ્થિતિ શું છે અને ભવિષ્યમાં આ પુસ્તકોનો ઉપયોગ કેવી રીતે થશે તે મુદ્દો પણ મહત્વનો બની ગયો છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સ્પષ્ટપણે જણાવવા કહ્યું હતું કે નવી પ્રસ્તાવિત લાઈબ્રેરીમાં હાલના પુસ્તકોને કઈ રીતે ગોઠવવામાં આવશે અને તેના માટે કેટલાં પ્રમાણમાં જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પુસ્તકોને માત્ર એક જગ્યાએ ખસેડી દેવા પૂરતું નહીં પરંતુ લાંબા સમય સુધી તેમની યોગ્ય જાળવણી, સંરક્ષણ અને વાચકો માટે સરળતાથી ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી છે કે નહીં તે અંગે પણ કોર્ટે માહિતી માંગી હતી. સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા વધારાના સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીને પણ કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે સેન્ટ્રલ વિસ્ટા હેઠળ બની રહેલા નવા પ્રસ્તાવિત મકાનમાં કોન્ફરન્સ રૂમ, બેઠક વ્યવસ્થા અને અન્ય આધુનિક સુવિધાઓ માટે આયોજન કરવામાં આવ્યું છે, તો લાઈબ્રેરી માટે પણ શું તે જ પ્રકારની પૂરતી અને યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે? કોર્ટે એ જાણવા માંગ્યું હતું કે નવી ઈમારતના સમગ્ર આયોજનમાં લાઈબ્રેરીને માત્ર એક સામાન્ય સુવિધા તરીકે જોવામાં આવી છે કે પછી પુસ્તકોના વિશાળ સંગ્રહ અને તેના ઉપયોગને ધ્યાનમાં રાખીને વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

સર્વોચ્ચ અદાલતના સવાલો બાદ હવે કેન્દ્ર સરકાર માટે નવી લાઈબ્રેરીની વ્યવસ્થા અંગે સ્પષ્ટતા કરવી જરૂરી બની છે. ખાસ કરીને વર્ષોથી કાર્ટનમાં બંધ રહેલા પુસ્તકોને નવી લાઇબ્રેરીમાં કઈ રીતે લાવવામાં આવશે, તેમની હાલની સ્થિતિનું મૂલ્યાંકન કેવી રીતે થશે અને તેમને સુરક્ષિત રીતે સાચવવા માટે કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવશે તે બાબતો પર ધ્યાન કેન્દ્રિત થયું છે. પુસ્તકોને ભેજ, ગરમી, ધૂળ અને અન્ય પરિબળોથી બચાવવા માટે જરૂરી વાતાવરણ, શેલ્વિંગ, કેટલોગિંગ અને ડિજિટલ વ્યવસ્થા અંગે પણ યોગ્ય આયોજન જરૂરી હોવાનું કોર્ટની ચિંતામાંથી સ્પષ્ટ થાય છે.

સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અંતર્ગત નવી સરકારી ઈમારતો અને વિવિધ સુવિધાઓના નિર્માણનું કામ ચાલી રહ્યું છે. આવા મોટા પ્રોજેક્ટમાં આધુનિક માળખાકીય સુવિધાઓ સાથે જ્ઞાન અને સંદર્ભના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે લાઈબ્રેરીની ભૂમિકા પણ મહત્વની રહે છે. તેથી હાલની સેન્ટ્રલ સેક્રેટેરીયેટ લાઈબ્રેરીના પુસ્તકોનું યોગ્ય સંચાલન અને સંરક્ષણ માત્ર સ્થળાંતરનો મુદ્દો નથી, પરંતુ વર્ષોથી એકત્રિત થયેલા મહત્વપૂર્ણ જ્ઞાનસંગ્રહને સુરક્ષિત રાખવાનો પણ પ્રશ્ન છે. સુપ્રીમ કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર પાસેથી નવી ઈમારતમાં લાઈબ્રેરી માટે ઉપલબ્ધ જગ્યા, પુસ્તકો ગોઠવવાની વ્યવસ્થા અને અન્ય જરૂરી સુવિધાઓ અંગે વિગતવાર માહિતી માગી છે. હવે સરકાર તરફથી રજૂ થનારા જવાબમાં આ પુસ્તકોનું ભવિષ્ય શું હશે અને વર્ષોથી કાર્ટનમાં બંધ રહેલા પુસ્તકોને નવી લાઈબ્રેરીમાં કઈ રીતે સ્થાન આપવામાં આવશે તે અંગે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે.

**આ અવિશ્વાસ પાછળનું એક ઊંડું કારણ ઈરાન યુદ્ધ પણ છે. યુદ્ધમાં ટ્રમ્પે નાટોના સાથી દેશો પાસેથી સંપૂર્ણ લશ્કરી અને રાજદ્વારી સમર્થનની અપેક્ષા રાખી હતી. જોકે, લંડન અને પેરિસે વધુ સંયમ અને કૂટનીતિની તરફેણ કરીને વોશિંગ્ટનના તમામ નિર્ણયોનું આંખ મીંચીને સમર્થન કરવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો : અગાઉ ૨૦૨૫ના ધ હેગ સંમેલનમાં નાટો દેશોએ સંરક્ષણ ખર્ચ વધારવા અંગે મહત્ત્વના સંકલ્પો લીધા હતા**

# નાટોનું ભાવિ અને વૈશ્વિક સમીકરણો : બ્રિટન-ફ્રાન્સ અલગ થવાના આરે

## પોલેન્ડમાં પેન્ટાગોન દ્વારા આયોજિત એક અતિ મહત્ત્વપૂર્ણ બેઠકમાંથી બ્રિટન અને ફ્રાન્સને બાકાત રાખવાના અહેવાલોએ ભારે ઉથલપાથલ કરી દીધી

આ અવિશ્વાસ પાછળનું એક ઊંડું કારણ ઈરાન યુદ્ધ પણ છે. યુદ્ધમાં ટ્રમ્પે નાટોના સાથી દેશો પાસેથી સંપૂર્ણ લશ્કરી અને રાજદ્વારી સમર્થનની અપેક્ષા રાખી હતી. જોકે, લંડન અને પેરિસે વધુ સંયમ અને કૂટનીતિની તરફેણ કરીને વોશિંગ્ટનના તમામ નિર્ણયોનું આંખ મીંચીને સમર્થન કરવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો : અગાઉ ૨૦૨૫ના ધ હેગ સંમેલનમાં નાટો દેશોએ સંરક્ષણ ખર્ચ વધારવા અંગે મહત્ત્વના સંકલ્પો લીધા હતા, જેમાં ૨૦૩૫ સુધીમાં પોતાના જીડીપીના ૫ ટકા સુધી સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે ખર્ચ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. મોટાભાગના યુરોપિયન દેશો આ દિશામાં ધીમે ધીમે આગળ વધી રહ્યા છે, પરંતુ અમેરિકા તાત્કાલિક પરિણામો અને સંપૂર્ણ અમલીકરણની માંગ કરી રહ્યું છે, જેના કારણે ઘર્ષણ સર્જાઈ રહ્યું છે : નાટોની ૧૯૪૯ની વોશિંગ્ટન સંધિની કલમ ૧૩ મુજબ, જો કોઈ સભ્ય દેશ ગઠબંધન છોડવા માંગતો હોય, તો તેણે સંધિના ડિપોઝિટરી દેશને એક વર્ષ અગાઉ ઔપચારિક લેખિત નોટિસ આપવી પડે છે. આ સમય પૂરો થયા બાદ સભ્યપદ સત્તાવાર રીતે સમાપ્ત થાય છે. અત્યાર સુધી બ્રિટન કે ફ્રાન્સ દ્વારા આવી કોઈ પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી.

વિશ્વના સૌથી શક્તિશાળી અને વિશાળ લશ્કરી સંગઠન નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન એટલે કે નાટોના અસ્તિત્વ અને આંતરિક સ્થિરતા પર ફરી એક વખત ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે. અમેરિકી વહીવટીતંત્રના તાજેતરના કડક અને અણધાર્યા વલણને લીધે યુરોપિયન સહયોગીઓમાં અસંતોષ અને અસુરક્ષાની ભાવના પ્રબળ બની રહી છે. પોલેન્ડમાં પેન્ટાગોન દ્વારા આયોજિત એક અતિ મહત્ત્વપૂર્ણ બેઠકમાંથી બ્રિટન અને ફ્રાન્સ જેવા સ્થાપક અને પરમાણુ સંપન્ન દેશોને બાકાત રાખવાના અહેવાલોએ આંતરરાષ્ટ્રીય રાજદ્વારી વર્તુળોમાં ભારે ઉથલપાથલ કરી દીધી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કડક વિદેશનીતિ, સંરક્ષણ ખર્ચમાં ત્વરિત વધારા માટેનું દબાણ અને પશ્ચિમ એશિયા સહિતના વૈશ્વિક મુદ્દાઓ પર સાથી દેશો વચ્ચે સર્જાયેલા મતભેદોને કારણે આ સંગઠન હવે એક નાજુક વળાંક પર આવીને ઊભું રહ્યું છે.

આ વિવાદનું તાત્કાલિક કારણ પોલેન્ડમાં યોજાનારી એક ખાસ બેઠક છે, જેનું આયોજન પેન્ટાગોનના વરિ નીતિ પ્રમુખ એલ્બ્રિજ કોલ્બીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હોવાના અહેવાલો વહેતા થયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ બેઠકમાં નાટોના ભાવિ માળખા અને યુરોપિયન સુરક્ષા આર્કિટેક્ચર પર ચર્ચા કરવા માટે માત્ર અમુક પસંદગીના દેશોને જ આમંત્રણ આપવામાં આવ્યું છે. આશ્ચર્યજનક રીતે, યુરોપની બે સૌથી મોટી લશ્કરી શક્તિઓ, યુનાઈટેડ કિંગડમ અને ફ્રાન્સ, તેમજ બાલ્ટિક દેશોને આ મંત્રણામાંથી બહાર રાખવામાં આવ્યા છે. સામાન્ય રીતે નાટોના કોઈપણ મહત્ત્વપૂર્ણ નિર્ણય કે ભાવિ યોજનામાં તમામ દેશોની સર્વસંમતિ જરૂરી હોય છે, પરંતુ બંધ બારણે અમુક જ સભ્યો સાથે બેઠક કરવાની અમેરિકી રણનીતિએ બાકાત રખાયેલા દેશોને નારાજ અને શંકાશીલ બનાવ્યા છે.

આ બંધ બારણે યોજાનારી બેઠકમાં મુખ્યત્વે નોર્વે, સ્વીડન, ફિનલેન્ડ, પોલેન્ડ, જર્મની અને નેધરલેન્ડ્સ જેવા દેશોની ભાગીદારી હોવાનું સામે આવ્યું છે. અમેરિકી અધિકારીઓ અને તેમાં સામેલ કેટલાક રાજદ્વારીઓનો તર્ક એવો છે કે આ કોઈ નાટો વિરોધી જૂથ નથી, પરંતુ એક અનૌપચારિક 'વર્કિંગ ગ્રૂપ' છે. તેમનું કહેવું છે કે ઝડપી નિર્ણયો લેવા અને સુરક્ષા ક્ષેત્રે નવી વિચારસરણી વિકસાવવા માટે એક નાના જૂથમાં ચર્ચા થવી જરૂરી છે, જેના તારણો પાછળથી સમગ્ર ગઠબંધન સમક્ષ રજૂ કરવામાં આવશે. જોકે, બ્રિટન, ફ્રાન્સ અને અન્ય સાથી દેશો માટે આ ખુલાસો ગળે ઉતરે તેવો નથી. તેઓ માને છે કે આવા મહત્વના વિષયો પર

ગુપ્તતા રાખીને નિર્ણય લેવાની આ પ્રક્રિયા ગઠબંધનની એકતા અને પારદર્શિતાને ભારે નુકસાન પહોંચાડે છે. આ અવિશ્વાસ પાછળનું એક ઊંડું કારણ તાજેતરના સમયમાં પશ્ચિમ એશિયા, ખાસ કરીને ઈરાન સાથે સર્જાયેલી લશ્કરી પરિસ્થિતિ હોવાનું માનવામાં આવે છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને આ બાબતે આક્રમક વલણ અપનાવ્યું હતું અને નાટોના સાથી દેશો પાસેથી સંપૂર્ણ લશ્કરી અને રાજદ્વારી સમર્થનની અપેક્ષા રાખી હતી. જોકે, લંડન અને પેરિસે વધુ સંયમ અને કૂટનીતિની તરફેણ કરીને વોશિંગ્ટનના તમામ નિર્ણયોનું આંખ મીંચીને સમર્થન કરવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. આ રાજદ્વારી મતભેદ અમેરિકી પ્રશાસનને અણગમતો લાગ્યો હતો, જેના પરિણામે ટ્રમ્પે જાહેરમાં ચીમકી આપી હતી કે જે સાથીઓ સંકટના સમયે અમેરિકી હિતો સાથે અડીખમ ઊભા રહેતા નથી, તેમની સાથેના સુરક્ષા સંબંધોની પુન:સમીક્ષા કરવામાં આવશે.

અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથના નિવેદનો પણ આ નવી નીતિને સ્પષ્ટપણે ઉજાગર કરે છે. તેમના મતે, અમેરિકા હવે એવા સાથી દેશોને વિશેષ પ્રોત્સાહન અને મહત્ત્વ આપશે જે અમેરિકી પ્રાથમિકતાઓ અને વૈશ્વિક રણનીતિને સક્રિય ટેકો પૂરો પાડે છે. જે દેશો અમેરિકા સાથે સુમેળ સાધવામાં નિષ્ફળ રહે છે અથવા તેના વૈશ્વિક અભિયાનોનો વિરોધ કરે છે, તેમને સંરક્ષણ સહયોગમાં પરિણામો ભોગવવા પડી શકે છે. ટ્રમ્પની આ 'ગુડ એન્ડ બેડ એલાઇઝ' એટલે કે સારા અને ખરાબ સાથીઓની વિભાજનકારી નીતિએ નાટોની મૂળ વિચારધારા કે એક પર હુમલો એ બધા પર હુમલો ગણાશે, તેના સામૂહિક સુરક્ષાના પાયાને હચમચાવી દીધો છે.

નાટો દેશો વચ્ચે નાણાકીય બોજની વહેંચણી લાંબા સમયથી વિવાદનું કેન્દ્ર રહી છે. અગાઉ ૨૦૨૫ના ધ હેગ સંમેલનમાં નાટો દેશોએ સંરક્ષણ ખર્ચ વધારવા અંગે મહત્ત્વના સંકલ્પો લીધા હતા, જેમાં ૨૦૩૫ સુધીમાં પોતાના જીડીપીના ૫ ટકા સુધી સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે ખર્ચ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. આ લક્ષ્યાંક મુજબ સભ્ય દેશોએ ઓછામાં ઓછા ૩.૫ ટકા નાણાં મુખ્ય સૈન્ય જરૂરિયાતો માટે અને બાકીના ૧.૫ ટકા સાયબર, સરહદી અને વ્યાપક સુરક્ષા જરૂરિયાતો માટે ફાળવવાના હતા. મોટાભાગના યુરોપિયન દેશો આ દિશામાં ધીમે ધીમે આગળ વધી રહ્યા છે, પરંતુ અમેરિકા તાત્કાલિક પરિણામો અને સંપૂર્ણ અમલીકરણની માંગ કરી રહ્યું છે, જેના કારણે બંને પક્ષો વચ્ચે સતત ઘર્ષણ સર્જાઈ રહ્યું છે.

હવે પ્રશ્ન એ થાય છે કે શું ખરેખર બ્રિટન અને ફ્રાન્સ નાટોમાંથી અલગ થઈ જશે? હાલના સંજોગોમાં આ પ્રશ્નનો વાસ્તવિક જવાબ 'ના' છે. કોઈ એક કે બે વહીવટી બેઠકોમાંથી બાકાત રહેવું અને ઔપચારિક રીતે લશ્કરી સંધિમાંથી બહાર નીકળી જવું એ બે તદ્દન અલગ વિષયો છે. બ્રિટન કે ફ્રાન્સ તરફથી સંગઠન છોડવાનો કોઈ સત્તાવાર સંકેત કે નિવેદન આવ્યું નથી. બંને દેશો જાણે છે કે રશિયા તરફથી ઊભા થયેલા યુક્રેન સંકટ અને વૈશ્વિક અસ્થિરતા વચ્ચે સામૂહિક સુરક્ષા છત્ર ગુમાવવું યુરોપિયન ક્ષેત્ર માટે ખૂબ જોખમી સાબિત થઈ શકે છે.

કાનૂની દ્રષ્ટિએ પણ નાટોમાંથી બહાર નીકળવું કોઈ તાત્કાલિક કે સરળ પ્રક્રિયા નથી. નાટોની ૧૯૪૯ની વોશિંગ્ટન સંધિની કલમ ૧૩ મુજબ, જો કોઈ સભ્ય દેશ ગઠબંધન છોડવા માંગતો હોય, તો તેણે સંધિના ડિપોઝિટરી દેશ એટલે કે અમેરિકાને એક વર્ષ અગાઉ ઔપચારિક લેખિત નોટિસ આપવી પડે છે. આ નોટિસ સુપરત કર્યાના પૂરા બાર મહિના પછી જ સભ્યપદ સત્તાવાર રીતે સમાપ્ત થાય છે. અત્યાર સુધી બ્રિટન કે ફ્રાન્સ દ્વારા આવી કોઈ પ્રક્રિયા શરૂ કરવામાં આવી નથી, તેથી તેમના તાત્કાલિક બહાર નીકળવાની અટકળો માત્ર રાજદ્વારી દબાણ સર્જવા પૂરતી સીમિત જણાય છે.

આ તમામ તણાવ છતાં, સમગ્ર નાટો સંગઠન તૂટી જવાની કગાર પર પહોંચી ગયું છે તેવું માનવું અપરિપક્વ ગણાશે. હકીકતમાં આ પરિસ્થિતિ શીતયુદ્ધ પછી અમેરિકા અને પશ્ચિમી યુરોપ વચ્ચે સંરક્ષણ સ્વાતંત્ર્ય અંગે ચાલી રહેલા સંઘર્ષનું એક નવું સ્વરૂપ છે. ૨૦૨૬ના વર્તમાન સમયગાળામાં પણ ગઠબંધન પોતાની સંયુક્ત ક્ષમતાઓ અને ક્ષેત્રીય તૈયારીઓ વધારવા પર ભાર મૂકી રહ્યું છે. અંકારા ખાતે યોજાયેલી શિખર બેઠક બાદ નાટોના મહાસચિવ માર્ક રુટેએ સ્પષ્ટ કર્યું હતું કે યુરોપિયન દેશો અને કેનેડા પોતાના સંરક્ષણ બજેટમાં ઝડપી વધારો કરી રહ્યા છે અને સંગઠન ૨૦૩૫ સુધીના નિર્ધારિત નાણાકીય લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે સક્રિય છે.

એકંદરે, વર્તમાન સંકટ એ સંસ્થાકીય વિઘટન નહીં પરંતુ ગંભીર વ્યૂહાત્મક ખેંચતાણનું પ્રતિબિંબ છે. અમેરિકા પોતાના વૈશ્વિક રાજકીય પ્રભાવ અને ખર્ચના બોજને સંતુલિત કરવા માટે સાથી દેશો પર આક્રમક રીતે દબાણ લાવી રહ્યું છે, જ્યારે બ્રિટન અને ફ્રાન્સ જેવા સક્ષમ દેશો સાર્વભૌમત્વ અને સ્વતંત્ર વ્યૂહાત્મક નિર્ણયો લેવાના અધિકારનું રક્ષણ કરવા મક્કમ છે. પોલેન્ડની બેઠક અંગેનો વિવાદ એ બાબતનો મજબૂત સંકેત આપે છે કે ભવિષ્યમાં યુરોપે પોતાની સુરક્ષા માટે માત્ર અમેરિકી છત્ર પર નિર્ભર રહેવાને બદલે સ્વનિર્ભર સુરક્ષા વિકલ્પો તરફ વધુ ઝડપથી પગલાં ભરવા પડશે.

અમેરિકાની સુરક્ષા ગેરંટી અનિશ્ચિત બનતાં, ફ્રાન્સ અને બ્રિટન (યુકે) યુરોપમાં એક સ્વાયત્ત અને સક્ષમ સુરક્ષા માળખું ઊભું કરવાની આગેવાની લઈ શકે છે. યુરોપની બે સૌથી મોટી પરમાણુ અને પરંપરાગત લશ્કરી સત્તાઓ હોવાને કારણે બંને દેશો મુખ્યત્વે ચાર વ્યૂહાત્મક સ્તંભો દ્વારા આ વ્યવસ્થા બનાવી શકે છે.

સંયુક્ત પરમાણુ પ્રતિરોધક ક્ષમતા: અમેરિકાના પરમાણુ છત્ર વિના યુરોપનું રક્ષણ કરવા માટે ફ્રાન્સ અને યુકે પોતાના સ્વતંત્ર પરમાણુ શસ્ત્રાગારોનો ઉપયોગ કરી શકે છે. બંને દેશો ૨૦૧૦ના 'લેન્કેસ્ટર હાઉસ કરાર'ને વિસ્તૃત કરીને સમગ્ર યુરોપિયન ખંડને પોતાના સામૂહિક પરમાણુ સંરક્ષણ હેઠળ લાવવાની ઔપચારિક ઘોષણા કરી શકે છે, જે રશિયા કે અન્ય બાહ્ય જોખમો સામે નિર્ણાયક ઢાલ બનશે. સંયુક્ત દળો અને ઝડપી પ્રતિક્રિયા : બંને દેશો પાસે અગાઉથી અસ્તિત્વમાં રહેલા 'કમ્બાઈન્ડ જોઈન્ટ એક્સપિડિશનરી ફોર્સ' (ભવઈખ) જેવા માળખાને મોટા પાયે સક્રિય કરી શકાય છે. યુરોપિયન યુનિયન (ઈ) ના અન્ય સભ્યો, ખાસ કરીને જર્મની અને પોલેન્ડ સાથે મળીને આ દળને ૫૦,૦૦૦ થી વધુ સૈનિકોના સ્થાયી યુરોપિયન રિસ્પોન્સ ફોર્સમાં ફેરવી શકાય છે, જે અમેરિકી કમાન્ડ વિના ત્વરિત કાર્યવાહી કરી શકે. રિસોર્સ અને લોજિસ્ટિક્સ સ્વાયત્તતા : યુરોપ હાલમાં વ્યૂહાત્મક એરલિફ્ટ, રિકોનિસન્સ અને સેટેલાઇટ ઈન્ટેલિજન્સ માટે અમેરિકા પર વધુ પડતું નિર્ભર છે. યુકે અને ફ્રાન્સ સંયુક્ત રીતે ઉપગ્રહ દેખરેખ, ઈન્ટેલિજન્સ શેરિંગ અને ભારે લશ્કરી પરિવહનમાં રોકાણ વધારીને આ મહત્વપૂર્ણ અંતર પૂરી શકે છે.

## જ્ઞાન એટલે હું કોણ છું તે સમજવું અને વૈરાગ્ય એટલે જે હું નથી તેને છોડવું

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

શ્રીકૃષ્ણના સ્વરૂપનું જેને બરાબર જ્ઞાન થાય તે ઈશ્વરથી જુદો રહી શકતો નથી.સર્વમાં ઈશ્વરને જોનારો પોતે ઈશ્વર બને છે ત્યાં અદ્વૈત સધાય છે.આ એક વાક્યમાં આખું ભાગવત આવી જાય છે. આપણે મંદિરમાં જઈને ભગવાનને જોઈએ છીએ, પણ ભાગવત કહે છે કે ભગવાનને જોવા નહીં, ભગવાનમય થઈ જવાનું છે. જ્યાં સુધી દ્રષ્ટા અને દશ્ય બે છે ત્યાં સુધી દ્વૈત છે. જ્યારે બે મટીને એક થઈ જાય ત્યાં અદ્વૈત પણ આ અદ્વૈત સહેલું નથી. જીવનો જીવભાવ ન જાય ત્યાં સુધી અપરોક્ષાનુભવ ન થાય. આનું નામ અદ્વૈતનું જ્ઞાન. હું શરીર છું, હું મન છું, હું કર્તા છું - આ ભાવ જીવભાવ છે. આ ભાવ ટળે ત્યારે બ્રહ્મભાવ પ્રગટે.અને આ માટે ક્રમ છે. જીવ અને બ્રહ્મનું અદ્વૈત સિદ્ધ થાય તે પહેલાં જીવ અને ગુરુનું અદ્વૈત સિદ્ધ થવું જોઈએ. ગુરુ સાથે મનથી એક થવાનું છે, શરીરથી નહીં. શરીરથી તો બધા ગુરુની પાસે બેસે છે, પણ મનથી ગુરુના વિચાર સાથે એક થાય ત્યારે જ્ઞાન પ્રગટે.

એટલે જ ભાગવતના ત્રીજા સ્કંધ માં ચોવીસ અવતારોની કથા કહી છે. આ કોઈ ઈતિહાસ નથી, આ સાધનાનો ક્રમ છે. એક પછી એક પગથિયું ચડતા ચડતા જીવ કેમ શિવ બને છે તેનો નકશો છે.

માયાનું ગણિત: શુદ્ધ સોનાનો ઘાટ કેમ ન ઘડાય?શાસ્ત્ર કહે છે, શુદ્ધ બ્રહ્મ માયાના સંસર્ગ વિના અવતાર લઈ શકે નહીં. આ વાત સમજવા જેવી છે.

સો ટચનું સોનું એટલું શુદ્ધ હોય છે કે તેનાથી ઘાટ ઘડી શકાય નહીં. તે એટલું મુલાયમ હોય કે હાથમાં લો તો વળી જાય.ઘાટ ઘડવા માટે સોનીભાઈ તેમાં થોડું તાંબુ કે ચાંદી ઉમેરે છે.તાંબુ ઉમેરવાથી સોનું અશુદ્ધ નથી થતું,પણ ઉપયોગી થાય છે.તેમ પરમાત્મા પણ માયાનો આશ્રય કરી પ્રગટ થાય છે.પણ ફરક એટલો જ છે કે ઈશ્વરને તે માયા બાધક થતી નથી,જીવને માયા બાધક થાય છે.ભગવાન માયાના સ્વામી છે,આપણે માયાના દાસ છીએ.

એક કમળ કાદવમાં ઊગે છે, પણ કાદવ કમળને ચોંટતો નથી. અને આપણે? આપણે કાદવમાં પડીએ તો કાદવવાળા થઈ જઈએ. ભગવાન માયામાં આવે છે પણ માયાથી લેપાતા નથી. એટલે જ તેમને પુરુષોત્તમ કહ્યા.માટે ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનના અવતારોની કથા સાંભળો ધર્મનું સ્થાપન કરવા અને જીવોના ઉદ્ધાર કરવા પરમાત્મા અવતાર ધારણ કરે છે. અને સૌથી મોટી વાત ઠાકોરજી નો અવતાર તમારા ઘરમાં થવો જોઈએ, મંદિરમાં નહીં. માનવ શરીર એ ઘર છે,અને એ જ મંદિર છે. બહારના મંદિરમાં તો તમે દર્શન કરવા જાઓ છો, પણ જો અંદરના મંદિરમાં પધરામણી કરવી હોય તો આ ચોવીસ પગથિયાં ચડવા પડશે.

પ્રથમ છ પગથિયાં-બ્રાહ્મણ ધર્મનો આદર્શ:અંદરની શુદ્ધિ આ છ અવતારો આપણા અંતઃ કરણને શુદ્ધ કરે છે.સનતકુમારોનો અવતાર બ્રહ્મચર્ય:પહેલો અવતાર સનત કુમારોનો, તે બ્રહ્મચર્યનું પ્રતીક છે. કોઈપણ ધર્મ માં બ્રહ્મચર્ય પ્રથમ આવે છે.બ્રહ્મચર્ય એટલે માત્ર ઈન્દ્રિય સંયમ નહીં.બ્રહ્મમાં ચરવું એટલે બ્રહ્મચર્ય.બ્રહ્મચર્યથી મન, બુદ્ધિ,ચિત્ત,અહંકાર પવિત્ર થાય છે. અંતઃકરણ શુદ્ધ થાય છે.

આજે લોકો બ્રહ્મચર્યને શરીર સાથે જોડે છે, પણ તે મનનું છે.જેનું મન ભગવદાકાર નથી તેનું બ્રહ્મચર્ય નથી.આ પહેલું પગથિયું છે.

*વરાહ અવતાર-સંતોષ વરાહ એટલે વર+આહ.વર એટલે શ્રેષ્ઠ અને આહ એટલે દિવસ. જે દિવસે સત્કર્મ થાય તે દિવસ શ્રેષ્ઠ.સત્કર્મ માં સૌથી મોટું નડતર કયું? લોભ.

હિરણ્યાક્ષ પૃથ્વીને પાતાળમાં લઈ ગયો. હિરણ્ય એટલે સોનું, અક્ષ એટલે આંખ. જેની આંખમાં હંમેશા સોનું જ છે તે હિરણ્યાક્ષ છે.તે પૃથ્વી એટલે મનને પાતાળમાં લઈ જાય છે. વરાહ ભગવાને તેને માર્યો. વરાહ અવતાર સંતોષનો અવતાર છે. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો. પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં રાજી રહો. એક ફકીર પાસે બધું હતું પણ તે દુઃખી હતો,કારણકે તેને વધુ જોઈતું હતું.એક ગરીબ પાસે કંઈ નહોતું પણ તે સુખી હતો, કારણ કે તેને જે છે તેમાં સંતોષ હતો.સંતોષ એ જ સૌથી મોટી લક્ષ્મી છે.

*નારદજી-ભક્તિનો અવતાર: બ્રહ્મચર્ય પાળે અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખે,તેને નારદ એટલે ભક્તિ મળે.નારદજી ભક્તિના આચાર્ય છે. જેના હાથમાં સતત વીણા છે અને મુખમાં નારાયણ છે. ભક્તિ એટલે શું?ભગવાનને યાદ કરવા એ ભક્તિ નથી, ભગવાનને ભૂલી ન શકવા એ ભક્તિ છે.

*નર-નારાયણ - સાક્ષાત્કાર:ભક્તિ મળે એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય.નર એટલે જીવ,નારાયણ એટલે શિવ. બંને બદરીકાશ્રમમાં તપ કરે છે. જીવ અને શિવ સાથે તપ કરે ત્યારે જ અદ્વૈત થાય. *કપિલદેવ-જ્ઞાન-વૈરાગ્ય:ભક્તિ મળે પણ તે દૃઢ ન થાય જો જ્ઞાન- વૈરાગ્ય ન હોય. ઘણા લોકો ભક્તિ કરે છે પણ જરા અમથી મુશ્કેલી આવે તો ભગવાનને છોડી દે. કારણ કે જ્ઞાન નથી. કપિલ ભગવાને માતા દેવહૂતિને સાંખ્ય શાસ્ત્ર આપ્યું. જ્ઞાન એટલે હું કોણ છું તે સમજવું અને વૈરાગ્ય એટલે જે હું નથી તેને છોડવું. ભક્તિ સાથે જ્ઞાન-વૈરાગ્ય હોય તો તે કાયમ ટકે.

*દત્તાત્રેય - ગુણાતીત:ઉપરના પાંચ ગુણો બ્રહ્મચર્ય, સંતોષ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય તમારામાં આવશે, તો તમે ગુણાતીત થશો. તમે 'અત્રિ' થશો - એટલે ત્રણ ગુણથી પર,તો ભગવાન 'દત્ત' એટલે તમારી પાસે આવશે. દત્તાત્રેયે ૨૪ ગુરુ કર્યા- પૃથ્વી,પવન, આકાશથી માંડીને વેશ્યા સુધી. જેને બધામાંથી શીખવું છે તેને ગુરુની ખોટ નથી.

આ છ અવતારો બ્રાહ્મણ માટેના છે. બ્રાહ્મણ એટલે જન્મથી નહીં,કર્મ થી.જેનામાં આ છ ગુણ છે તે બ્રાહ્મણ.સાતથી તેર ક્ષત્રિય અને વૈશ્ય ધર્મ: બહારની વ્યવસ્થા

*સાતમો યજ્ઞ, આઠમો ઋષભદેવ, નવમો પૃથુરાજા, દસમો મત્સ્ય નારાયણ: આ ચાર અવતારો ક્ષત્રિયો માટેના છે. તે ક્ષાત્રધર્મનો આદર્શ બતાવે છે. યજ્ઞ એટલે ત્યાગ વિના રાજા ન ચાલે. ઋષભદેવે પોતાના પુત્રોને ઉપદેશ આપ્યો કે આ મનુષ્ય શરીર ભોગ માટે નથી, તપ માટે છે. પૃથુરાજાએ પૃથ્વીને દોહી અને મત્સ્ય ભગવાને વેદોની રક્ષા કરી. ક્ષત્રિય એટલે રક્ષક. *અગિયારમો કૂર્મ,બારમો ધન્વંતરી, તેરમો મોહિની:આ ત્રણ વૈશ્ય માટેના છે. કૂર્મ અવતારે સમુદ્ર મંથનમાં મંદરાચળ પર્વતને પીઠ પર ધારણ કર્યો - ધીરજનું પ્રતીક. વેપારમાં ધીરજ જોઈએ. ધન્વંતરી આરોગ્ય આપે છે અને મોહિની અસુરોને મોહ પમાડીને દેવોને અમૃત અપાવે છેવ્યવહાર કુશળતા. ચૌદથી ઓગણીસ પ્રેમની પરાકાષ્ઠા *નૃસિંહ -પુષ્ટિનો અવતાર:પ્રહલાદ ઉપર કૃપા કરી છે. પ્રહલાદ જેવી દૃષ્ટિથી જુઓ તો થાંભલામાં ભગવાનનાં દર્શન થશે. ઈશ્વર સર્વ વ્યાપક છે એમ બોલવાનું નથી, તેનો અનુભવ કરવાનો છે. આપણે કહીએ છીએ ભગવાન બધે છે, પણ થાંભલાને લાત મારીએ છીએ. પ્રહલાદે થાંભલામાં જોયા. *વામન-બલિરાજાનું સમર્પણ: બલિ રાજા પૂર્ણ નિષ્કામ છે.માથે ભક્તિનું છત્ર છે અને ધર્મનું બખ્તર પહેર્યું છે. તેને ભગવાન પણ મારી શકતા નથી. પરમાત્મા મોટા છે તો પણ બલિ રાજા આગળ તેઓ વામન એટલે નાના બન્યા છે. જે ભક્ત સંપૂર્ણ સમર્પણ કરે તેની આગળ ભગવાન નાના બની જાય છે.

# ચૂંટણી વ્યવસ્થાને લઈને ખડગેનો સરકાર પર પ્રહાર, ત્રણ માંગણીઓ પર સમાધાન નહીં

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દેશની ચૂંટણી વ્યવસ્થા અને ચૂંટણી પ્રક્રિયાને લઈને પાર્ટી તરફથી ત્રણ મુખ્ય માંગણીઓ રજૂ કરી છે. ખડગેએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે કોંગ્રેસ માટે આ ત્રણેય મુદ્દા અત્યંત મહત્વપૂર્ણ છે અને તેના પર કોઈપણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે ચૂંટણી પ્રક્રિયામાં ચાલી રહેલી એસઆઈઆર એટલે કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા રદ કરવાની માગ કરી છે. આ ઉપરાંત દેશમાં ચૂંટણી બેલેટ પેપર દ્વારા કરાવવાની પણ કોંગ્રેસે માંગણી કરી છે.

મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને કોંગ્રેસની આ ત્રણેય માંગણીઓ અંગે પક્ષનું વલણ સ્પષ્ટ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસના કાર્યકરો ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષોના નેતાઓ અને કાર્યકરો સાથે મળીને દેશભરમાં આ મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ખડગેએ કહ્યું કે ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને વિશ્વસનીયતા જાળવવા માટે આ મુદ્દાઓને ગંભીરતાથી લેવામાં આવવા જોઈએ અને જ્યાં સુધી આ બાબતે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે ત્યાં સુધી કોંગ્રેસ પોતાનો સંઘર્ષ ચાલુ રાખશે.

કોંગ્રેસ અધ્યક્ષે ખાસ કરીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી કરી છે. કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચની કામગીરી અને કેટલાક ચૂંટણી સંબંધિત નિર્ણયોને લઈને અગાઉ પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. હવે ખડગેએ આ માંગણીને પક્ષની ત્રણ એવી મુખ્ય માંગણીઓમાં સામેલ કરી છે, જેના પર કોંગ્રેસ કોઈ સમજૂતી કરવા તૈયાર નથી. કોંગ્રેસનું કહેવું છે કે ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાની કામગીરી અંગે લોકોમાં સંપૂર્ણ વિશ્વાસ રહે તે જરૂરી છે અને તેના માટે ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શક હોવી જોઈએ.

બીજી તરફ, એસઆઈઆર એટલે કે મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનને લઈને પણ કોંગ્રેસ સતત વિરોધ કરી રહી છે. પાર્ટીનો આરોપ છે કે મતદાર યાદીના આવા વ્યાપક પુનરીક્ષણ દરમિયાન મોટી સંખ્યામાં મતદારોના નામ અંગે પ્રશ્નો ઊભા થઈ શકે છે અને યોગ્ય પ્રક્રિયા તથા પૂરતી પારદર્શિતા વગર મતદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કોંગ્રેસે એસઆઈઆર રદ કરવાની માંગણી કરીને ચૂંટણી પંચની આ પ્રક્રિયા સામે પોતાનું આક્રમક વલણ વધુ સ્પષ્ટ કર્યું છે.

ત્રીજી મહત્વપૂર્ણ માંગણી ચૂંટણી બેલેટ પેપરથી કરાવવાની છે. કોંગ્રેસ લાંબા સમયથી ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન એટલે કે ઈવીએમ દ્વારા થતી ચૂંટણી પ્રક્રિયા અંગે સવાલો ઉઠાવતી રહી છે. પાર્ટી તરફથી મતદાન અને મતગણતરીની પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ વધારવા માટે બેલેટ પેપરનો વિકલ્પ અપનાવવાની માંગણી કરવામાં આવી રહી છે. ખડગેએ આ માંગણીને પણ કોંગ્રેસની એવી માંગણીઓમાં સામેલ કરી છે, જેમાં કોઈ સમાધાન નહીં કરવામાં આવે તેવું સ્પષ્ટ કર્યું છે. ખડગેએ પોતાની પોસ્ટમાં દેશના વિવિધ વિસ્તારોમાં આ મુદ્દાઓને લઈને ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસના કાર્યકરો ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષો સાથે મળીને અલગ-અલગ સ્થળોએ આ ત્રણેય માંગણીઓને લઈને અવાજ ઉઠાવી રહ્યા છે. તેમણે દેશના વિવિધ ભાગોમાં ચૂંટણી વ્યવસ્થાને લઈને સંઘર્ષ કરી રહેલા લોકો પ્રત્યે સમર્થન વ્યક્ત કરતાં કહ્યું હતું કે કોંગ્રેસ આવા તમામ લોકોની સાથે ઉભી છે.

આ સમગ્ર મુદ્દાને લઈને હવે આગામી દિવસોમાં કોંગ્રેસ અને ચૂંટણી પંચ વચ્ચેનો રાજકીય ટકરાવ વધુ ઉગ્ર બનવાની શક્યતા છે. કોંગ્રેસે ત્રણેય માંગણીઓને પક્ષના અભિયાનના મુખ્ય કેન્દ્રમાં રાખી છે અને દેશભરમાં વિરોધ પ્રદર્શન દ્વારા આ મુદ્દાઓને જનતા સુધી પહોંચાડવાનો પ્રયાસ શરૂ કર્યો છે. બીજી તરફ, ચૂંટણી પ્રક્રિયા અને મતદાર યાદી સાથે જોડાયેલા આ મુદ્દાઓ પર ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર તરફથી શું વલણ અપનાવવામાં આવે છે તેના પર પણ રાજકીય વર્તુળોની નજર રહેશે. ખડગેના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે કોંગ્રેસ આ મુદ્દાઓને માત્ર રાજકીય નિવેદન સુધી મર્યાદિત રાખવાના બદલે તેને રાષ્ટ્રીય સ્તરના આંદોલન તરીકે આગળ વધારવાની તૈયારીમાં છે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસના કાર્યકરો ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષોના નેતાઓ અને કાર્યકરો સાથે મળીને દેશભરમાં આ મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ખડગેએ કહ્યું કે ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને વિશ્વસનીયતા જાળવવા માટે આ મુદ્દાઓને ગંભીરતાથી લેવામાં આવવા જોઈએ અને જ્યાં સુધી આ બાબતે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે ત્યાં સુધી કોંગ્રેસ પોતાનો સંઘર્ષ ચાલુ રાખશે. કોંગ્રેસ અધ્યક્ષે ખાસ કરીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી કરી છે. કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચની કામગીરી અને કેટલાક ચૂંટણી સંબંધિત નિર્ણયોને લઈને અગાઉ પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. હવે ખડગેએ આ માંગણીને પક્ષની ત્રણ એવી મુખ્ય માંગણીઓમાં સામેલ કરી છે, જેના પર કોંગ્રેસ કોઈ સમજૂતી કરવા તૈયાર નથી. કોંગ્રેસનું કહેવું છે કે ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થાની કામગીરી અંગે લોકોમાં સંપૂર્ણ વિશ્વાસ રહે તે જરૂરી છે.

## કલોલ સ્ટેશનનો ₹48.22 કરોડના ખર્ચે થયો વ્યાપક પુનર્વિકાસ

# શહેરના બંને છેડા અને તમામ પ્લેટફોર્મને જોડતો 40 ફૂટ પહોળો ફૂટ ઓવર બ્રિજ, લિફ્ટ તેમજ આધુનિક મુસાફર સુવિધાઓ વિકસાવવામાં આવી

### આશરે 14,000 ચોરસ ફૂટના આધુનિક સ્ટેશન ભવન અને 20,000 ચોરસ ફૂટના કવર શેડથી મુસાફરોને મળશે વધુ સારી સુવિધા

**અમદાવાદ, તા.06**

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના કલોલ રેલવે સ્ટેશનનો અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આશરે 48.22 કરોડના ખર્ચે વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવ્યો છે. પુનર્વિકાસ બાદ સ્ટેશનને આધુનિક, સુરક્ષિત, સુગમ અને આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું છે. સ્ટેશન ભવનનું ઉન્નતીકરણ, નવો એન્ટ્રી ગેટ અને પોર્ચ, આકર્ષક ફસાડ, વિશાળ સર્ક્યુલેટિંગ એરિયા, પાર્કિંગ, ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મનું વિસ્તરણ, કવર ઓવર પ્લેટફોર્મ તેમજ બીજા પ્રવેશદ્વાર સહિતના તમામ મુખ્ય કામો પૂર્ણ થઈ ચૂક્યા છે.

**14,000 ચોરસ ફૂટનું આધુનિક સ્ટેશન ભવન**

કલોલ સ્ટેશન પર આશરે 14,000 ચોરસ ફૂટ વિસ્તારમાં આધુનિક સ્ટેશન ભવન વિકસાવવામાં આવ્યું છે. સ્ટેશન ભવનમાં મુસાફરોની સુવિધા માટે વધુ સારી મુસાફર સુવિધાઓની જોગવાઈ કરવામાં આવી છે. સ્ટેશનના નવા ભવનને આધુનિક સ્થાપત્ય શૈલી અનુસાર તૈયાર કરવામાં આવ્યું છે તથા આકર્ષક ફસાડ અને ભિત્તિચિત્રો (Murals) દ્વારા સ્ટેશન પરિસરનું સૌંદર્યીકરણ કરવામાં આવ્યું છે.

**બે નવા પ્રવેશ અને નિકાસ દ્વાર**

મુસાફરોની અવરજવરને સુગમ બનાવવા માટે 70 અને 80 ચોરસ ફૂટ પહોળા બે નવા પ્રવેશદ્વાર તેમજ સમાન કદના બે બહાર નીકળવાના દ્વાર વિકસાવવામાં આવ્યા છે. આ સુવિધાઓથી સ્ટેશનમાં મુસાફરોના પ્રવેશ અને બહાર નીકળવાની વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બની છે.

**40 ફૂટ પહોળો ફૂટ ઓવર બ્રિજ અને લિફ્ટની સુવિધા**

મુસાફરોની સુરક્ષિત અને સુગમ અવરજવર માટે આશરે 7,000 ચોરસ ફૂટ વિસ્તારમાં 40 ફૂટ પહોળો અને 173 ફૂટ લાંબો ફૂટ ઓવર બ્રિજ (FOB) તૈયાર કરવામાં આવ્યો છે. આ ફૂટ ઓવર બ્રિજ શહેરના બંને છેડા તેમજ તમામ પ્લેટફોર્મોને જોડે છે, જેના કારણે મુસાફરોને પ્લેટફોર્મ બદલવામાં વધુ સુવિધા મળે છે.ફૂટ ઓવર બ્રિજ પર લિફ્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેનાથી વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો તેમજ અન્ય મુસાફરોને પ્લેટફોર્મ વચ્ચે અવરજવર કરવામાં વિશેષ સુવિધા મળશે.

**20,000 ચોરસ ફૂટનો કવર શેડ અને 2,370 ચોરસ ફૂટનો વેઈટિંગ હોલ**

મુસાફરોને હવામાનથી સુરક્ષા અને વધુ સારી સુવિધા પૂરી પાડવા માટે પ્લેટફોર્મ પર આશરે 20,000 ચોરસ ફૂટનો કવર શેડ વિકસાવવામાં આવ્યો છે. આ ઉપરાંત આશરે 2,370 ચોરસ ફૂટનો વિશાળ વેઈટિંગ હોલ મુસાફરોને આરામદાયક પ્રતીક્ષાસ્થળની સુવિધા પૂરી પાડે છે.

**55 કાર અને 110 દ્વિચક્રી વાહનો માટે પાર્કિંગ**

સ્ટેશન પરિસરમાં આશરે 18,750 ચોરસ ફૂટ વિસ્તારમાં વ્યવસ્થિત પાર્કિંગ સુવિધા વિકસાવવામાં આવી છે. અહીં 55 કાર અને 110 દ્વિચક્રી વાહનોના પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ છે. તેનાથી સ્ટેશન પરિસરમાં વાહનોની અવરજવર અને પાર્કિંગ વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બની છે.

**પ્લેટફોર્મ વિસ્તરણ, COP અને બીજા પ્રવેશદ્વારનો વિકાસ**

મુસાફરોની વધતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્લેટફોર્મ વિસ્તરણનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કવર ઓવર પ્લેટફોર્મ (COP)નું કાર્ય પણ પૂર્ણ થઈ ચૂક્યું છે. સ્ટેશન પર બીજા પ્રવેશદ્વાર (Second Entry)નો વિકાસ કરવામાં આવ્યો છે, જેના કારણે શહેરના બંને તરફથી સ્ટેશન સુધી પહોંચવું વધુ સુવિધાજનક બન્યું છે.

**દરરોજ આશરે 2,500 મુસાફરોને મળશે લાભ**

હાલમાં આશરે 2,500 મુસાફરો દરરોજ કલોલ સ્ટેશનનો ઉપયોગ કરે છે અને 30 થી વધુ ટ્રેનો અહીં નિયમિત રીતે ઊભી રહે છે. સ્ટેશનના પુનર્વિકાસથી મુસાફરોને આધુનિક સુવિધાઓ, વધુ સારી કનેક્ટિવિટી અને વધુ સુવ્યવસ્થિત સ્ટેશન પરિસરનો લાભ મળશે.

**ભવિષ્યની મુસાફર જરૂરિયાતોને અનુરૂપ વિકસાવવામાં આવેલ સ્ટેશન**

વિસ્તારની વધતી જતી વસ્તી અને ભવિષ્યની મુસાફર જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કલોલ સ્ટેશનને દરરોજ આશરે 40,000 મુસાફરોની અવરજવરને સંભાળી શકે તેવી ક્ષમતા અનુસાર વિકસાવવામાં આવ્યું છે. સ્ટેશનના પુનર્વિકાસથી મુસાફર સુવિધાઓમાં વ્યાપક સુધારાની સાથે શહેરના બંને ભાગો વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી પણ સુનિશ્ચિત થઈ છે.

**કલોલ માટે આધુનિક રેલ સુવિધાઓનું નવું કેન્દ્ર**

કલોલ સ્ટેશનનો પુનર્વિકાસ મુસાફરોના મુસાફરી અનુભવને વધુ સારો બનાવવાની સાથે-સાથે પ્રાદેશિક વિકાસને પણ નવી ગતિ આપશે. આધુનિક સ્ટેશન ભવન, વધુ સારી પ્રવેશ અને બહાર નીકળવાની વ્યવસ્થા, વિશાળ કવર શેડ, વેઈટિંગ હોલ, પાર્કિંગ, લિફ્ટ સુવિધાયુક્ત ફૂટ ઓવર બ્રિજ, પ્લેટફોર્મ વિસ્તરણ તેમજ બીજા પ્રવેશદ્વાર જેવી સુવિધાઓ સાથે પુનર્વિકસિત કલોલ સ્ટેશન કલોલ તથા આસપાસના વિસ્તારો માટે આધુનિક, સ્માર્ટ અને સુગમ રેલ પરિવહનનું મુખ્ય કેન્દ્ર બનીને તૈયાર થયું છે.

## સેવા સંકલ્પથી સર્જાઇ કૃષિ ક્રાંતિ: માંડલ તાલુકામાં પ્રાકૃતિક ખેતીથી થઇ લાખોની આવક

# પ્રાકૃતિક ખેતીનો સંકલ્પ: નાના ઉભાડાના પટેલ પરિવારની પ્રાકૃતિક ખેતી બની પ્રેરણાનો સ્ત્રોત

### ઝેરમુક્ત ખેતીથી મબલખ કમાણી: દયાળજી અને તેમના પુત્રો અન્ય ખેડૂતો માટે બન્યા પ્રેરણા સ્ત્રોત

**અમદાવાદ, તા.06**

ધરતીની ફળદ્રુપતા જાળવવા અને માનવ સ્વાસ્થ્યનું જતન કરવા તથા ખેડૂતોની આવક બમણી કરવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દિશા-નિર્દેશ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતીના જનઅભિયાને આજે ગુજરાતનો ખેડૂત 'સેવા સંકલ્પ' બનાવીને સાકાર કરી રહ્યો છે. રાજ્યપાલશ્રીના સતત માર્ગદર્શન અને પ્રેરણાથી રાજ્યભરમાં પ્રાકૃતિક કૃષિની નવી ક્રાંતિ સર્જાઈ છે.

આવા જ ઉમદા રાષ્ટ્રીય સંકલ્પને પોતાના ખેતરમાં ચરિતાર્થ કરી બતાવ્યો છે અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં આવેલા નાના ઉભાડા ગામના એક ખેડૂત પરિવારે. આજે આ નાનકડું ગામ કુદરતી ખેતીના ક્ષેત્રે સમગ્ર રાજ્ય માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. ગામના નિવૃત્ત શિક્ષક દયાળજીભાઈ પટેલ અને તેમના બે પુત્રો મેહુલભાઈ તથા કેતનભાઈ છેલ્લા કેટલાક વર્ષોથી રાસાયણિક ખેતીનો ત્યાગ કરી સંપૂર્ણપણે પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૯થી શરૂ થયેલી તેમની આ સફર આજે વાર્ષિક લાખો રૂપિયાનો નફો રળી આપતી વ્યવસાયિક સફળતામાં ફેરવાઈ ગઈ છે.

આ પિતા-પુત્રોની ત્રિપુટીએ પોતાની ૯.૪૦ વીઘા જમીનમાં વિવિધતાસભર પાકોનું વાવેતર કર્યું છે. તેમની મહેનત અને કુદરતી પદ્ધતિના પરિણામે આજે તેઓ વર્ષે રૂપિયા ૭ થી ૮ લાખ કમાઈ રહ્યા છે. કુદરતી ખેતીમાં આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ આ પરિવારને વર્ષ ૨૦૨૫માં 'પ્રાકૃતિક ખેતી એવોર્ડ'થી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

હળદરનું મૂલ્યવર્ધન કમાણીનું મુખ્ય આકર્ષણ છે. જેમાં દયાળજીભાઈના ખેતરની હળદર અને તેનો પાવડર ખૂબ જ લોકપ્રિય છે. તેઓ દર વર્ષે આશરે ૮૦૦ થી ૧૦૦૦ કિલોગ્રામ ગુણવત્તાસભર હળદરનો પાવડર તૈયાર કરે છે. જેમાં આ પાવડર પ્રતિ કિલો રૂપિયા ૫૦૦ના ભાવે સીધો ગ્રાહકોને વેચે છે, જેમાંથી જ તેમને માત્ર હળદર થકી જ વાર્ષિક રૂપિયા ૫ લાખની કમાણી થાય છે. તેઓ કોઈ વચેટિયા વગર પોતાની પેદાશોનું મૂલ્યવર્ધન કરીને જાતે જ બજારમાં વેચાણ કરે છે. તેમજ વિવિધતાસભર પાકો અને બાગાયતમાં હળદર ઉપરાંત આ પરિવાર ખેતરમાં વિવિધ પાકોનું ચક્ર જાળવી રાખે છે. જેમાં કઠોળ અને મસાલામાં તુવેર, ચણા, વરિયાળી અને મેથી.

અનાજમાં રાજગરો અને વિવિધ જાતની મકાઈ તથા શેરડી. તેમજ બાગાયતી ફળોમાં જામફળ, કેરી, મોસંબી, નારંગી, લીંબુ, પપૈયા અને ખારેક સાથે દૈનિક વપરાશ માટે વિવિધ પ્રકારના લીલા શાકભાજીનું પણ વાવેતર કરે છે.

દયાળજીભાઈ જણાવે છે કે શરૂઆતમાં તેમણે તુવેરના વાવેતરથી પ્રાકૃતિક ખેતીનો પ્રારંભ કર્યો હતો. પ્રથમ વર્ષોમાં જમીનમાંથી રસાયણોની અસર દૂર થતાં સમય લાગ્યો અને ઉત્પાદન ઓછું મળ્યું હતુ. પરંતુ ધીમે ધીમે જમીનની ફળદ્રુપતા અને સુધારો થતાં ઉત્પાદન અને પાકની ગુણવત્તા બંનેમાં વિપુલ પ્રમાણમાં વધારો થયો, જેણે તેમની આર્થિક સ્થિતિ બદલી નાખી છે. આ સફરમાં બાગાયત વિભાગ તરફથી પણ તેમને યોગ્ય માર્ગદર્શન તેમજ હળદરના પ્રોસેસિંગ અને પાણીની સિંચાઈ સુવિધા માટે આર્થિક સહાય મળી છે. આ ખેતીનું મુખ્ય રહસ્ય તેમની પાસે રહેલી એક દેશી અને એક ગીર ગાય છે.

દયાળજીભાઈ બહારથી કોઈ ખાતર કે દવા ખરીદતા નથી, પરંતુ ઘરે જ દેશી બનાવટો તૈયાર કરે છે. ગોબર અને ગૌમૂત્રમાંથી જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, બ્રહ્માસ્ત્ર, નિમાસ્ત્ર, અગ્નિસ્ત્ર અને દશપર્ણી અર્ક બનાવે છે. તથા દેશી ગાયની ખાટી છાશનો ઉપયોગ ફૂગનાશક તરીકે કરે છે.

ખેતરના કચરા અને નિંદામણને જમીન પર ઢાંકીને ભેજ જાળવી રાખે છે. આનાથી જમીન નરમ બને છે, અળસિયાનું પ્રમાણ વધે છે અને જમીનની પાણી સંગ્રહ ક્ષમતા બમણી થાય છે. ઝેરમુક્ત, આરોગ્યપ્રદ પાકની ઉત્પાદકતા અને જમીનની ગુણવત્તા સુધારીને લાખોની કમાણી કરતા દયાળજીભાઈ અને તેમના પુત્રો આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'પ્રાકૃતિક કૃષિ'ના સેવા સંકલ્પને જમીની સ્તરે સાકાર કરી આસપાસના અનેક ખેડૂતો માટે પથદર્શક બન્યા છે. તેમને જોઈને હવે અન્ય ખેડૂતો પણ રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરિત થઈ રહ્યા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 25 વર્ષની જનસેવા, સુશાસન અને વિકાસયાત્રાની ઝાંખી કરાવતું વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શન

**અમદાવાદ, તા.06**

રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા અમદાવાદના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે આયોજિત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' વિષયક વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શનને નાગરિકો તરફથી ઉત્સાહજનક પ્રતિસાદ મળી રહ્યો છે. મુલાકાતીઓના વધતા રસ અને જનઆવકારને ધ્યાનમાં રાખીને આ પ્રદર્શન હવે તા. 17 ઑક્ટોબર, 2026 સુધી નાગરિકો માટે ખુલ્લું રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**અમદાવાદના પં. દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે આયોજિત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' મલ્ટિમીડિયા પ્રદર્શન તા. 17 ઑક્ટોબર સુધી નાગરિકો માટે ખુલ્લું રહેશે**

ઉલ્લેખનીય છે કે, ગત તા. 4 ઑક્ટોબરના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ પ્રદર્શનની મુલાકાત લઈ વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું તથા તેમાં રજૂ કરવામાં આવેલી વિકાસયાત્રાની ઝાંખી નિહાળી હતી.

આ પ્રદર્શનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાતથી શરૂ થયેલી 25 વર્ષની જનસેવા, નેતૃત્વ, સુશાસન અને વિકાસયાત્રાને વિવિધ પેનલ, પોસ્ટર્સ, ડિજિટલ ડિસ્પ્લે તથા દશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિઓ દ્વારા રજૂ કરવામાં આવી છે. ગુજરાતના કૃષિ, પશુપાલન, શિક્ષણ, ઉદ્યોગ, બંદરો, ઊર્જા, જળશક્તિ, મહિલા સશક્તીકરણ અને સામાજિક વિકાસ સહિતના વિવિધ ક્ષેત્રોમાં થયેલા પરિવર્તન અને પ્રગતિને પણ પ્રદર્શનમાં આવરી લેવામાં આવ્યા છે.

આ ઉપરાંત, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અભિયાન, જ્યોતિગ્રામ યોજના, ઈ-મમતા, મિશન મંગલમ, જ્ઞાનશક્તિ, પાણીદાર આયોજન, ખેલ મહાકુંભ, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, પશુ આરોગ્ય મેળા અને સમરસ છાત્રાલય યોજના જેવી વિવિધ વિકાસલક્ષી પહેલોની માહિતી પણ મુલાકાતીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પ્રદર્શન સાથે સંકળાયેલી ક્વિઝ પ્રવૃત્તિ પણ મુલાકાતીઓમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે.

નાગરિકો માટે આ પ્રદર્શન દરરોજ સવારે 8:00 વાગ્યાથી રાત્રે 10:00 વાગ્યા સુધી પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ, રાજપથ રંગોળી રોડ, બોડકદેવ ખાતે ખુલ્લું રહેશે.

અમદાવાદ સહિત રાજ્યભરના નાગરિકો, વિદ્યાર્થીઓ, યુવાનો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ આ પ્રદર્શનની મુલાકાત લઈ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 25 વર્ષની વિકાસયાત્રા તથા ગુજરાતના વિકાસ મોડેલ વિશે વિસ્તૃત માહિતી મેળવી શકશે.

# બાળકોની હોજરીમાંથી અન્નનળી બનાવીને જટિલ 'ઈસોફેજિયલ એટ્રેસિયા'ની સફળ સર્જરી કરવામાં આવી

**અમદાવાદ, તા.06**

રાજ્યની જાહેર આરોગ્ય સેવાઓની સર્વોચ્ચ સંસ્થા એવી અમદાવાદ સિવિલ હોસ્પિટલે ઉમદા તબીબી સેવા અને માનવતાનું વધુ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જન્મથી જ અન્નનળીની ગંભીર અને જટિલ ખામી 'ઈસોફેજિયલ એટ્રેસિયા'થી પીડાતા બે બાળકોને સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ અત્યાધુનિક 'ગેસ્ટ્રિક પુલ-અપ' સર્જરી દ્વારા દોઢ અને અઢી વર્ષ બાદ જીવનની સૌથી મીઠી ક્ષણ એટલે કે મોઢેથી ખોરાક લેવાની ખુશી ભેટમાં આપી છે.

શું છે 'ઈસોફેજિયલ એટ્રેસિયા' અને 'ગેસ્ટ્રિક પુલ-અપ' સર્જરી?, દર વર્ષે દર ૨૫,૦૦૦થી ૪૦,૦૦૦ નવજાત બાળકોમાંથી ૧ બાળક આ પ્રકારની ગંભીર જન્મજાત ખામી સાથે જન્મે છે, જેમાં બાળકની અન્નનળી સંપૂર્ણ વિકસિત થતી નથી. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક અને પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, 'ઈસોફેજિયલ એટ્રેસિયામાં મોઢેથી લેવાયેલો ખોરાક પેટ સુધી પહોંચી શકતો નથી. અત્યંત જટિલ એવી ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરીમાં બાળકની હોજરીને ખેંચીને તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છે.'

માતા-પિતાની આશાઓને મળ્યું અમદાવાદ સિવિલના તબીબી કૌશલ્યનું બળ: બંને બાળકોના પરિવારો માટે દોઢ અને અઢી વર્ષ સુધી ગેસ્ટ્રોસ્ટોમી ટ્યુબ વડે બહારથી થોડા થોડા સમયે ખોરાક આપી બાળકનું પોષણ ટકાવી રાખવું અગ્નિપરીક્ષા સમાન હતું. બાળકની આટલી લાંબી સંભાળ રાખવા બદલ વાલીઓની ધૈર્ય શક્તિ પણ બિરદાવવા લાયક ગણાય. સર્જરી બાદ તબીબો, નર્સિંગ સ્ટાફ અને એનેસ્થેસિયા ટીમની સતત ચોવીસ કલાકની સઘન સંભાળ તેમજ વાલીઓના અડીખમ વિશ્વાસના કારણે બંને બાળકો આજે સંપૂર્ણ સ્વસ્થ બન્યા છે. કેસ-૧: અઢી વર્ષના ભવ્યએ પ્રથમ વખત મોઢેથી અન્નનો સ્વાદ ચાખ્યો, ભાવનગર જિલ્લાના સિહોરના રહેવાસી અને મજૂરી કામ કરતા મુકેશભાઇ તથા વર્ષાબેનના અઢી વર્ષના પુત્ર ભવ્યને જન્મ સમયે ઈસોફેજિયલ

એટ્રેસિયા થતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી ઈસોફેગોસ્ટોમી અને ગેસ્ટ્રોસ્ટોમી કરવામાં આવી હતી. અઢી વર્ષ સુધી ટ્યુબ દ્વારા જ ખોરાક લેતા ભવ્યની પીડિયાટ્રિક સર્જરી વિભાગના પ્રોફેસર અને હેડ ડૉ. રાકેશ જોશી, પ્રોફેસર ડૉ. જયશ્રી રામજી અને તેમની ટીમ તેમજ એનેસ્થેસિયા વિભાગના પ્રોફેસર ડૉ. અદિતિ, ડૉ. સોનલ ભાગવત અને ટીમ દ્વારા સફળ ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરી કરવામાં આવી. કોઈ જટિલતા ન જણાતાં સર્જરીના ૨૨મા દિવસે ભવ્યએ જીવનમાં પ્રથમ વખત મોઢેથી ખોરાક લીધો હતો. હવે તે સંપૂર્ણ સ્વસ્થ થતાં તેને રજા આપવામાં આવી છે.

કેસ-૨: વેદાંતની ૬૦ દિવસની સતત સંભાળ બાદ સફળતા

બિહારના નવાદાના રહેવાસી અને ભારતીય રેલવેમાં ઈલેક્ટ્રિશિયન તરીકે ફરજ બજાવતા પિંટુભાઈ તથા નેહાબેનના દોઢ વર્ષના પુત્ર વેદાંત કુમારની પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જ ૨૦ જુલાઈ ૨૦૨૬ના રોજ સફળ ગેસ્ટ્રિક પુલ-અપ સર્જરી કરવામાં આવી હતી. સર્જરીના ૨૧મા દિવસે વેદાંતે પ્રથમ વખત મોઢેથી ખોરાક લીધો હતો, પરંતુ ગળાના ભાગેથી સર્જરીથી જોડેલા ભાગમાંથી લીકેજની સમસ્યા ઊભી થતાં મોં વાટે ખોરાક બંધ કરી NJ ટ્યુબ દ્વારા ખોરાક આપી સતત દેખરેખ હેઠળ સારવાર કરાઈ હતી. ૪૭મા દિવસે ફરી મોઢેથી ખોરાક શરૂ કરાયો અને સતત ૬૦ દિવસની સઘન સારવાર બાદ વેદાંત હવે સંપૂર્ણ સ્વસ્થ થતાં તેને રજા અપાઈ છે.

ઈસોફેજિયલ એટ્રેસિયા ધરાવતા બાળકો માટે જન્મ બાદની સારવાર અત્યંત પડકારજનક હોય છે. જ્યારે બાળક લાંબા સમય સુધી ગેસ્ટ્રોસ્ટોમી ટ્યુબ પર રહેતું હોય ત્યારે તેને ફરીથી મોઢેથી ખોરાક લેતા કરવું એ એક પડકારરૂપ સર્જિકલ અને રિહેબિલિટેશન પ્રક્રિયા છે. સિવિલ હોસ્પિટલના જટિલ સર્જરીની સફળતાના આ બંને કિસ્સાઓ દર્શાવે છે કે યોગ્ય નિષ્ણાત ટીમ, અદ્યતન સર્જિકલ સુવિધાઓ અને લાંબા સમયની સંભાળ દ્વારા ઈસોફેજિયલ એટ્રેસિયા જેવી જટિલ જન્મજાત સ્થિતિ ધરાવતા બાળકોને પણ મોઢેથી ખોરાક લેતા કરી શકાય છે.

સરકારી હોસ્પિટલમાં જ શૂન્ય ખર્ચે આટલી નિષ્ણાત સારવાર શક્ય: ડૉ. રાકેશ જોષીએ ઉમેર્યું કે, લાખો રૂપિયાની આ અત્યંત જટિલ અને ખર્ચાળ સારવાર આર્થિક સ્થિતિના કારણે કોઈ બાળકથી દૂર ન રહે તે જ સિવિલ હોસ્પિટલનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ૬૦ દિવસનો હોસ્પિટલ સ્ટે, અત્યાધુનિક સર્જરી અને પ્રી-ઓપરેટિવ તથા પોસ્ટ-ઓપરેટિવ કેર તેમજ યોગ્ય નર્સિંગ સંભાળ જેવી સુવિધાઓ સામાન્ય પરિવારને શૂન્ય ખર્ચે પૂરી પાડવી એ માત્ર અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને રાજ્યની જાહેર આરોગ્ય પ્રણાલી દ્વારા જ શક્ય બની શકે છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આ પ્રકારની અત્યાધુનિક અને ખર્ચાળ સારવાર જરૂરિયાતમંદ દર્દીઓને સંપૂર્ણ વિનામૂલ્યે પૂરી પાડવી એ રાજ્યની જાહેર આરોગ્ય વ્યવસ્થાની ઉત્કૃષ્ટ સેવાભાવના અને મજબૂત સુદ્રઢતા દર્શાવે છે.

# સૂર્યકુમાર યાદવ સાથે ખોટું થયું! પત્ર લખીને વિનંતી કરી છતાં સિલેક્ટર્સ ન માન્યા, ટીમમાં ન મળી જગ્યા

નવી દિલ્હી, તા.06

ભારતને આ જ વર્ષે પોતાની કેપ્ટનશીપ હેઠળ T20 વર્લ્ડ કપ અપાવનારા કેપ્ટન સૂર્યકુમાર યાદવ હવે ટીમ ઈન્ડિયાનો હિસ્સો નથી. તેને ટીમમાંથી બહાર કરીને શ્રેયસ અય્યરને કેપ્ટનશીપ સોંપવામાં આવી છે. હવે સૂર્યકુમારને મુંબઈની રણજી ટ્રોફી ટીમમાં પણ સ્થાન નથી મળ્યું. સિલેક્ટર્સે તેની વિનંતી છતાં પણ તેને ટીમમાં સ્થાન ન આપ્યું.

મુંબઈ ક્રિકેટ એસોસિએશનની સિલેક્શન કમિટીએ ચંદીગઢ સામે રમાનારી રણજી ટ્રોફી મેચ માટે ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં સૂર્યકુમારને સ્થાન ન મળ્યું. આ ત્યારે થયું છે જ્યારે સૂર્યકુમારે પત્ર લખીને સિલેક્ટર્સને જણાવ્યું હતું કે, હું પસંદગી માટે ઉપલબ્ધ છું. એક રિપોર્ટમાં આ વાતની જાણકારી સામે આવી છે.

રિપોર્ટ પ્રમાણે સૂર્યકુમારે સિલેક્ટર્સને પત્ર લખીને રમવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ તેમ છતાં પણ તેમની પસંદગી કરવામાં ન આવી. MCAના ચીફ સિલેક્ટર રાજેશ પવારે આની પાછળ તર્ક આપતા કહ્યું કે, સૂર્યકુમારે લાંબા સમયથી લાલ બોલથી ક્રિકેટ નથી રમી અને એવામાં તેઓ ઈચ્છે છે કે સૂર્યકુમાર કેટલીક મેચ લાલ બોલથી રમીને લય હાંસલ કરી લે.

તેમણે કહ્યુ કે, 'તે ચોક્કસપણે મોટો ખેલાડી છે અને મુંબઈ માટે પોતાને સાબિત કરી ચૂક્યો છે. અમે બસ એટલું જ ઈચ્છીએ છીએ કે તે કેટલીક મેચ લાલ બોલથી રમતા-રમતા લય મેળવી લે. તેણે છેલ્લા 18 મહિનાથી લાલ બોલથી ક્રિકેટ નથી રમી. તેથી અમે ઈચ્છીએ છીએ કે તે કેટલીક મેચ રમે અને પછી તે ટીમમાં આવી શકે છે.'

આ ટીમમાં સૂર્યકુમાર સિવાય એક બીજું નામ છે જે નથી, અને તે છે શાર્દુલ ઠાકુરનું. ઠાકુર આ સમયે આંગળીની ઈજામાંથી ઉભરી રહ્યો છે. ટીમની કેપ્ટનશીપ સિદ્ધેશ લાડને સોંપવામાં આવી છે જ્યારે પોતાની કેપ્ટનશીપમાં ભારતને આ જ વર્ષની શરૂઆતમાં અંડર-19 વિશ્વ વિજેતા બનાવનારા આયુષ મ્હાત્રેને વાઈસ કેપ્ટન નિયુક્ત કરવામાં આવ્યો છે. યશસ્વી જયસ્વાલને પણ ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે જેથી તે ન્યુઝીલેન્ડ પ્રવાસની તૈયારી કરી શકે.

સરફરાઝ ખાન અને તેના ભાઈ મુશીર ખાન બંનેને ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે. ટીમમાં શમ્સ મુલાનીનું નામ પણ સામેલ છે. તુષાર દેશપાંડે, તનુષ કોટિયાનને પણ ટીમમાં સ્થાન મળ્યું છે.

મુંબઈની ટીમ: સિદ્ધેશ લાડ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, આયુષ મ્હાત્રે (વાઈસ કેપ્ટન), દિવ્યાંશ સક્સેના, મુશીર ખાન, સરફરાઝ ખાન, સુવેદ પારકર, આકાશ આનંદ (વિકેટકીપર), હાર્દિક તામોર (વિકેટકીપર), શમ્સ મુલાની, તનુષ કોટિયાન, અથર્વ અંકોલેકર, તુષાર દેશપાંડે, મોહિત અવસ્થી, સિલ્વેસ્ટર ડિસૂઝા, ઓમકાર તારમલે.

# 'ભારતીય ટીમ લેખિતમાં માફી માંગે' તેવી જીદ પૂરી ન થતાં પાકિસ્તાને WCL છોડ્યું

નવી દિલ્હી, તા.06

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL)ની ત્રીજી સિઝનમાંથી પાકિસ્તાન ચેમ્પિયન્સે પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે (PCB) પોતાના ખેલાડીઓને એનઓસી (NOC) આપવાનો ઈનકાર કરતાં ટીમે WCL 2026માંથી હટી જવું પડ્યું છે. PCBએ એનઓસી આપવા માટે આયોજકો સમક્ષ કેટલીક વિચિત્ર શરતો મૂકી હતી, જેમાં મુખ્ય શરત ભારતીય ખેલાડીઓ પાસેથી લેખિતમાં માફી મંગાવવાની હતી. આ બેતૂકી શરત ન સ્વીકારાતાં આખરે પાકિસ્તાનને ટૂર્નામેન્ટ ગુમાવવી પડી છે.

જૂનો વિવાદ: ગત વર્ષે WCLની બીજી સિઝન દરમિયાન ભારતીય ટીમે પાકિસ્તાન સામે રમવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો, જેના કારણે PCB અગાઉ પણ નારાજગી વ્યક્ત કરી ચૂક્યું હતું.

લેખિત માફીની માંગણી: આ વખતે એનઓસી આપવા માટે PCBએ આયોજકો સમક્ષ શરત રાખી કે ટીમ ઈન્ડિયા ગત વર્ષે રમવાની ના પાડવા બદલ લેખિતમાં માફી માંગે.

હેન્ડશેકની ગેરંટી: આ સાથે PCBએ એવી ખાતરી પણ માંગી હતી કે મેચ દરમિયાન બંને દેશોના ખેલાડીઓ વચ્ચે ઔપચારિક હેન્ડશેક થશે.

આયોજકોએ કેટલીક બાબતો પર સહમતિ દર્શાવી હોવા છતાં ભારતીય ટીમની માફી અને હેન્ડશેક અંગેનું આશ્વાસન ન મળતાં પાકિસ્તાન ચેમ્પિયન્સને ટૂર્નામેન્ટમાંથી ખસી જવાની ફરજ પડી હતી.

WCL 2026માં ભારત ચેમ્પિયન્સ અને પાકિસ્તાન ચેમ્પિયન્સ વચ્ચે 10 ઓક્ટોબરે મુકાબલો યોજાવાનો હતો. પાકિસ્તાનના હટી ગયા બાદ હવે આ મેચ નહીં રમાય. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન ટીમ અગાઉની બંને સિઝનમાં રનર્સ-અપ રહી હતી (2024માં ભારત સામે અને 2025માં સાઉથ આફ્રિકા સામે ફાઈનલમાં પરાજય થયો હતો).

WCL 3 ઓક્ટોબરથી 18 ઓક્ટોબર દરમિયાન રમાઈ રહી છે. ભારતીય ટીમ અત્યાર સુધીમાં બે મેચ રમી ચૂકી છે, જેમાં પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે 46 રને વિજય મેળવ્યો હતો જ્યારે બીજી મેચમાં ઈંગ્લેન્ડ સામે 21 રને પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

શેડ્યૂલમાં ફેરફાર બાદ હવે ભારતીય ટીમની આગામી મેચો નીચે મુજબ રહેશે: 10 ઓક્ટોબર: ભારત વિ. દક્ષિણ આફ્રિકા ચેમ્પિયન્સ, 11 ઓક્ટોબર: ભારત વિ. બાંગ્લાદેશ ચેમ્પિયન્સ, 13 ઓક્ટોબર: ભારત વિ. વેસ્ટ ઈન્ડિઝ ચેમ્પિયન્સ.

# 'ટીમ માટે મારી મહત્વાકાંક્ષા કુરબાન કરી...': કેપ્ટનશીપ છોડતાં જ હરમનપ્રીત કૌર ભાવુક!

નવી દિલ્હી, તા.06

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન હરમનપ્રીત કૌરે મંગળવાર, ઓક્ટોબર 6 ના રોજ ટીમની કપ્તાની છોડવાની જાહેરાત કરી છે. હરમનપ્રીતનો આ નિર્ણય તાજેતરમાં જ ભારતને એશિયન ગેમ્સ 2026 માં ગોલ્ડ મેડલ અપાવ્યા બાદ સામે આવ્યો છે. તેણે મંગળવારે ઈન્સ્ટાગ્રામ પર ભાવુક પોસ્ટ શેર કરીને પોતાના આ નિર્ણયની માહિતી આપી. હરમનપ્રીતે કહ્યું કે, 'આ મારા માટે સરળ નિર્ણય નહોતો, કારણ કે આ સફરમાં વર્ષોની યાદો, લાગણીઓ, ત્યાગ અને એવી ક્ષણો જોડાયેલી છે, જે જિંદગીભર મારી સાથે રહેશે.'

હરમનપ્રીતે લખ્યું, 'આજે હું તમામ ફોર્મેટમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટનશીપ પરથી હટી રહી છું. આ સરળ નિર્ણય નથી. આમાં વર્ષોની યાદો, લાગણીઓ, ત્યાગ અને એવી ક્ષણો છે, જે જિંદગીભર મારી સાથે રહેશે.'

હરમનપ્રીતે પોતાના સંદેશમાં જણાવ્યું કે, 'મેં ભારતીય ટીમ અને મહિલા ક્રિકેટ માટે પોતાનું બધું જ આપી દીધું. આમાં માત્ર મેદાન પર વહાવેલો પરસેવો જ નહીં, પરંતુ મારો સમય અને કેટલીકવાર મારી પોતાની રમત અને અંગત મહત્વાકાંક્ષાઓનો હિસ્સો પણ સામેલ હતો. મેં આ ટીમ અને ભારતીય મહિલા ક્રિકેટને મારું બધું જ આપ્યું છે- મારું લોહી, મારો પરસેવો, મારો સમય અને કેટલીકવાર મારી રમત અને અંગત મહત્વાકાંક્ષાઓનો એક ભાગ પણ.'

કેપ્ટન તરીકે ટીમની જરૂરિયાતોને તેણે કેટલીકવાર પોતાના વ્યક્તિગત હિતોથી ઉપર રાખી. હરમાનપ્રીતે કહ્યું કે એવા મોકા પણ આવ્યા જ્યારે મેં પોતાના વ્યક્તિગત પ્રદર્શન, પોતાના વિકાસ અને પોતાના માટે જે કંઈ હું ઈચ્છતી હતી, તેને પાછળ રાખવું પડ્યું, કારણ કે મારું માનવું હતું કે ટીમ સૌથી પહેલા આવે છે.

હરમનપ્રીતે સ્વીકાર્યું કે, 'કેપ્ટન તરીકે મારે ઘણા મુશ્કેલ નિર્ણયો લેવા પડ્યા હતા. એવા નિર્ણયો જે દરેક વ્યક્તિ સમજી નહોતી શકી અને જે લેવા પણ સરળ નહોતા. ઘણી વખત આ નિર્ણયોની વ્યક્તિગત કિંમત પણ ચૂકવવી પડી, પરંતુ મારો એક જ હેતુ હતો– ટીમને શ્રેષ્ઠ બનાવવી અને અન્ય ખેલાડીઓને આગળ વધારવાની, પોતાના પર વિશ્વાસ રાખવાની અને પોતાનું સર્વશ્રેષ્ઠ આપવાની તક આપવી.

તેમણે કહ્યું કે, મેં ટીમ સાથે બધું જ જોયું છે. સૌથી મુશ્કેલ સમયગાળો, દિલ તોડી નાખે તેવી હાર, ટીકાઓ, પ્રશ્નો અને એવા દિવસો જ્યારે કંઈ પણ ટીમના પક્ષમાં જતું દેખાતું નહોતું. આ સાથે જ મેં જીતની ઊંચાઈઓ, ઉજવણી, દેશનું પ્રતિનિધિત્વ કરવાનો ગર્વ અને એવા ક્ષણો પણ અનુભવ્યા, જેણે દરેક ત્યાગને સાર્થક બનાવી દીધો.

હરમનપ્રીતે આગળ કહ્યું કે, હું આજે કેપ્ટનશીપ છોડતી વખતે લાગણીઓથી ભરેલા હૃદય સાથે જઈ રહી છું, પરંતુ આ સાથે જ મારી અંદર સુકૂન પણ છે. મને વિશ્વાસ છે કે ભારતીય ટીમ આ સમયે સારી સ્થિતિમાં છે. ટીમમાં પ્રતિભા, ચારિત્ય અને વિશ્વાસ છે અને તેનું ભવિષ્ય જોઈને હું ખૂબ જ ઉત્સાહિત છે. તેણે કહ્યું કે, 'મને લાગે છે કે મેં મારી ફરજ પૂરી કરી દીધી છે. મેં આ ટીમને મારું બધું જ આપી દીધું. મેં જવાબદારીને ગર્વ સાથે નિભાવી અને ભારતીય મહિલા ક્રિકેટનું નેતૃત્વ કરવાની તક મળવા બદલ હું હંમેશા આભારી રહીશ.' હવે હરમપ્રીત પોતાની જિંદગીના આગામી પ્રકરણ તરફ આગળ વધવા માગે છે. કેપ્ટનશીપ આજે પૂરી થઈ રહી છે, પરંતુ ભારતીય ક્રિકેટ માટે તેનો પ્રેમ ક્યારેય પૂરો થશે નહીં.

તેમણે સાથી ખેલાડીઓ, કોચ, સપોર્ટ સ્ટાફ, મેનેજમેન્ટ, BCCI, પરિવાર અને એ તમામ ચાહકોનો આભાર માન્યો, જેમણે તેમના સારા અને મુશ્કેલ બંને સમયમાં તેનો સાથ આપ્યો.

હરમનપ્રીતના આ નિર્ણય સાથે ભારતીય મહિલા ક્રિકેટમાં એક લાંબા કેપ્ટનશીપના યુગનો અંત આવી ગયો છે. હવે તમામ ફોર્મેટમાં ટીમની કમાન કોને સોંપવામાં આવશે, તેના પર નજર રહેશે.

જોકે કેપ્ટનશીપ છોડવાનો અર્થ ક્રિકેટમાંથી વિદાય નથી. હરમાનપ્રીત ખેલાડી તરીકે ટીમનો ભાગ બની રહી શકે છે અને હવે તેની સામે પોતાની રમત પર નવા સિરેથી ફોકસ કરવાનો મોકો હશે.

તેનો આ સંદેશ માત્ર કેપ્ટનશીપ છોડવાની જાહેરાત નથી, પરંતુ તે સફરની ઝલક પણ છે જેમાં ટીમને સૌથી ઉપર રાખવા માટે તેણે કેટલીકવાર પોતાને પાછળ રાખ્યા. કેપ્ટનશીપની જવાબદારી હવે તેના ખભા પર નહીં હોય, પરંતુ ભારતીય મહિલા ક્રિકેટ માટે તેનું યોગદાન અને તેની સફર અહીં પૂરી નથી થતી.

મહિલા T20 ઈન્ટરનેશનલમાં હરમનપ્રીત કૌરે ભારતની કેપ્ટનશીપ કરતા 155 મેચોમાં 92 જીત નોંધાવી. આ દરમિયાન ટીમને 57 મેચોમાં હાર મળી, એક મેચ ટાઈ રહી અને 5 મેચોનું પરિણામ ન નીકળ્યું. તેનો જીતનો ટકા 59.35 રહ્યો, જ્યારે હારનો ટકા 36.77 રહ્યો.

વન-ડે ઈન્ટરનેશનલમાં હરમનપ્રીત કૌરે 51 મેચોમાં ભારતની કેપ્ટનશીપ કરી. આમાંથી ટીમે 30 મેચો જીતી, જ્યારે 19માં હાર મળી. એક મેચ ટાઈ રહી અને એક મેચ પરિણામ વગરની રહી. તેનો જીતનો ટકા 58.82 રહ્યો. T20 અને વન-ડે બંને ફોર્મેટમાં હરમનપ્રીતનો કેપ્ટનશીપ રેકોર્ડ 59%ની આસપાસ જીતના ટકા સાથે રહ્યો, જે તેના લાંબા કેપ્ટનશીપ કાળની તસવીર રજૂ કરે છે.

# 'દુબઈના મુસ્લિમો સારા લાગે તો પાકિસ્તાની કેમ નહીં?': સિંગર મિકા સિંહના નિવેદનથી સોશિયલ મીડિયા પર હોબાળો

મુંબઈ, તા.06

પ્રખ્યાત સિંગર મિકા સિંહે પાકિસ્તાન સાથેના પોતાના સંબંધો, ત્યાંના લોકો અને શીખ ધર્મસ્થળોની મુલાકાતો અંગે ખુલીને વાત કરી છે. પાકિસ્તાની મુસ્લિમો અને દુબઈના મુસ્લિમો પ્રત્યે લોકોના અલગ-અલગ દ્રષ્ટિકોણ પર તેણે એક ચોંકાવનારું નિવેદન આપ્યું છે, જે હાલમાં ભારે ચર્ચામાં છે. એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન 50 વર્ષીય સિંગરએ પાકિસ્તાન પ્રત્યેના પોતાના અનુભવો શેર કર્યા હતા.

પાકિસ્તાનની મુલાકાતને યાદ કરતા મિકાએ જણાવ્યું હતું કે, 'ત્યાંના મુસ્લિમોએ ગુરુદ્વારાઓની સંભાળ રાખવામાં અને સેવા કરવામાં ખૂબ જ મદદ કરી હતી. એવામાં મને પ્રશ્ન થાય કે લોકો પાકિસ્તાની મુસ્લિમોથી કેમ અકળાય છે, જ્યારે દુબઈના મુસ્લિમો તેમને ખૂબ ગમે છે.'

મિકાએ કહ્યું, 'પાકિસ્તાન ખરાબ નથી, પાકિસ્તાનના લોકો ક્યાંયથી ખરાબ નથી. ખબર નહીં કેમ આપણને પાકિસ્તાનના જ મુસ્લિમો ખરાબ લાગે છે, પરંતુ દુબઈના મુસ્લિમો બહુ સારા લાગે છે. આ વાત મને આજ સુધી સમજાઈ નથી. પાકિસ્તાન અને ત્યાંના લોકો સ્વભાવગત ખરાબ નથી.'

પાકિસ્તાની કલાકારોના ભારતમાં કામ કરવા અંગે મિકાએ સ્પષ્ટ કહ્યું કે, 'મને પાકિસ્તાની સિંગર્સ સામે કોઈ વાંધો નથી. જ્યારે તેઓ અહીં આવે છે ત્યારે બોલિવૂડ અને દરેક વ્યક્તિ તેમનું સ્વાગત કરે છે.'

કલાકારોના પાકિસ્તાન પ્રવાસ અંગે વાત કરતા તેણે કહ્યું કે, 'જો કોઈ કલાકાર ખાનગી કાર્યક્રમ કરવા માટે પાકિસ્તાન જાય, પૈસા કમાઈને ભારત પાછો આવે તો તેમાં કંઈ ખોટું નથી. આ બાબત છુપાઈને નથી થતી, વ્યક્તિ ફ્લાઈટ દ્વારા ખુલ્લેઆમ જાય છે અને આખી દુનિયા તેને જુએ છે.'

મિકા સિંહે જણાવ્યું કે, પાકિસ્તાન સાથે મારો એક અલગ જ અંગત સંબંધ અને લગાવ છે કારણ કે ત્યાં મહત્ત્વપૂર્ણ શીખ ધર્મસ્થળો આવેલા છે.' નાનક સાહિબ અને પંજા સાહિબનો ઉલ્લેખ કરતા સિંગરે કહ્યું કે, 'જ્યારે મને ત્યાં પરફોર્મન્સ કરવા માટે આમંત્રણ મળ્યું ત્યારે મને એવું લાગ્યું કે જાણે મને ત્યાં 'બોલાવવામાં' આવ્યો છે. મારા માટે આ માત્ર પૈસાનો મામલો નથી, પરંતુ ગુરુદ્વારાના દર્શન કરવા એ મારી પ્રાથમિકતા હતી.'

ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ 2019માં કરાચી (પાકિસ્તાન) ખાતે એક પ્રી-વેડિંગ ઈવેન્ટમાં પર્ફોર્મ કરવા બદલ મિકા સિંહ પર ભારતીય ફિલ્મ ઉદ્યોગ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ વિવાદ બાદ ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસિસોએશન (AICWA) અને FWICE દ્વારા તેનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. જોકે, પાછળથી મિકા સિંહે માફી માંગી હતી અને સ્પષ્ટતા કરી હતી કે તે કાર્યક્રમ અગાઉથી નક્કી કરાયેલ પ્રોફેશનલ વચન હતું. તેની માફી બાદ પ્રતિબંધ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો અને તેણે ફરી કામ શરૂ કર્યું હતું.

# સંજય લીલા ભણશાળી આલિયા સાથે ઈન્શાલ્લાહ પ્રોજેક્ટ રિવાઈવ કરશે.....

## 2019માં સલમાન સાથે બનાવવાનો પ્લાન હતો : હવે કદાચ વિક્કી કૌશલ ગોઠવાશ

મુંબઈ, તા.06

સંજય લીલા ભણશાળી તેમની અભેરાઈ પર ચઢાવી દીધેલી ફિલ્મ 'ઈન્શાલ્લાહ' રિવાઈવ કરી રહ્યા હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં તેઓ આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલને કાસ્ટ કરવાના હોવાની ચર્ચા છે.

સંજય લીલા ભણશાળીએ ૨૦૧૯માં 'ઈન્શાલ્લાહ 'ફિલ્મની જાહેરાત કરી હતી એ સમયે ફિલ્મમાં હીરો તરીકે સલમાનખાનને લેવાની વાત હતી. જો કે, સલમાનખાને ફિલ્મનું શૂટિંગ શરૂ થાય એ પહેલાં જ પ્રોજેક્ટ છોડી દીધો હતો. એ પછી આ વર્ષની શરૂઆતમાં શાહરૂખખાનને હીરો તરીકે લઈ ફિલ્મ બનાવવાની વાત ચાલી હતી. હવે મૂળ ફિલ્મની વાર્તામાં અનેક ફેરફાર પણ કરવામાં આવશે એમ કહેવાય છે. જોકે, સંજય લીલા ભણશાળી નવી પટકથા ઓકે કરે એ પછી જ ફિલ્મમાં કોને લેવા તે નક્કી કરવામાં આવશે. ફિલ્મની સ્ટોરી એ જ રહેશે પણ તેને નવા અભિગમ સાથે બનાવવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. જો આ ફિલ્મ બનશે તો તે સંજય લીલા ભણશાળી અને આલિયા ભટ્ટની ત્રીજી ફિલ્મ હશે. સંજય લીલા ભણશાળીની આલિયા સાથેની બીજી ફિલ્મ 'લવ એન્ડ વોર' આવતાં વર્ષે રજૂ થવાની છે.

સંજય લીલા ભણશાળીની જ 'ગંગુબાઈ કાઠિયાવાડી' માટે આલિયાને નેશનલ એવોર્ડ મળ્યો હતો. સંજય લીલા ભણશાળીએ ૨૦૧૯માં 'ઈન્શાલ્લાહ 'ફિલ્મની જાહેરાત કરી હતી એ સમયે ફિલ્મમાં હીરો તરીકે સલમાનખાનને લેવાની વાત હતી. જો કે, સલમાનખાને ફિલ્મનું શૂટિંગ શરૂ થાય એ પહેલાં જ પ્રોજેક્ટ છોડી દીધો હતો.

# બંદિશ બેન્ડિટની શ્રેયા ચૌધરી હવે આયુષમાનની હિરોઈન બની

મુંબઈ, તા.06

શ્રેયા ચૌધરી આયુષમાન ખુરાનાની આગામી થ્રીલર ફિલ્મ 'મુપાપા'માં તેની હિરોઈન બની છે. શ્રેયાએ 'બંદિશ બેન્ડિટ' નામની વેબ સીરિઝને લીધે જાણીતી છે. તેણે 'મહેતા બોયઝ' નામની ફિલ્મમાં પણ બમન ઈરાની સાથે કામ કર્યું છે. આ ફિલ્મનું શૂટિંગ થઈ ચૂક્યું છે. હાલ તેનું પોસ્ટ પ્રોડક્શન ચાલી રહ્યું છે. ફિલ્મ આગામી ફેબ્રુઆરીમાં રીલિઝ થવાની શક્યતા છે.

પાછલાં વર્ષોમાં ઓટીટી પ્રોજેક્ટસથી સફળતા મેળવ્યા બાદ મેઈન સ્ટ્રીમની બોલિવુડ ફિલ્મોમાં તક મળી હોય એવા અનેક કલાકારો ઉભરી આવ્યા છે. તૃપ્તિ ડિમરી તથા વામિકા ગબ્બીએ પણ શરુઆતમાં મોટાભાગે ઓટીટી પ્રોજેક્ટસ દ્વારા જ સફળતા મેળવી હતી.

સમીર સક્સેનાએ મુપાપા ફિલ્મનું નિર્દેશન કર્યું છે. આ ફિલ્મનું નિર્માણ યશરાજ ફિલ્મ્સ અને પોશામ પા પિક્ચર્સ દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મ બંને વચ્ચેનું પ્રથમ સહિયારું નિર્માણ છે.

# 15 મિનિટ શ્વાસ રોક્યો, 20 મિનિટ પાંપણ ઝપકાવ્યા વિના કર્યું ધ્યાન! વિદ્યુત જામવાલે કરી બતાવ્યો અશક્ય લાગતો સ્ટંટ

મુંબઈ, તા.06

માર્શલ આર્ટ્સ અને યોગના મામલે માહિર બોલિવૂડ એક્ટર વિદ્યુત જામવાલનું નામ આ સમયે ચર્ચામાં બનેલું છે. વિદ્યુતે પોતાની ડેબ્યૂ હોલિવૂડ ફિલ્મ સ્ટ્રીટ ફાઈટર (Street Fighter)ના ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન કંઈક એવું કરીને બતાવ્યું છે, જેણે દરેકને હેરાન કરી દીધા છે. આ દરમિયાન વિદ્યુતે લોકોની સામે 15 મિનિટ સુધી શ્વાસ રોકીને ધ્યાન કર્યું, જેનો વિડિયો સોશિયલ મીડિયા પર છવાઈ ગયો છે. સ્ટ્રીટ ફાઈટરના ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન વિદ્યુત જામવાલે મીડિયા અને તમામ લોકોની સામે અદ્ભુત સ્ટંટ કરીને બતાવ્યો. તેણે લગભગ 15 મિનિટ સુધી પોતાના શ્વાસ રોકીને આશ્ચર્યજનક રીતે ધ્યાન કરી બતાવ્યું. એટલું જ નહીં 20 મિનિટ સુધી વિદ્યુત પાંપણ ઝપકાવ્યા વગર મેડિટેશન કરતા દેખાયા, જેણે દરેક કોઈને ચોંકાવી દીધા. તેમની આંખો ખુલ્લી રહી અને તેમાંથી સતત પાણી વહેતું રહ્યું, અભિનેતાના પગ પણ થોડા સમય પછી કાંપવા લાગ્યા. પરંતુ તે તસથી મસ ન થયો અને આ અદ્ભુત પરાક્રમ કરી બતાવ્યું. કમાન્ડો, ખુદા હાફિઝ અને ક્રેક ફિલ્મોમાં જબરદસ્ત એક્શન બતાવી ચૂકેલા વિદ્યુત જામવાલ હવે હોલિવૂડ ફિલ્મ સ્ટ્રીટ ફાઈટર (Street Fighter)માં એક્શન કરતો દેખાશે. હોલિવૂડમાં કામ કરવાને લઈને વિદ્યુતે કહ્યું- આ સ્વપ્ન તો મેં બિલકુલ પણ જોયું નહોતું. જ્યારે હું અમેરિકામાં આ ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો તો ત્યાં મને એવો કોઈ માણસ ન મળ્યો, જેણે આ ગેમ રમી ન હોય.

આ રમત અને આની દુનિયા વિશે જાણવું મારા માટે એક અદ્ભુત અનુભવ રહ્યો. હું એથલીટ હતો, તો હું વિડિયો ગેમ્સ નહોતો રમતો, હું સ્પોર્ટ્સમાં વધારે વ્યસ્ત રહેતો હતો. સ્પોર્ટ્સના ચક્કરમાં જ આ રોલ મળી ગયો. હવે મને લાગે છે કે મેં મારી પૂરી જિંદગી કામ આ ફિલ્મ મેળવવા માટે કર્યું.

સાચું કહે છે, તમે મહેનત કરતા રહો, જે મળવાનું હશે તે તમારા સુધી પહોંચી જ જશે. તમને જણાવી દઈએ કે ફિલ્મ સ્ટ્રીટ ફાઈટરને 16 ઓક્ટોબર 2026ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ કરવામાં આવશે. આ મૂવીમાં વિદ્યુત ધલસિમનું પાત્ર ભજવી રહ્યો છે. આગળ હોલિવૂડ અને બોલિવૂડની કાર્યશૈલીમાં અંતર પર વિદ્યુતે કહ્યું- મેં આટલી વધારે શિસ્ત કોઈ ફિલ્મના સેટ પર પહેલીવાર જોઈ. સેટ પર તમામ 300 લોકો એક જેવી જ શિસ્તનું પાલન કરી રહ્યા હતા. ત્યાં કોઈ પણ કલાકાર પછી તે ગમે તેટલા મોટા સુપરસ્ટાર કેમ ન હોય, તેમને મોડા થવાનું ખબર જ નથી. જો ક્યાંક કોઈ એક મિનિટ મોડું થઈ ગયું, તો તેમને ફોન જાય છે કે ક્યાંક તમે હોસ્પિટલમાં તો નથી ને. આ બંને ઈન્ડસ્ટ્રીમાં એક મોટો તફાવત છે.

# સોના-ચાંદીના ભાવમાં ફરી ઘટાડો, સોનું ₹920 અને ચાંદી ₹3,176 સસ્તી, બજારમાં હજુ ઉતાર-ચઢાવની શક્યતા

**મુંબઈ, તા.06**

સોના-ચાંદીના ભાવમાં ફરી એકવાર ઘટાડો જોવા મળ્યો છે. આજે એટલે કે 6 ઓક્ટોબરે ભારતીય બુલિયન માર્કેટમાં સોનું અને ચાંદી બંને સસ્તાં થયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJAના જણાવ્યા મુજબ 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવમાં 920 રૂપિયાનો ઘટાડો નોંધાયો છે અને ભાવ ઘટીને 1.47 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામની સપાટીએ આવી ગયો છે. બીજી તરફ ચાંદીના ભાવમાં પણ મોટો ઘટાડો નોંધાયો છે. એક કિલો ચાંદી 3,176 રૂપિયા સસ્તી થઈને આશરે 2.21 લાખ રૂપિયાના સ્તરે પહોંચી ગઈ છે. કિંમતી ધાતુઓના ભાવમાં સતત જોવા મળી રહેલા આ ઉતાર-ચઢાવને કારણે રોકાણકારો તેમજ સોનું-ચાંદી ખરીદનારાઓની નજર હવે આગામી દિવસોમાં ભાવની દિશા પર છે. છેલ્લા કેટલાક સમયથી સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર વધઘટ જોવા મળી રહી છે. ખાસ કરીને સપ્ટેમ્બર મહિનામાં બંને કિંમતી ધાતુઓમાં મોટો ઘટાડો નોંધાયો હતો. સપ્ટેમ્બર દરમિયાન સોનાના ભાવમાં આશરે 8 હજાર રૂપિયાનો ઘટાડો થયો હતો, જ્યારે ચાંદીમાં લગભગ 15થી 17 હજાર રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. 31 ઓગસ્ટે 10 ગ્રામ સોનાનો ભાવ આશરે 1.56 લાખ રૂપિયા હતો, જે 30 સપ્ટેમ્બર સુધીમાં ઘટીને 1.48 લાખ રૂપિયાની આસપાસ આવી ગયો હતો. એ જ રીતે 31 ઓગસ્ટે એક કિલો ચાંદીનો ભાવ આશરે 2.37 લાખ રૂપિયા હતો, જે સપ્ટેમ્બરના અંત સુધીમાં ઘટીને લગભગ 2.20 લાખ રૂપિયા થઈ ગયો હતો. હવે ઓક્ટોબરની શરૂઆતમાં પણ કિંમતી ધાતુઓમાં ઘટાડાનો દોર જોવા મળતા બજારમાં ફરી ચર્ચા શરૂ થઈ છે કે આ ઘટાડો કેટલો સમય ચાલુ રહેશે.

સોના-ચાંદીના ભાવમાં ઘટાડા પાછળ વૈશ્વિક બજારની સ્થિતિ, અમેરિકાની નાણાકીય નીતિ, વ્યાજદર, ડોલરની ચાલ અને આંતરરાષ્ટ્રીય ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિ જેવા અનેક પરિબળો અસર કરે છે. ખાસ કરીને અમેરિકાની કેન્દ્રીય બેંક ફેડરલ રિઝર્વની વ્યાજદર અંગેની નીતિ પર વૈશ્વિક સોનાના ભાવની નજર રહે છે. વ્યાજદર અને બોન્ડ યીલ્ડમાં ફેરફાર થાય ત્યારે સોનામાં રોકાણની આકર્ષકતા પર તેની સીધી અસર પડી શકે છે. વ્યાજદર

ઊંચા રહે ત્યારે રોકાણકારો અન્ય વ્યાજ આપતા સાધનો તરફ વળે છે, જ્યારે અનિશ્ચિતતા વધે ત્યારે સોનાને સુરક્ષિત રોકાણ તરીકે ફરીથી પસંદ કરવામાં આવે છે.

આગામી દિવસોમાં સોના-ચાંદીના ભાવમાં ઉતાર-ચઢાવ યથાવત રહેવાની શક્યતા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક અનિશ્ચિતતા, અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ સહિતની ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિ અને વૈશ્વિક બજારમાં રોકાણકારોની સ્થિતિ સોનાના ભાવને ટેકો આપી શકે છે. જો વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા વધશે તો રોકાણકારો ફરી એકવાર સોનાને સલામત રોકાણના વિકલ્પ તરીકે પસંદ કરી શકે છે. આવી સ્થિતિમાં હાલનો ઘટાડો લાંબા સમય સુધી ટકી ન રહે અને ભાવમાં ફરીથી તેજી જોવા મળે તેવી શક્યતા પણ નકારી શકાય નહીં.

બીજી તરફ, બજારમાં હજુ નબળાઈના સંકેતો જોવા મળતા હોવાથી સોનું અને ચાંદી ખરીદનારાઓએ ઉતાવળ ટાળવી જરૂરી છે. ભાવમાં મોટા ઘટાડા બાદ તબક્કાવાર ખરીદી કરવાની તક ઊભી થઈ શકે છે. ખાસ કરીને રોકાણના હેતુથી ખરીદી કરનારા લોકોએ એક જ સમયે મોટી રકમનું રોકાણ કરવાને બદલે બજારની દિશા અને ભાવના વલણને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ. સોનાના ભાવમાં 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે તફાવત રહે છે, જ્યારે જ્વેલરી ખરીદતી વખતે મેકિંગ ચાર્જ, જીએસટી અને અન્ય ખર્ચ પણ કુલ કિંમતને અસર કરે છે.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે તેની શુદ્ધતા અંગે ખાસ સાવચેતી રાખવી જરૂરી છે. ગ્રાહકોએ શક્ય હોય ત્યાં સુધી BIS હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદવું જોઈએ. હોલમાર્કિંગથી સોનાની શુદ્ધતા અને તેની કેરેટ કેટેગરી અંગે માહિતી મેળવવામાં મદદ મળે છે. સોનાની ખરીદી કરતા પહેલાં હોલમાર્ક અને સંબંધિત ઓળખ નંબરની ચકાસણી કરવી પણ જરૂરી છે. માત્ર જ્વેલર દ્વારા જણાવવામાં આવેલી કિંમત પર આધાર રાખવાને બદલે ખરીદીના દિવસે સોનાનો બજારભાવ પણ અલગ-અલગ વિશ્વસનીય સ્રોતો પરથી ચકાસવો જોઈએ. સોનાની જેમ ચાંદી ખરીદતી વખતે પણ તેની શુદ્ધતા અને વજન અંગે સાવચેતી રાખવી જરૂરી છે. સામાન્ય રીતે ચાંદીની ઓળખ માટે ચુંબકની તપાસ જેવી ઘરગથ્થુ રીતોનો ઉલ્લેખ કરવામાં આવે છે, કારણ કે શુદ્ધ ચાંદી ચુંબક તરફ આકર્ષાતી નથી. જોકે માત્ર ઘરેલુ પરીક્ષણોના આધારે ચાંદી અસલી છે કે નકલી તે અંગે અંતિમ નિર્ણય લેવો યોગ્ય નથી. બરફ ઓગળવાની ઝડપ અથવા ચાંદી પર ઘસવાથી પડતા કાળા નિશાન જેવી બાબતો પણ માત્ર પ્રાથમિક સંકેત આપી શકે છે, પરંતુ તેની શુદ્ધતાની ખાતરી માટે પ્રમાણિત પરીક્ષણ અથવા વિશ્વસનીય જ્વેલર પાસેથી ચકાસણી કરાવવી વધુ સુરક્ષિત છે. ચાંદીમાં સમય જતા કાળાશ આવવી એ પણ સામાન્ય બાબત છે, કારણ કે ચાંદી હવામાં રહેલા કેટલાક તત્ત્વો સાથે પ્રતિક્રિયા કરીને કાળી પડી શકે છે. તેથી કપડાથી ઘસ્યા બાદ કાળો ડાઘ આવે એટલે તે ચાંદી ચોક્કસપણે અસલી છે એવું માનવું યોગ્ય નથી. ગ્રાહકોએ ખરીદી કરતી વખતે બિલમાં ચાંદીનું વજન, શુદ્ધતા અને ભાવ સ્પષ્ટ રીતે લખાવવામાં આવે તેની પણ કાળજી રાખવી જોઈએ.

# વર્લ્ડ બેન્કે ભારતના GDP ગ્રોથનો અંદાજ વધાર્યો: FY27 માટે 6.6%થી વધારીને 7.1% કરવામાં આવ્યો

**નવી દિલ્હી, તા.06**

વર્લ્ડ બેંકે નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતના GDP ગ્રોથના અંદાજને વધારીને 7.1% કરી દીધો છે. આ પહેલાં એપ્રિલમાં વર્લ્ડ બેંકે FY27 માટે અર્થતંત્રના ગ્રોથ રેટનું અંદાજ 6.6% જણાવ્યો હતું. સંસ્થાએ મંગળવાર, 6 સપ્ટેમ્બરે જાહેર કરેલા પોતાના લેટેસ્ટ રિપોર્ટ 'ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટ'માં આ વાત કહી છે.

વૈશ્વિક વેપાર અને દુનિયામાં તણાવ હોવા છતાં ભારતના અર્થતંત્રે અપેક્ષા કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. નાણાકીય વર્ષ-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલ-જૂનમાં નોંધાયેલી 7.8%ની GDP ગ્રોથે વર્લ્ડ બેંકના આ અપગ્રેડમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ગામો-શહેરોમાં માંગ વધી, નિકાસનું વધુ સારું પ્રદર્શન, વર્લ્ડ બેંક અનુસાર, ભારતની ઈકોનોમિક ગ્રોથમાં રોકાણ અને સ્થાનિક વપરાશ એટલે કે પ્રાઈવેટ કન્ઝમ્પ્શનનું સૌથી મોટું યોગદાન રહ્યું છે.

ગામડાં અને શહેર બંનેમાં માંગ: ગ્રામીણ વિસ્તારોમાં મજબૂત કૃષિ પ્રદર્શન, સરકારી આવક સહાય, ખાદ્ય સબસિડી અને ઓછી મોંઘવારીને કારણે માંગમાં તેજી આવી. બીજી તરફ આવકવેરા એટલે કે ટેક્સમાં રાહત અને જીએસટીમાં ઘટાડા બાદ શહેરી વપરાશમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે.

એક્સપોર્ટનું સારું પ્રદર્શન: વૈશ્વિક સ્તરે પ્રતિકૂળ પરિસ્થિતિઓ હોવા છતાં ભારતના એક્સપોર્ટે અપેક્ષા કરતાં ઘણું સારું પ્રદર્શન કર્યું છે, જેને FY27ના ગ્રોથ આઉટલુક માટે સૌથી મોટું સકારાત્મક પરિબળ માનવામાં આવી રહ્યું છે.

ઔદ્યોગિક પ્રવૃત્તિઓએ ગતિ જાળવી, સપ્લાય સાઈડ પર ઔદ્યોગિક પ્રવૃત્તિઓએ વૈશ્વિક પડકારો છતાં ગતિ દર્શાવી છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાવરમાં ઉછાળો: ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્સ્ટ્રક્શન ગુડ્સની વૃદ્ધિ પ્રથમ ત્રિમાસિક ગાળામાં વધીને 7.2% થઈ ગઈ, જે ગયા વર્ષે 6.1% હતી. બીજી તરફ, ભીષણ ગરમીને કારણે યુટિલિટીઝની માંગ વધી, જેના કારણે ઈલેક્ટ્રિસિટી સેક્ટરે 9.3%ની વૃદ્ધિ નોંધાવી. કૃષિ: ઑગસ્ટ સુધી વરસાદની અછત રહેવાને કારણે ગ્રામીણ માંગ પર સામાન્ય અસર પડી શકે છે. જોકે, જુલાઈ પછી થયેલા વરસાદે આ અછતને ઘણી હદ સુધી પૂરી કરી છે, પરંતુ એકંદરે વરસાદની અછતને કારણે કૃષિ સંભાવનાઓ પર થોડી અસર પડી છે. નાણાકીય વર્ષ-26માં અર્થવ્યવસ્થાની વૃદ્ધિ 7.8% રહી હતી. વર્લ્ડ બેંકે જણાવ્યું કે ભારતની અર્થવ્યવસ્થા FY25માં 7.2%ના દરે વધ્યા બાદ FY26માં 7.8%ની ઝડપી ગતિએ આગળ વધી હતી. નીતિઓ અને સરળ ક્રેડિટ માહોલે વૈશ્વિક વેપાર તણાવની અસરને નિષ્પ્રભાવી કરી દીધી હતી. FY27માં પણ પ્રથમ ત્રિમાસિક ગાળામાં 7.8% રહ્યા બાદ આવનારા ત્રિમાસિક ગાળાઓમાં ગ્રોથ રેટ થોડો ઘટવાની આશા છે, પરંતુ એકંદર વલણ મજબૂત રહેશે.

# આધારમાં સંપૂર્ણ નામ બદલવા માટે ગેઝેટ નોટિફિકેશન જરૂરી: નામમાં ભૂલ હોય તો દસ્તાવેજ વિના સુધારો થશે

**નવી દિલ્હી, તા.06**

જો તમારા આધાર કાર્ડમાં નામનું સ્પેલિંગ ખોટું છે, લગ્ન પછી અટક બદલવી છે અથવા તો આખું નામ જ બદલવું છે, તો હવે નિયમો બદલાઈ ગયા છે. આધાર જારી કરતી સંસ્થા UIDAIએ તાજેતરમાં નામમાં સુધારો અને ફેરફાર કરવા માટે નવા નિયમો લાગુ કર્યા છે.

નવા નિયમો અનુસાર, હવે દરેક પ્રકારના ફેરફાર માટે અલગ-અલગ સરકારી દસ્તાવેજો, ફોર્મ અથવા એફિડેવિટ આપવું પડશે. એક જ દસ્તાવેજથી તમામ કામ નહીં થાય. છેતરપિંડી રોકવા માટે UIDAI જમા કરવામાં આવેલા તમામ દસ્તાવેજોની બારીકાઈથી તપાસ કરશે.

નામમાં નાની-મોટી સ્પેલિંગની ભૂલ સુધારવી, મિડલ/લાસ્ટ નેમ ઉમેરવું અથવા કાઢી નાખવું અને નામનો ક્રમ બદલવો–આ બધાને 'માઈનર નેમ ચેન્જ' માનવામાં આવશે (જેમ કે- Ram ને Rama કરવું). આ માટે માત્ર એક માન્ય ઓળખપત્ર આપવું પડશે.

18 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે પરિવારના વડાના આધાર પર 'પ્રૂફ ઑફ રિલેશનશિપ' પણ માન્ય રહેશે.

જો તમારા દસ્તાવેજો સાચા હતા, પરંતુ ઓપરેટરની ભૂલને કારણે આધાર કાર્ડમાં નામ ખોટું નોંધાયું છે, તો તેને સુધારવા માટે એફિડેવિટ આપવું પડશે. પુખ્તો માટે Annexure B અને બાળકો માટે Annexure C ફોર્મ સાથે ઓળખ/સંબંધનો પુરાવો જોડવો પડશે. ધ્યાનમાં રાખો કે નવું નામ તમારા અગાઉ જમા કરાવેલા દસ્તાવેજો સાથે મેળ ખાતું હોવું જોઈએ, નહીં તો વિનંતી નામંજૂર થઈ શકે છે.

લગ્ન અથવા છૂટાછેડા પછી અટક બદલવા માટે ઓળખપત્ર સાથે Annexure Dનું એફિડેવિટ જમા કરાવવું પડશે. તેમાં સ્પષ્ટ કરવું પડશે કે આ ફેરફાર માત્ર લગ્ન અથવા છૂટાછેડાને કારણે કરવામાં આવી રહ્યો છે. વિકલ્પ તરીકે નોંધાયેલ લગ્ન પ્રમાણપત્ર પણ માન્ય રહેશે. તેમજ લિંગ પરિવર્તન પછી નામ બદલવા માટે પણ ઓળખપત્ર આપવું પડશે.

નામમાં રેન્ડમ કેપિટલ લેટર્સને સુધારવા (જેમ કે- 'RaMesh'ને 'Ramesh' કરવું) અથવા નામમાંથી ડોટ્સ દૂર કરવા માટે કોઈ દસ્તાવેજની જરૂર પડશે નહીં. જ્યારે 'ઉર્ફ' અથવા 'અલિયાસ' ધરાવતા નામોમાંથી એક નામ પસંદ કરવા માટે એફિડેવિટ (વયસ્કો માટે Annexure E અને બાળકો માટે Annexure F) જરૂરી રહેશે. આધાર કાર્ડમાં મિલિટરી રેન્ક અથવા પદ ઉમેરવાની મંજૂરી નથી.

જો તમે તમારું પૂરું નામ બદલી રહ્યા છો અથવા એવો ફેરફાર કરી રહ્યા છો, જેના કારણે તમારી ઓળખ બદલાય છે, તો તેને 'મેજર નેમ ચેન્જ' માનવામાં આવશે. આ માટે કેન્દ્ર અથવા રાજ્ય સરકારનું ગેઝેટ નોટિફિકેશન અને ઓળખપત્ર આપવું ફરજિયાત છે. UIDAI જૂના રેકોર્ડ સાથે નવા નામની સરખામણી અને દસ્તાવેજોની ચકાસણી કર્યા પછી જ તેને અપડેટ કરશે.

# શેરબજારમાં દિવાળી જેવી તેજી : સેન્સેક્સ 685 અંક ઉછળ્યો, નિફ્ટી 22,776 પર બંધ

**મુંબઈ, તા.06**

ભારતીય શેરબજારમાં મંગળવાર, 6 ઓક્ટોબરે જોરદાર તેજી જોવા મળી હતી. સપ્તાહના બીજા કારોબારી દિવસે બજારમાં રોકાણકારોની ખરીદી વધતા સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. ખાસ કરીને એફએમસીજી, ફાર્મા અને ખાનગી બેન્કોના શેરોમાં મજબૂત ખરીદી જોવા મળતા બજારને સપોર્ટ મળ્યો હતો. દિવસના અંતે સેન્સેક્સ 685 અંક એટલે કે 0.95 ટકાના વધારા સાથે 73,068ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નિફ્ટી 220 અંક એટલે કે 0.98 ટકા વધીને 22,776ના સ્તરે પહોંચ્યો હતો.

મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ રોકાણકારોનો ઉત્સાહ જોવા મળ્યો હતો. મિડકેપ 50 ઈન્ડેક્સમાં 208 અંક એટલે કે 1.23 ટકાનો વધારો નોંધાયો હતો અને તે 17,119ના સ્તરે બંધ થયો હતો. બીજી તરફ સ્મોલકેપ 50 ઈન્ડેક્સમાં 140 અંક એટલે કે 1.46 ટકાનો ઉછાળો આવ્યો હતો અને તે 9,701ના સ્તરે પહોંચ્યો હતો. આ રીતે મોટા શેરો ઉપરાંત મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ખરીદીનું પ્રમાણ વધ્યું હતું.

આજના કારોબારમાં ટાટા ગ્રુપની કંપની ટ્રેન્ટનો શેર સૌથી વધુ ચર્ચામાં રહ્યો હતો. ટ્રેન્ટના શેરમાં 12.64 ટકાનો જંગી ઉછાળો જોવા મળ્યો હતો અને શેર 326 રૂપિયા વધીને 2,906 રૂપિયાના સ્તરે પહોંચી ગયો હતો. નિફ્ટીના ટોપ ગેનર્સમાં ટ્રેન્ટ સૌથી આગળ રહ્યો હતો. આ ઉપરાંત BSEના શેરમાં પણ 3.94 ટકાનો વધારો નોંધાયો હતો અને તે 125.40 રૂપિયા વધીને 3,305 રૂપિયાના સ્તરે પહોંચ્યો હતો. ખાનગી બેન્કિંગ ક્ષેત્રમાં કોટક મહિન્દ્રા બેન્કના શેરમાં પણ મજબૂત ખરીદી જોવા મળી હતી. કોટક બેન્કનો શેર 15.90 રૂપિયા એટલે કે 3.82 ટકા વધીને 432 રૂપિયાના સ્તરે બંધ થયો હતો.

જોકે બજારમાં તમામ શેરોમાં તેજી જોવા મળી ન હતી. નિફ્ટીના ટોપ લૂઝર્સમાં કોલ ઈન્ડિયાનો શેર સૌથી વધુ ઘટ્યો હતો. કોલ ઈન્ડિયાના શેરમાં 3.16 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે 13.45 રૂપિયા ઘટીને 412 રૂપિયાના સ્તરે બંધ થયો હતો. ટેક મહિન્દ્રાના શેરમાં પણ 2.04 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને શેર 31.40 રૂપિયા ઘટીને 1,505 રૂપિયાના સ્તરે પહોંચ્યો હતો. મેક્સ હેલ્થકેરનો શેર પણ 1.58 ટકા ઘટીને 903 રૂપિયાના સ્તરે બંધ થયો હતો. આજે શેરબજારમાં બે કંપનીઓના શેરનું લિસ્ટિંગ પણ થયું હતું અને બંને કંપનીઓએ બજારમાં સકારાત્મક શરૂઆત કરી



હતી. શાહ ઈન્વેસ્ટર્સ હોમ લિમિટેડનો શેર NSE પર 171 રૂપિયાના ભાવે લિસ્ટ થયો હતો, જ્યારે તેની ઈશ્યૂ કિંમત 167 રૂપિયા હતી. એટલે કે કંપનીના શેરનું NSE પર 2.40 ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટિંગ થયું હતું. BSE પર પણ શેર 171 રૂપિયાના ભાવે લિસ્ટ થયો હતો અને અહીં પણ ઈશ્યૂ કિંમતની સરખામણીમાં 2.40 ટકાનું પ્રીમિયમ મળ્યું હતું.

SRIT ઈન્ડિયાના શેરનું લિસ્ટિંગ પણ રોકાણકારો માટે સકારાત્મક રહ્યું હતું. કંપનીનો શેર NSE પર 144.90 રૂપિયાના ભાવે લિસ્ટ થયો હતો, જ્યારે તેની ઈશ્યૂ કિંમત 130 રૂપિયા હતી. આ રીતે NSE પર શેરનું લિસ્ટિંગ 11.46 ટકાના પ્રીમિયમ સાથે થયું હતું. BSE પર કંપનીનો શેર 139.80 રૂપિયાના ભાવે લિસ્ટ થયો હતો અને ઈશ્યૂ કિંમતની સરખામણીમાં અહીં 7.54 ટકાનું પ્રીમિયમ મળ્યું હતું. બંને કંપનીઓના શેરોએ લિસ્ટિંગના દિવસે રોકાણકારોને ઈશ્યૂ કિંમતની સરખામણીમાં સારો પ્રારંભિક નફો આપ્યો હતો.

ભારતીય બજારમાં તેજી વચ્ચે એશિયન શેરબજારોમાં આજે મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. દક્ષિણ કોરિયાના કોસ્પી ઈન્ડેક્સમાં 62 અંક એટલે કે 0.89 ટકાનો ઘટાડો થયો હતો અને તે 6,941ના સ્તરે રહ્યો હતો. બીજી તરફ જાપાનના નિક્કેઈમાં 737 અંક એટલે કે 1.05 ટકાનો વધારો નોંધાયો હતો અને તે 70,684 પર પહોંચ્યો હતો. હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં પણ 240 અંક એટલે કે 1 ટકાનો વધારો નોંધાયો હતો અને તે 24,281ના સ્તરે રહ્યો હતો.

અમેરિકન શેરબજારોમાં પણ અગાઉના કારોબારી દિવસે તેજી જોવા મળી હતી. 5 ઓક્ટોબરના કારોબારમાં ડાઉ જોન્સ 91 અંક એટલે કે 0.18 ટકા વધીને 51,268 પર બંધ થયો હતો. નૈસ્ડેકમાં 286 અંક એટલે કે 1.05 ટકાનો વધારો નોંધાયો હતો અને તે 27,477ના સ્તરે પહોંચ્યો હતો. S&P 500 ઈન્ડેક્સમાં પણ 51 અંક એટલે કે 0.66 ટકાનો વધારો થયો હતો અને તે 7,774ના સ્તરે બંધ થયો હતો. અમેરિકન બજારોની આ સકારાત્મક ચાલની અસર પણ ભારતીય બજારના સેન્ટિમેન્ટ પર જોવા મળી હતી.

જોકે ભારતીય શેરબજારમાં તેજી હોવા છતાં વિદેશી રોકાણકારો તરફથી વેચવાલીનો દોર હજુ અટક્યો નથી. છેલ્લા સાત દિવસમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII અને FPIએ ભારતીય શેરબજારમાંથી ચોખ્ખા 24,332 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. છેલ્લા 30 દિવસનો આંકડો જોવામાં આવે તો વિદેશી રોકાણકારોએ કુલ 60,570 કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી કરી છે. બીજી તરફ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે DII સતત બજારમાં ખરીદી કરી રહ્યા છે. છેલ્લા સાત દિવસમાં DIIsએ 26,495 કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરી છે, જ્યારે છેલ્લા 30 દિવસમાં તેમની ચોખ્ખી ખરીદી 72,686 કરોડ રૂપિયા રહી છે.

વિદેશી રોકાણકારોની સતત વેચવાલી વચ્ચે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી ભારતીય બજારને મજબૂત સપોર્ટ આપી રહી છે. છેલ્લા કેટલાક સત્રોમાં બજારમાં જોવા મળેલી તેજીમાં સ્થાનિક રોકાણકારોની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. આજે પણ બજારમાં ખરીદીનું પ્રમાણ વધતા સેન્સેક્સ અને નિફ્ટી બંને મહત્વપૂર્ણ સ્તરે પહોંચ્યા હતા. ખાસ કરીને પસંદગીના લાર્જકેપ શેરો સાથે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં આવેલી તેજીએ બજારના વ્યાપક સેન્ટિમેન્ટને મજબૂત બનાવ્યું હતું. આ પહેલાં સોમવાર, 5 ઓક્ટોબરે પણ ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 473 અંક વધીને 72,382ના સ્તરે બંધ થયો હતો.

# 15 ઓક્ટોબરથી UPI પર 0.4% MDRનો વિવાદ: 83% દુકાનદારો ચાર્જ ભરવા તૈયાર નહીં, ગ્રાહકો પર બોજ પડ્યો તો 86% UPI છોડી શકે

**નવી દિલ્હી, તા.06**

15 ઓક્ટોબરથી 2,000 રૂપિયાથી વધુના મર્ચન્ટ UPI પેમેન્ટ પર 0.4 ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એટલે કે MDR લાગુ થવાની ચર્ચા વચ્ચે વેપારીઓ અને ગ્રાહકોમાં ચિંતા વધી છે. આ નવા ચાર્જની સીધી અસર UPI પેમેન્ટના ઉપયોગ પર પડી શકે છે. લોકલસર્કલ્સના એક સર્વેમાં સામે આવ્યું છે કે દેશના મોટા ભાગના દુકાનદારો 0.4 ટકા MDRનો ખર્ચ પોતે ઉઠાવવા તૈયાર નથી. બીજી તરફ જો વેપારીઓ આ વધારાનો ખર્ચ ગ્રાહકો પાસેથી વસૂલવાનું શરૂ કરે તો મોટી સંખ્યામાં ગ્રાહકો 2,000 રૂપિયાથી વધુની ખરીદી માટે UPIનો ઉપયોગ કરવાનું બંધ કરીને રોકડ અથવા કાર્ડ જેવા અન્ય વિકલ્પો તરફ વળી શકે છે.

લોકલસર્કલ્સે આ અંગે દેશના 242 જિલ્લાઓમાં 32,000થી વધુ વેપારીઓ વચ્ચે સર્વે કર્યો હતો. સર્વેમાં જાણવા મળ્યું કે માત્ર 17 ટકા વેપારીઓ જ 0.4 ટકા MDRનો બોજ પોતે સહન કરવા તૈયાર છે. એટલે કે 83 ટકા દુકાનદારો આ ચાર્જ ભરવાના પક્ષમાં નથી. તેમાં 41 ટકા વેપારીઓએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેઓ કોઈપણ પ્રકારનું UPI ચાર્જ ચૂકવવા તૈયાર નથી. જ્યારે 15 ટકા વેપારીઓએ કહ્યું હતું કે તેઓ મહત્તમ 0.04 ટકા સુધીનો ચાર્જ સહન કરી શકે છે. બીજી તરફ 9 ટકા વ્યવસાયીઓએ જણાવ્યું હતું કે તેઓ પહેલેથી જ UPI પેમેન્ટ સ્વીકારતા નથી. આ આંકડાઓ દર્શાવે છે કે વેપારીઓમાં નવા MDRને લઈને વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે.

વેપારીઓ માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે જો 0.4 ટકા ચાર્જ ભરવો પડે તો તેનો બોજ તેમના નફા પર પડશે. ખાસ કરીને ઓછા માર્જિન પર વેપાર કરતા નાના દુકાનદારો અને વ્યવસાયીઓ માટે દરેક ટ્રાન્ઝેક્શન પર MDR ચૂકવવો વધારાનો ખર્ચ બની શકે છે. આવી સ્થિતિમાં વેપારીઓ પાસે ગ્રાહકો પાસેથી આ રકમ વસૂલવાનો વિકલ્પ રહેશે. જોકે ગ્રાહકો પર વધારાનો ચાર્જ નાખવામાં આવે તો તેની અસર UPIના ઉપયોગ પર પણ પડી શકે છે. લોકલસર્કલ્સે 291 જિલ્લાઓમાં 67,000થી વધુ UPI વપરાશકર્તાઓને પૂછ્યું હતું કે જો 2,000 રૂપિયાથી વધુના UPI પેમેન્ટ પર વેપારી વધારાનો ચાર્જ વસૂલ કરે તો તેઓ શું કરશે. સર્વેમાં 86 ટકા UPI વપરાશકર્તાઓએ

જણાવ્યું હતું કે તેઓ આવી સ્થિતિમાં 2,000 રૂપિયાથી વધુની ચુકવણી માટે UPIનો ઉપયોગ કરવાનું બંધ કરીને અન્ય પેમેન્ટ વિકલ્પ પસંદ કરશે. આમાંથી 26 ટકા લોકો રોકડમાં ચુકવણી કરવાનું પસંદ કરશે, જ્યારે 26 ટકા લોકો ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરશે. 13 ટકા ગ્રાહકોએ ડેબિટ કાર્ડનો વિકલ્પ પસંદ કરવાની વાત કરી હતી. આ ઉપરાંત 11 ટકા લોકો એવા હતા જેમણે જણાવ્યું હતું કે જો જરૂરી હોય તો વધારાનો ચાર્જ ચૂકવીને પણ તેઓ UPIથી પેમેન્ટ ચાલુ રાખશે. 9 ટકા ગ્રાહકો ચાર્જ વિનાનો બીજો ડિજિટલ પેમેન્ટ વિકલ્પ શોધશે. 4 ટકા લોકો બેંક ટ્રાન્સફર તરફ વળવાની વાત કરી રહ્યા છે, જ્યારે 2 ટકા ગ્રાહકોએ કહ્યું હતું કે તેઓ આવી સ્થિતિમાં ખરીદી જ મુલતવી રાખશે. 4 ટકા લોકો આ અંગે કોઈ ચોક્કસ નિર્ણય આપી શક્યા નહોતા.

આ સર્વેનો સૌથી મહત્વપૂર્ણ પાસો એ છે કે 2,000 રૂપિયાથી વધુના UPI મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન સંખ્યાની દૃષ્ટિએ બહુ ઓછા છે. વેપારીઓને થતા કુલ UPI પેમેન્ટમાં આવા મોટા ટ્રાન્ઝેક્શનનો હિસ્સો 5 ટકાથી પણ ઓછો છે. પરંતુ રકમની દૃષ્ટિએ આ વ્યવહારોનું મહત્વ ઘણું વધારે છે. કુલ UPI મર્ચન્ટ પેમેન્ટના મૂલ્યમાં 2,000 રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શનનો હિસ્સો આશરે 67 ટકા જેટલો છે. એટલે કે સંખ્યામાં મોટા ટ્રાન્ઝેક્શન ઓછા હોવા છતાં UPI મારફતે થતી કુલ રકમમાં તેનો હિસ્સો ખૂબ મોટો છે.

મોટા UPI પેમેન્ટની આ રકમ દર મહિને આશરે 6 લાખ કરોડ રૂપિયા જેટલી હોવાનું સર્વેમાં જણાવાયું છે. આ રકમ સમગ્ર દેશમાં થતા કુલ UPI વ્યવહારોના મૂલ્યના લગભગ 20 ટકા જેટલી બને છે. આથી જો વેપારીઓ અને ગ્રાહકો મોટા ટ્રાન્ઝેક્શન માટે UPIથી દૂર થવા લાગે તો તેની અસર માત્ર પેમેન્ટની સંખ્યા પર જ નહીં પરંતુ ડિજિટલ પેમેન્ટ દ્વારા થતી કુલ લેવડદેવડની રકમ પર પણ પડી શકે છે. લોકલસર્કલ્સના સર્વે અનુસાર, જો વેપારીઓ 0.4 ટકા MDRનો ખર્ચ ગ્રાહકો પર નાખે અને તેના કારણે ગ્રાહકો UPIનો ઉપયોગ ઘટાડે તો કુલ લેવડદેવડના મૂલ્યમાં આશરે 10 ટકાનો ઘટાડો થઈ શકે છે. જ્યારે પેમેન્ટની કુલ સંખ્યામાં લગભગ 4 ટકાનો ઘટાડો થવાની શક્યતા છે. આનો અર્થ એ થાય છે કે સંખ્યાની દૃષ્ટિએ અસર મર્યાદિત રહી શકે છે, પરંતુ મોટા મૂલ્યના ટ્રાન્ઝેક્શન UPIથી અન્ય માધ્યમોમાં ખસે તો ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં ફરતી કુલ રકમ પર તેની નોંધપાત્ર અસર પડી શકે છે. હવે વેપારીઓ સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે MDRનો વધારાનો ખર્ચ કેવી રીતે ઘટાડવો. એક વિકલ્પ તરીકે વેપારીઓ ગ્રાહકો પાસેથી સીધો સરચાર્જ વસૂલ કરી શકે છે. જોકે આવું કરવામાં આવે તો ગ્રાહકો અન્ય પેમેન્ટ માધ્યમ તરફ વળી શકે છે. બીજો વિકલ્પ એ છે કે વેપારીઓ MDRની રકમને પોતાની પ્રોડક્ટ અથવા સેવાની કિંમતમાં સામેલ કરી દે. આ સ્થિતિમાં ગ્રાહકોને સીધો UPI ચાર્જ દેખાશે નહીં, પરંતુ વસ્તુ કે સેવાની કુલ કિંમતમાં વધારો થઈ શકે છે. ત્રીજો વિકલ્પ વેપારીઓ માટે રોકડ અથવા કાર્ડ પેમેન્ટને પ્રોત્સાહન આપવાનો છે. જો કોઈ દુકાનદાર UPI પેમેન્ટ પર વધારાનો ચાર્જ લે અને રોકડ અથવા અન્ય માધ્યમથી ચુકવણી પર વધારાનો ચાર્જ ન લે તો ગ્રાહકો UPIની જગ્યાએ અન્ય વિકલ્પ પસંદ કરી શકે છે.

# જિયોનો IPO જેને લાગ્યો તેને બખ્ખા!: લોન્ચ થયા પહેલાં જ GMP 150 રૂપિયાને પાર

**મુંબઈ, તા.06**

જિયોના IPOની રાહ જોઈ રહેલા રોકાણકારો તૈયાર થઈ જજો. રોયટર્સના અહેવાલ મુજબ આ IPO 21 ઓક્ટોબરે ખુલવાની શક્યતા છે. ગ્રે માર્કેટમાં પણ સ્થિતિ ઘણી મજબૂત છે. ઈન્વેસ્ટર્સ ગેઈનના રિપોર્ટ અનુસાર ગ્રે માર્કેટમાં જિયોના IPOનું GMP 151 રૂપિયાના સ્તરે પહોંચી ગયું છે. IPOને લઈને નવું અપડેટ સામે આવ્યું છે.

અહેવાલ અનુસાર તાજેતરમાં અમેરિકા, યુકે, દુબઈ, સિંગાપોર અને હોંગકોંગમાં કંપનીએ આકાશ અંબાણી અને ઈશા અંબાણીની આગેવાની હેઠળ રોડ શો કર્યો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આગેવાની હેઠળની આ ટેલિકોમ કંપનીના IPOનું કદ 37,000 કરોડ રૂપિયાથી 27,800 કરોડ રૂપિયા હોઈ શકે છે. અહેવાલો અનુસાર ઈશ્યુ સંપૂર્ણપણે નવા શેરો પર આધારિત હશે. કંપની કુલ 27 કરોડ નવા શેર જાહેર કરી શકે છે.

જિયોના IPOની પ્રાઈસ બેન્ડ 1,350 રૂપિયાથી 1,450 રૂપિયા હોઈ શકે છે. જો આવું થાય તો લિસ્ટિંગ બાદ કંપનીનું મૂલ્યાંકન 12.40 લાખ કરોડ રૂપિયાથી 13.40 લાખ કરોડ રૂપિયા સુધી હોઈ શકે છે. જણાવી દઈએ કે કંપનીનો લક્ષ્યાંક ઓક્ટોબરના

અંતમાં અથવા નવેમ્બરની શરૂઆતમાં લિસ્ટિંગ કરવાનો છે.

એન્કર રોકાણકારો માટે IPO 19 ઓક્ટોબર 2026ના રોજ ખુલી શકે છે. જિયો IPO 21 ઓક્ટોબરે ખુલવાની શક્યતા છે.

IPOમાં રોકાણ કરવાની છેલ્લી તારીખ 23 ઓક્ટોબર હોઈ શકે છે. શેરની ફાળવણી 23 ઓક્ટોબર 2026ના રોજ થઈ શકે છે.

જિયો IPOનું લિસ્ટિંગ 28 ઓક્ટોબર 2026ના રોજ થઈ શકે છે. જણાવી દઈએ કે આ તારીખો હજુ સંભવિત છે. કંપની તરફથી ન તો પ્રાઈસ બેન્ડ અંગે અને ન તો તારીખો અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જોકે, કંપની હાલમાં અંતિમ તૈયારીઓમાં વ્યસ્ત છે. ચીનની બહાર જિયો 5G સેવા આપતી સૌથી મોટી કંપની છે. જૂન 2026 સુધીના આંકડા અનુસાર કંપની પાસે કુલ 26.85 કરોડ ગ્રાહકો હતા. જે અમેરિકાની ટી-મોબાઈલના વર્તમાન ગ્રાહકોની સંખ્યા કરતાં લગભગ 1.5 ગણા વધારે છે. જિયો બાદ આ જ કંપનીનો નંબર આવે છે. જણાવી દઈએ કે જિયોના IPOને 28 ઓગસ્ટે સેબીની મંજૂરી મળી હતી. કંપનીએ ઓગસ્ટમાં DRHP ફાઈલ કર્યો હતો.

આ પાછલા લગભગ બે દાયકામાં રિલાયન્સ ગ્રુપની કોઈ કંપનીનો પ્રથમ IPO હશે. સાથે જ આ રિલાયન્સ ગ્રુપના કન્ઝ્યુમર-ફેસિંગ બિઝનેસનું પ્રથમ લિસ્ટિંગ હશે. આ પહેલાં 19 જૂને યોજાયેલી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની 49મી એન્યુઅલ જનરલ મીટિંગમાં રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP)ને મંજૂરી મળ્યાની માહિતી આપી હતી.

જિયો પ્લેટફોર્મ્સનો આ પબ્લિક ઈશ્યૂ સંપૂર્ણપણે 'ફ્રેશ ઈશ્યૂ' હશે. તેમાં કોઈપણ વર્તમાન શેરધારક પોતાનો હિસ્સો વેચશે નહીં. એટલે કે IPOથી એકત્ર થયેલી સમગ્ર રકમ સીધી કંપનીની પાસે જશે.

કંપનીના DRHP અનુસાર એકત્ર થયેલી રકમમાંથી આશરે 27,500 કરોડનો ઉપયોગ રિલાયન્સ જિયો ઈન્ફોકોમનું દેવું ચૂકવવા માટે કરવામાં આવશે. બાકીની રકમનો ઉપયોગ સામાન્ય કોર્પોરેટ કામગીરી માટે થશે, જે કુલ ઈશ્યૂ કદના મહત્તમ 25% સુધી મર્યાદિત રહેશે. જિયો પ્લેટફોર્મ્સ હાલમાં દેશની સૌથી મોટી ટેલિકોમ ઓપરેટર છે.

# શ્રમજીવી પરિવારના 37 દિવસના બાળકની ચોરીનો કેસ ઉકેલાયો, નિઃસંતાન દંપતીને 20 લાખમાં વેચવાનું હતું, 4 આરોપી ઝબ્બે

**અમદાવાદ, તા.06**

અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં તળાવ પાસે ફૂટપાથ પર સૂતા શ્રમજીવી પરિવારનું 37 દિવસનું બાળક ચોરાઈ જવાના કેસમાં પોલીસે બે સગીર સહિત કુલ ચાર આરોપીની ધરપકડ કરી છે. 2 ઓક્ટોબરે રાત્રે 2 વાગ્યે બાળક ચોરાયું હતું. દંપતીને સવારે 3:15 વાગ્યે બાળક ગાયબ હોવાની જાણ થઈ અને તરત પોલીસને જાણ કરી હતી. આ ઘટનાના 38 કલાક બાદ એટલે કે 3 ઓક્ટોબરે સાંજે 4 વાગ્યે તે વિસ્તારના એક તળાવ પાસેથી હેમખેમ મળી આવ્યું હતું. જે બાદ માતાના જીવમાં જીવ આવ્યો હતો અને પોતાનું વ્હાલસોયુ પાછું મળતા હરખના આંસુ અને ખુશી જોવા મળી હતી. સમગ્ર કેસની તપાસમાં મોટા બાળતસ્કરી રેકેટનો ખુલાસો થયો છે.

બાળક ચોરીની ઘટનાની જાણ થતા જ સાબરમતી પોલીસ સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ઉચ્ચ અધિકારીઓને માહિતી મળતા સાબરમતી પોલીસ, ક્રાઈમ બ્રાન્ચની 6 ટીમ, ઝોન 2 એલસીબી અને ઝોન 3 એલસીબી સહિત 100 જેટલા પોલીસ કર્મચારીઓ તપાસમાં જોડાયા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસતા એક એક્ટિવા પર આવેલી યુવતીએ ચોરી કરી હોવાનું ખુલ્યું હતું. આ ફૂટેજના આધારે પોલીસે રાણીપ વિસ્તારમાંથી 21 વર્ષીય યુવતી જીનલ પરમારની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી.

જીનલની પૂછપરછમાં એક મોટા બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ થયો હતો. તેણે કબૂલાત કરી કે આ ગુનામાં અન્ય 2 સગીર અને ઉત્તર પ્રદેશના ભુવનેશ નામના 23 વર્ષીય યુવકની સંડોવણી છે. અગાઉ નોઈડામાં ઝેપટો કંપનીમાં સાથે કામ કરતા ભુવનેશે જીનલને 1 મહિનાનું બાળક શોધી આપવા કહ્યું હતું અને બદલામાં તેને અને 2 સગીરને 2-2 લાખ રૂપિયા આપવાની લાલચ આપી હતી. આ અગાઉ તેમણે સોલા સિવિલમાં પણ ચોરીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં બાળકી હોવાથી ચોરી માંડી વાળી હતી અને રાણીપમાંથી બાળકની ચોરી કરી હતી.

બાળક ચોરી કર્યા બાદ જીનલ અને બંને સગીર સાબરમતી રેલવે સ્ટેશનથી નોઈડા ભાગી જવાની ફિરાકમાં હતા. જોકે, પોલીસે બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન પર રાતોરાત નાકાબંધી અને ચેકિંગ શરૂ કરી દીધું હતું. પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જોઈને તેઓ ડરી ગયા હતા અને 38 કલાક સુધી બાળકને પોતાની પાસે રાખ્યા બાદ પકડાઈ જવાના ડરે તેને તળાવ પાસે લાવારીસ હાલતમાં છોડીને નાસી ગયા હતા. ત્યારબાદ પોલીસે યુપીથી મુખ્ય સૂત્રધાર ભુવનેશની પણ ધરપકડ કરી લીધી હતી.

ભુવનેશે પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે આ બાળક એક નિઃસંતાન દંપતીને 20 લાખ રૂપિયામાં વેચવાનું હતું. આ ડીલ માટે ભુવનેશને 10 લાખ રૂપિયા મળવાના હતા, જેમાંથી તે 4 લાખ પોતાની પાસે રાખી બાકીના 2-2 લાખ જીનલ અને સગીરોને આપવાનો હતો. નિઃસંતાન દંપતીઓ 1 મહિના સુધીના બાળકનો જ આગ્રહ રાખે છે જેથી તેઓ સમાજમાં તેને પોતાનું સંતાન તરીકે ઓળખાવી શકે. હાલ આ કેસમાં 4 લોકોની ધરપકડ થઈ છે અને દંપતી તેમજ અન્ય એક

સગીર એજન્ટની શોધખોળ સાથે કાયદાકીય કાર્યવાહી ચાલી રહી છે. આ અંગે પોલીસે જણાવ્યું કે, ન્યુ રાણીપ વિસ્તારમાં આવેલા વાડિયા તળાવ પાસે ફૂટપાથ પર રહેતા શ્રમજીવી પરિવારના 1 મહિના અને 7 દિવસના નવજાત બાળકના અપહરણના ગુનાનો ઉકેલાયો છે. 1 ઓક્ટોબરની રાત્રે એટલે કે 2 ઓક્ટોબરની વહેલી સવારે આશરે 2 વાગ્યે ફૂટપાથ પરથી આ બાળકની ચોરી કરવામાં આવી હતી. રાત્રે આશરે 3:30 વાગ્યે બાળકના માતા-પિતા ઊંઘમાંથી જાગ્યા ત્યારે બાળક ગાયબ હોવાની જાણ થતાં જ પોલીસને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોઈને ક્રાઈમ બ્રાંચ, ઝોન 2, ઝોન 3 એલસીબી અને સ્થાનિક પોલીસની કુલ 10 ટીમો તથા 100 જેટલા પોલીસ જવાનોને તાત્કાલિક તપાસમાં જોડી દેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન અમારી ટીમોએ આશરે 1300 જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરીને બેકટ્રેકિંગ હાથ ધર્યું હતું. તપાસમાં સામે આવ્યું કે આ આરોપીઓએ 1 ઓક્ટોબરે રાત્રે આશરે 9:55 વાગ્યે સોલા સિવિલ હોસ્પિટલ ખાતેથી પણ બાળક ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમને પુરુષ બાળક જ જોઈતું હોવાથી અને ત્યાં ફીમેલ બાળકી હોવાથી તેઓ પ્રયાસ છોડીને નીકળી ગયા હતા. ત્યારબાદ આરોપીઓએ સ્કૂટી પર આવીને અહીં ફૂટપાથ પરથી આ બાળકને ઉઠાવી લીધું હતું. આરોપીઓ બાળકને લઈને યુપીના નોઈડા ભાગી જવા માંગતા હતા, પરંતુ રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને રોડ પર પોલીસની નાકાબંધી જોઈને તેઓ શહેર બહાર નીકળી શક્યા ન હતા. આખરે પોલીસના ડરથી આરોપીઓ 3 ઓક્ટોબરે સાંજે આશરે 4 વાગ્યે વાડિયા તળાવના સામેના છેડે બાળકને મૂકીને ભાગી ગયા હતા, જ્યાંથી 112 નંબર પર કોલ મળતાં જ પોલીસે અડધા કલાકમાં બાળકને સલામત રિકવર કરી માતા-પિતાને સુપ્રત કર્યું હતું.

આ ગુનામાં અત્યાર સુધીમાં કુલ 4 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં રાણીપ વિસ્તારમાં રહેતી 21 વર્ષની જીનલ પરમાર, કાયદાના સંઘર્ષમાં આવેલા યુપીના 2 સગીરો અને નોઈડાના ભુવનેશનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ અગાઉ ઝેપ્ટો નામના ઓનલાઈન ડિલિવરી પ્લેટફોર્મ પર સાથે નોકરી કરતા હતા. નોઈડામાં રહેતા ભુવનેશ/ભાનું જાટવને તેના હેન્ડલર તરફથી ટાસ્ક મળ્યો હતો કે 1 મહિના આસપાસનું નવજાત પુરુષ બાળક આપવા પર તેને 10 લાખ રૂપિયા મળશે. આ 10 લાખમાંથી ભાનુંએ જીનલ અને બંને સગીરોને 2 લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું હતું. જીનલ છેલ્લા 1 મહિનાથી બેરોજગાર હોવાથી નાણાંની જરૂરિયાત માટે આ ક્રાઈમમાં જોડાઈ હતી અને તેને પોતાના સ્થાનિક વિસ્તારની જાણકારી હોવાથી તેણે ફૂટપાથ પરના શ્રમજીવીના બાળકને ટાર્ગેટ કર્યું હતું. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ બાળકના અપહરણ પાછળનો મુખ્ય હેતુ નિઃસંતાન દંપતીઓને બાળક વેચવાનો હતો. 1 વર્ષથી ઓછી ઉંમરનું બાળક હોય તો સમાજમાં એવું દર્શાવી શકાય કે આ તેમનું જ બાળક છે અને સરળતાથી સ્વીકૃતિ મળી જાય છે. આ એક આંતરરાજ્ય હ્યુમન ટ્રાફિકિંગ નેટવર્ક હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને કેસની આગળની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી છે. આ મોડ્યુલ પાછળ રહેલા અન્ય મુખ્ય આરોપીઓ અને ટાસ્ક આપનારા બોસ સુધી પહોંચવા અમારી ટીમો અન્ય રાજ્યોની પોલીસ સાથે સંકલન કરીને કામ કરી રહી છે. આ ઉપરાંત સોલા સિવિલ હોસ્પિટલની સુરક્ષા સાથે સંકલન સાધીને હોસ્પિટલ પરિસરમાં બાળકોની સલામતી પર વિશેષ નજર રાખવા પણ સૂચનાઓ આપી દેવામાં આવી છે.

ફૂટપાથ, બ્રિજ નીચે કે બાંધકામ સાઈટ પર રહેતા શ્રમજીવી પરિવારના બાળકો આવા ગુનેગારો માટે સૌથી વધુ સંવેદનશીલ હોય છે. અગાઉ પણ અમે ભિક્ષાવૃત્તિ કરતા બાળકોને રેસ્ક્યૂ કરીને તેમના વાલીઓને શોધી તેમને સોંપ્યા હતા. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ અને સ્થાનિક પોલીસની ટીમો શ્રમજીવી વસાહતોમાં જઈને અવેરનેસ લાવવા માટે સતત કામ કરી રહી છે. પોલીસે શ્રમજીવી વાલીઓને અપીલ કરી કે તેઓ કામ પર જતી વખતે નાના બાળકોને એકલા કે રેઢા ન મૂકે અને કોઈ જવાબદાર સંબંધીની દેખરેખ હેઠળ રાખે. કોઈપણ ઈમરજન્સી કે શંકાસ્પદ પ્રવૃત્તિ જણાતાં તાત્કાલિક 112 નંબર પર પોલીસનો સંપર્ક કરવો જેથી તાત્કાલિક પગલાં લઈ શકાય.

# સાબરમતી રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટનું 85% કામ પૂર્ણ, આગામી માર્ચ સુધીમાં મળશે અત્યાધુનિક સુવિધાઓ

**અમદાવાદ, તા.06**

અમદાવાદમાં અમૃત ભારત યોજના હેઠળ સાબરમતી રેલવે સ્ટેશનને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. હાલ આ પ્રોજેક્ટની 85 ટકાથી વધુ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. રેલવે અધિકારીના જણાવ્યાનુસાર, આગામી માર્ચ 2027 સુધીમાં સ્ટેશનનું સમગ્ર કામ પૂર્ણ કરી દેવાશે. નવા રૂપ-રંગ સાથે આ સ્ટેશન તૈયાર થતાં જ ટ્રેનોનું સંચાલન વધુ ઝડપી બનશે અને મુસાફરોને એરપોર્ટ જેવો આધુનિક અનુભવ મળશે.

પ્લેટફોર્મ નં. 2 અને 3: હાલમાં પ્લેટફોર્મ 2-3 પર બ્લોક લઈને મોટા પાયે કામ ચાલી રહ્યું છે. પ્લેટફોર્મ નં. 1: અહીં બીમ ભરવા, કોન્કોર્સ એરિયાનું મુખ્ય બિલ્ડિંગ સાથે જોડાણ સહિત અડધું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આગામી દિવાળીના તહેવારો પૂર્ણ થયા પછી પ્લેટફોર્મ નંબર 1 પર બ્લોક લઈને બાકી રહેલું કામ પૂરું કરાશે.

અન્ય પ્લેટફોર્મ: સ્ટેશન બિલ્ડિંગ સાથે જોડાયેલા પ્લેટફોર્મ નંબર 4-5 અને 6-7નું કામ અગાઉથી જ પૂર્ણ કરી દેવાયું છે. વિશાળ કોન્કોર્સ એરિયા : મુસાફરોને બેસવા અને સરળ અવરજવર માટે તમામ પ્લેટફોર્મ પર વિશાળ એરિયા.

લિફ્ટ અને એસ્કેલેટર : એક પ્લેટફોર્મથી બીજા પ્લેટફોર્મ પર જવા માટે આધુનિક લિફ્ટ અને એસ્કેલેટરની સુવિધા. નવો ફૂટ ઓવરબ્રિજ (FOB) : મુસાફરોની સરળ અને ઝડપી અવરજવર માટે 12 મીટર પહોળો નવો ફૂટ ઓવરબ્રિજ.

બુલેટ ટ્રેન સાથે જોડાણ : બુલેટ ટ્રેનના મલ્ટી મોડલ હબ સાથે સ્ટેશનનું સીધું કનેક્ટિવિટી જોડાણ. અલગ એન્ટ્રી-એક્ઝિટ : સ્ટેશન પર ટ્રાફિક વ્યવસ્થા સુગમ રાખવા વાહનો માટે પિક-અપ, ડ્રોપ અને પાર્કિંગના અલગ ગેટ. ફૂડ પ્લાઝા અને વેઈટિંગ રૂમ : ઉત્તમ ખાનપાન માટે ફૂડ પ્લાઝા તથા આરામદાયક એસી-નોનએસી વેઈટિંગ રૂમ અને રિટાયરિંગ રૂમ.

ડિજિટલ સુવિધાઓ : હાઈ-ટેક ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ અને આધુનિક પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ. સુરક્ષા અને ગ્રીન એનર્જી : સંપૂર્ણ સ્ટેશન પર CCTV સર્વેલન્સ, ફાયર સેફ્ટી સિસ્ટમ અને સોલાર પાવર પ્લાન્ટ.

# વિરમગામના સચાણામાં મકાનના દરવાજા મુદ્દે જૂથ અથડામણ, 3 ઈજાગ્રસ્ત, 9 લોકો સામે ફરિયાદ

**અમદાવાદ, તા.06**

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના સચાણા ગામમાં નવા બની રહેલા મકાનનો દરવાજો રસ્તા તરફ રાખવા બાબતે ઉગ્ર બોલાચાલી બાદ હિંસક અથડામણની ઘટના સામે આવી છે. સચાણા ગામના રાજપુતવાસમાં નિર્માણાધીન મકાનમાં દરવાજાના મુદ્દે તકરાર વધતાં 9 લોકોના ટોળાએ લાકડીઓ સાથે ધસી આવી પિતા-પુત્ર સહિત ત્રણ વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો.

મળતી માહિતી અનુસાર, સચાણાના રાજપુતવાસમાં મકાન નિર્માણ દરમિયાન દરવાજો રસ્તા તરફ રાખવા અંગે તકરાર થઈ હતી. આ મુદ્દે ઉશ્કેરાઈને અજય ભરવાડ સહિત 9 શખસોનું ટોળું લાકડીઓ જેવા હથિયારો સાથે ધસી આવ્યું હતું. હુમલાખોરોએ ફરિયાદી, તેના પુત્ર અને પિતા નવલસંગ પરમાર પર તૂટી પડીને લાકડીઓ વડે ઢોર માર માર્યો હતો. આ હુમલામાં નવલસંગ પરમારના માથાના ભાગે લાકડીનો જોરદાર ઘા વાગતાં તેઓ લોહીલુહાણ થઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

હુમલાખોરોએ જો મકાનનો દરવાજો તે તરફ મૂકવામાં આવશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઘટના બાદ તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે વિરમગામની શિવ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં માથામાં ગંભીર ઈજા પામેલા વૃદ્ધ નવલસંગ પરમારને ટાંકા આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ હિંસક બનાવ અંગે વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે અજય ભરવાડ સહિત 9 લોકો સામે નામજોગ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે હુમલાખોરો સામે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વીજ વાયર ચોરતી ગેંગનો પર્દાફાશ, લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે 6 શખસો ઝડપાયા

**અમદાવાદ, તા.06**

અમદાવાદ ગ્રામ્ય એલસીબી (LCB) પોલીસને મોટો સપાટો બોલાવતાં સફળતા સાંપડી છે. યુજીવીસીએલ (UGVCL)ના વીજ થાંભલાઓ પરથી 11 KV લાઈનના કિંમતી વાયરની ચોરી આચરતી રાજસ્થાનની આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કરીને પોલીસે 6 આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી 6.50 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં વીજ વાયર ચોરીના બનાવો સતત વધી રહ્યા હતા. જેને પગલે LCBની ટીમે સઘન તપાસ શરૂ કરી હતી. નાઈટ પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે શંકાસ્પદ રીતે ફરી રહેલા 6 શખસોને અટકાવીને પૂછપરછ કરતાં તે ભાંગી પડ્યા હતા અને વાયર ચોરીની વિગતો કબૂલી હતી.

પોલીસે આ ગેંગને ઝડપીને કોઠ અને ધોલેરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા વીજ વાયર ચોરીના 3 ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આરોપીઓ પાસેથી 1080 મીટર એલ્યુમિનિયમ વાયર સહિત કુલ 6.50,127 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ગ્રામ્ય LCB એ તમામ આરોપીઓ વિરૂદ્ધ આગળની ગુનાઈત તપાસ હાથ ધરી છે.

# 'હનીમૂનનો ખર્ચ તારા પિતાએ જ આપવો પડે', ઘાટલોડિયામાં 32 વર્ષીય પરિણીતા પર સાસરિયાનો ત્રાસ, નોંધાઈ ફરિયાદ

**અમદાવાદ, તા.06**

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતી અને આઈટી કંપનીમાં નોકરી કરતી 32 વર્ષીય પરિણીતાને લગ્ન બાદ વિદેશ પ્રવાસના ખર્ચા કરાવવા તેમજ દહેજ પેટે એપલ મોબાઈલ સહિતની વસ્તુઓની સતત માંગણી કરી ઘરમાંથી કાઢી મૂકાઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. સંતાન પ્રાપ્તિ માટે આઈવીએફ ટ્રીટમેન્ટ કરાવવાનો ઈનકાર કરી, માનસિક-શારીરિક ત્રાસ આપી છૂટાછેડા લેવા દબાણ કરાતાં પરિણીતાએ વસ્ત્રાપુરમાં રહેતા પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં

ફરિયાદ નોંધાવી છે.

ઘાટલોડિયામાં રહેતી અને એમબીએ થયેલી 32 વર્ષીય યુવતીના લગ્ન નવેમ્બર 2021માં સામાજિક રીતરિવાજ મુજબ વસ્ત્રાપુર ખાતે રહેતા યુવક સાથે થયા હતા. લગ્ન બાદ જાન્યુઆરી 2022માં માલદીવ્સ હનીમૂન માટે ગયા ત્યારે પતિએ 'હનીમૂનનો ખર્ચ તારા પિતાએ જ આપવો પડે' તેમ કહેતાં યુવતીના પિતાએ તમામ ખર્ચ ભોગવ્યો હતો. ત્યારબાદ નવેમ્બર 2022માં પ્રથમ મેરેજ એનિવર્સરી પર દુબઈ તથા વર્ષ 2023માં હોંગકોંગ અને ગોવા પ્રવાસ દરમિયાન પણ પતિએ હોટલ બુકિંગ સહિતનો અડધો ખર્ચ પરિણીતા પાસેથી જ કરાવ્યો હતો. પરિણીતા નોકરી કરતી હોવાથી ઘરકામ અને સાસુ-સસરાની સેવા કરવા છતાં તેનું આર્થિક શોષણ કરી પગારના નાણાં આપી દેવા દબાણ કરવામાં આવતું હતું.

લગ્નજીવન દરમિયાન સંતાનપ્રાપ્તિ માટે આઈયુઆઈ ટ્રીટમેન્ટ નિષ્ફળ જતાં પરિણીતાના તમામ મેડિકલ રિપોર્ટ સામાન્ય હોવા છતાં પતિએ આગળ આઈવીએફ ટ્રીટમેન્ટ કરાવવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. વર્ષ 2025ની શરૂઆતથી પતિએ શારીરિક-માનસિક અંતર રાખી વાતચીત બંધ કરી દીધી હતી. ઓક્ટોબર 2025માં પતિએ 'તને પત્ની તરીકે રાખવી નથી' તેમ કહી છૂટાછેડા આપી ઘર છોડી જવાનું કહીને મારઝૂડ કરી હતી. આ દરમિયાન સાસુએ પણ પુત્રનો પક્ષ લઈ ત્રાસ આપ્યો હતો.

પિતા પાસેથી AC અને એપલ ફોન અપાવ્યા બાદ પણ સાસરિયાંનો ત્રાસ ચાલુ રહ્યો હતો. ડિસેમ્બરમાં પરિણીતાનું બ્લડ પ્રેશર ઘટી જતાં પિતા તેને સારવાર માટે ઘરે લઈ ગયા હતા. બાદમાં સમાધાન માટે પહોંચેલા પિતા-પુત્રીને ગાળો આપી કાઢી મૂકાયા હતા. આખરે કંટાળીને પરિણીતાએ આ મામલે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ગુજરાતનાં વૈષ્ણોદેવી ભક્તો માટે ગુડ ન્યૂઝ! સાબરમતી-જમ્મુ તવી ટ્રેન હવે સીધી કટરા જશે

**અમદાવાદ, તા.06**

સાબરમતીથી ઉપડતી ટ્રેન નંબર 19223 (સાબરમતી-જમ્મુ તવી એક્સપ્રેસ)ના રૂટમાં મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. આગામી 18 ઓક્ટોબર 2026થી આ ટ્રેન હવે જમ્મુ તવી સુધી જ મર્યાદિત રહેવાને બદલે સીધી માતા વૈષ્ણોદેવી કટરા (SVDK) સ્ટેશન સુધી જશે. તેવી જ રીતે, વાપસીમાં ટ્રેન નંબર 19224 કટરાથી સાબરમતી બીજી એક્સપ્રેસ 20 ઓક્ટોબર 2026થી કટરાથી જ રવાના થશે.

અગાઉ આ ટ્રેન મુસાફરોને સાંજે 18:40 વાગ્યે જમ્મુ તવી સ્ટેશન પર ઉતારતી હતી. ત્યાંથી કટરા સ્થિત બાણગંગા બેઝ કેમ્પ સુધી જવા માટે શ્રદ્ધાળુઓએ 50 કિલોમીટરનું અંતર કાપવા માટે અલગથી બસ કે ટેક્સી પકડવી પડતી હતી. મોડેથી પહોંચતી વખતે વિશેષ કરીને વડીલો અને બાળકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો અને પ્રતિ સવારી 300થી 500 રૂપિયા સુધીનો વધારાનો ખર્ચ પણ થતો હતો. હવે ટ્રેન સીધી કટરા પહોંચવાથી મુસાફરોના 2થી 3 કલાક અને નાણાં બંનેની બચત થશે.

આ ટ્રેન ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને જમ્મુ-કાશ્મીર રાજ્યના વિવિધ પ્રમુખ સ્ટેશનો પરથી પસાર થશે. જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રમાં આ ટ્રેન સાંભા, બારી બ્રાહ્મણ અને શહીદ કેપ્ટન તુષાર મહાજન (ઉધમપુર) સ્ટેશનો પર પણ રોકાશે.

કટરા રેલવે સ્ટેશન સીધું વૈષ્ણોદેવીની ચઢાઈના મુખ્ય બેઝ કેમ્પ એટલે કે બાણગંગાની નજીક આવેલું છે. સ્ટેશન પરિસરમાં જ યાત્રા રજીસ્ટ્રેશન કાઉન્ટર, ક્લોક રૂમ, પ્રી-પેડ ઓટો અને હોટેલ જેવી સુવિધાઓ સરળતાથી મળી રહે છે. આ ઉપરાંત અહીંથી તારાકોટ માર્ગ, બાણગંગા અથવા સાંઝી છત માટે હેલિપેડ કે રોપવે પોઈન્ટ સુધી પહોંચવું પણ ખૂબ જ સરળ બની જશે. આ ટ્રેન ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને જમ્મુ-કાશ્મીર રાજ્યના વિવિધ પ્રમુખ સ્ટેશનો પરથી પસાર થશે. જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રમાં આ ટ્રેન સાંભા, બારી બ્રાહ્મણ અને શહીદ કેપ્ટન તુષાર મહાજન (ઉધમપુર) સ્ટેશનો પર પણ રોકાશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599